ગુરુદર્શન

મણિલાલ ન. દોશી, બી. એ.
અમદાવાદ.

ગુરૂદર્શન.

લેખક તથા પ્રકાશક:
શ્રીયુત મણિલાલ ન. દોશી. બી. એ.
અમદાવાદ.

મૂલ્ય આઠ આના.

આવૃત્તિ ત્રીજી.
સન ૧૯૨૮

બરોડા રાજ્યના કેળવણી ખાતાએ
લાયબ્રેરી તથા ઈનામ વાસ્તે
મંજુર કરેલું
અને
સરકારી કેળવણી ખાતાએ પ્રાયમરી
સ્કુલોમાં લાયબ્રેરી માટે મંજુર
કરેલું પુસ્તક.

મુદ્રણસ્થાન :
ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસ
સલાપોસ રોડ—અમદાવાદ.
મુદ્રક :
પરીખ દેવીદાસ છગનલાલ.

અર્પણ.

आनन्दमानन्दकरं प्रसन्नम्
ज्ञानस्वरूपं निजबोधयुक्तम् ।
योगीन्द्रमीड्यं भवरोगवैद्यम्
श्रीमद्गुरु नित्यमहं नमामि ॥

એજ

ગુરૂદેવને

સ્વપ્નમાં થયેલા એમના શ્રીદર્શનદ્વારા મળેલા

ઉપદેશના સંગ્રહરૂપ

આ પુસ્તક ભક્તિપૂર્વક

અર્પણ હો !

ઉપોદ્‌ઘાત.

આ નાનકડા પુસ્તકને ઉપોદ્‌ઘાતની જરૂર નથી, પણ દરેક પુસ્તક વાચક વર્ગ હાથ ધરે, તે પહેલાં તે પુસ્તક રચવામાં લેખકનો શો આશય છે, અને તે પુસ્તકમાં કયા વિષયોનું વર્ણન આવેલું છે, તે જાણવાને તે અભિલાષા રાખે છે; અને આવી સ્વાભાવિક રીતે હૃદયમાં જાગૃત થતી અભિલાષા તૃપ્ત કરવા આ ઉપોદ્‌ઘાત રૂપે બે બોલ લખવામાં આવે છે.

હાલનો સમય ધાંધલ, ઉતાવળ અને દોડાદોડનો છે. મને અવકાશ નથી, એવું બ્હાનું સામાન્ય થઇ પડયું છે. જે કાર્યનું ફળ તરત મળે તેવા કાર્યો કરવા લોકોની પ્રવૃત્તિ વિશેષ થતી જાય છે, અને જે મનુષ્ય અલ્પ સમયમાં ગમે તેવાં સાધનોનો આશ્રય લેઇ, ધન પ્રાપ્ત કરે કે પોતાના કાર્યમાં ફત્તેહમંદ થાય, તેની કીર્તિ હેલી સ્તુતિ કરે છે. લોકો માન આપે કે વાહવાહ બોલે એવાં કાર્યો કરવા સર્વ કોઇ દોરાય છે. જો ચીનના પ્રાચીન તત્ત્વવેત્તાના શબ્દોમાં કહીએ તો* "તેણે ઈંડા તરફ નજર કરી, અને તેજ વખતે તે બોલે એમ ઇચ્છયું" એવું વર્તન આ જમાનાના લોકોમાં જોવામાં આવે છે. આવા ધાંધળીઆ અને અલ્પ સુખને સારૂ વિશેષ પ્રયત્ન થતો હોય તેવા સમયમાં ચિર કાળ ટકી શકે તેવું સુખ પ્રાપ્ત કરવાના માર્ગ તરફ જનસમુદાયનું લક્ષ દોરવવું એ હિતકારી છે, એમ હૃદયથી માની આ પુસ્તક લખવાની યોજના કરવામાં આવી છે.

વળી નૈતિક કેળવણીની આવશ્યકતા છે, અને તે પણ માનસિક કેળવણી કરતાં પણ વિશેષ છે, એવો પોકાર ચારે તરફથી સાંભળવામાં

* "He looked at an egg and wished it to crow."

આવે છે. નીતિનાં અનેક પ્રકારનાં પુસ્તકો હાલમાં પ્રસિદ્ધ થતાં જાય છે, છતાં તે પુસ્તકોની જોઇએ તેવી અસર જનસમાજપર થતી નથી, તેનું ખરૂં કારણ શું તે વિચારવા જેવો પ્રશ્ન છે. તેનું મને તો કારણ એ જણાય છે કે, નીતિનો **પાયો શો** છે તે બરાબર સમજાવવામાં આવતું નથી હોતું અને તેથી પાયાવગરની નીતિ ટકી શકતી નથી. માટે આ લઘુ પુસ્તકમાં (અને તેમાં ખાસ કરીને ત્રીજા પ્રકરણમાં) નીતિ અને તત્ત્વજ્ઞાનને શો સંબંધ છે, અને તત્ત્વજ્ઞાન ઉપરથી નીતિનાં સિદ્ધાંતો કેવી રીતે ફલિત થાય છે, તે બનતા પ્રયત્ને બતાવવામાં આવ્યું છે. તે પ્રયત્નમાં કેટલે અંશે સફળતા મળી છે તે વિચારવાનું કામ હું વાચક વર્ગને સોપુંછું.

કોઇ પણ અમુક ધર્મને ઉદ્દેશીને નહિ પણ આર્યપ્રજાને માન્ય તત્ત્વો અને સિદ્ધાંતો આ પુસ્તકમાં ચર્ચવામાં આવ્યાં છે અને લોકો બરાબર સમજી તે પ્રમાણે ચાલી શકે તેવા માર્ગો સ્વાનુભવ પ્રમાણે બતાવવામાં આવ્યા છે. સ્થળે સ્થળે યોગ્ય દૃષ્ટાંત પણ આપવામાં આવ્યાં છે.

વડોદરા રાજ્યના કેળવણી ખાતાએ આ પુસ્તકને લાયબ્રેરી તથા ઇનામ માટે મંજુર કર્યું છે, અને સરકારી કેળવણી ખાતાએ પ્રાયમરી સ્કુલોમાં લાયબ્રેરી વાસ્તે મંજુર કર્યું છે. તેનું હિંદી ભાષામાં ભાષાંતર થવા પામ્યું છે.

રતનપોળ, **અમદાવાદ.**
તા. ૧-૧૦-૨૮.

મણિલાલ નથુભાઈ દોશી.

ગુરૂદર્શન.

અનુક્રમણિકા.

ગુરૂદર્શન

યાને

સપ્ત સુવર્ણમય કુંચીઓ.

પ્રકરણ ૧ લું.



સમય રાત્રિનો હતો. આકાશમાં પુર્ણિમાનો ચંદ્ર સંપૂર્ણ કળાએ પ્રકાશતો હતો. શિયાળાની ઠંડી રાત્રિમાં સર્વ લોક નિરાંતે સૂઇ રહ્યા હતા. રાત્રિના બાર વાગ્યા હતા. હું સંપૂર્ણ સ્વપ્નાવસ્થામાં છું એવું મને ભાન થવા લાગ્યું, પણ અર્ધ જાગૃત અને અર્ધ સ્વપ્ન અવસ્થાવાળી સ્થિતિમાં હું હતો. ચક્ષુ ઉઘાડી ચારે બાજુએ દૃષ્ટિ ફેરવતાં કોઇ દિવ્ય આકૃતિવાળો પુરૂષ મારી તરફ આવતો જણાયો. તે મહાન્ પુરૂષના ભવ્ય અને તેજસ્વી આકારને જોતાંજ સ્વાભાવિક રીતે હું સાષ્ટાંગ નમી પડયો, અને હૃદયવિનોદ નામના પુસ્તકમાં વર્ણવેલા દયાસાગર મહાપુરૂષની સમીપમાં હું ઊભો છું, એવું મને તે ક્ષણે ભાન થવા લાગ્યું.

અગણ રવિતણી જે કાંતિને ઝંખવે છે,
નયનકમળ જેનાં નિત્ય સુધા સ્ત્રવે છે;
સકળ ગુણતણા જે સોહ્ય ભંડાર શ્રેષ્ઠ,
સમીપ ઠરી શકે જ્યાં વસ્તુ ના એક નેષ્ઠ.

હૃદય અતિ દયાથી ઊભરાતું સુંહાળું,
પ્રસન વદન પ્રાણી માત્રને છે કૃપાળુ;
ગભીર ઉદધિ દિસે, જ્ઞાનનો જે અનન્ત,
અહરનિશ મુમુક્ષુ સેવતા શિષ્ય સન્ત.
પરહિત ચિત જેને સ્થાયી નિત્યે વસે છે,
શુભ પરઉપકારી શ્રેષ્ઠ મૂર્તિ લસે છે;
પરમપદ તજ્યું છે વિશ્વ કલ્યાણ કાજે,
નિત ચિત અતિ ચિંતે, વિશ્વ ઉદ્ધારવા જે.

એક પણ શબ્દ મારાથી બોલી શકાયો નહિ. તે સમયે તે કૃપાળુ ગુરૂદેવે પ્રસન્ન વદને મને બોલાવ્યો. તેમના મુખકમળમાંથી નીકળેલી સુધાતુલ્ય વાણીથી મને જરા હીંમત આવી, અને મારા મુખમાંથી નીચે જણાવેલા ઉદ્‌ગારો નીકળી પડયાઃ

"હે કૃપાળુ દેવ! હે ભક્તવત્સલ ગુરો! મેં નિશ્ચય કર્યો છે, હું જ્ઞાન મેળવવા આતુર છું. ગુપ્ત જ્ઞાનના માર્ગ આગળ રહેલો અજ્ઞાનનો પડદો તમે ચીરી નાંખ્યો છે, અને જે વિષમ (કઠણ) માર્ગે ચઢી મહાત્માઓ-જ્ઞાનીઓ મોક્ષ પદ પામવાને શક્તિમાન્ થયા, તે માર્ગ પર પ્રકાશ નાંખી તમે સેવકપર અત્યંત ઉપકાર કર્યો છે. આ તમારો શિષ્ય વધારે જ્ઞાન મેળવવાને, તેમજ તમે જણાવેલા માર્ગ પર નીડરપણે ચાલવાને ઉત્સુક થયો છે. માટે હે દયાસાગર ગુરો! આ સેવકને આવા વિકટ માર્ગપર ચાલવાને જોઇતું ધૈર્ય આપો."

ગુરૂદેવ પણ પોતાના દયામય જાતિસ્વભાવથી મારા ઉપર કૃપા લાવી પ્રેમથી ઉભરાતી જતી આંખો મારી તરફ ફેરવી બોલ્યાઃ "હે શિષ્ય! તેં આ વિકટ માર્ગપર ચાલવાને દૃઢ નિશ્ચય કર્યો છે, તે તારા લાભને અર્થેજ છે. આ વિકટ કાર્ય સારૂ તું તૈયાર થા. ગુરૂ તો ફક્ત માર્ગ બતાવી શકે, પણ તે માર્ગપર ચાલવાનું કામ તારૂં છે. સર્વને વાસ્તે રાજમાર્ગ એકજ છે, પણ તે માર્ગ પ્રાપ્ત કરવાના રસ્તાઓ

ke પુરૂષના સ્વભાવ પ્રમાણે જૂદા જૂદા છે. આવા વિવિધ રસ્તા
કી તારી રૂચિ કયા રસ્તામાં છે? હે દૃઢ હૃદયવાળા શિષ્ય! તારે કયો
ાર્ગ ગ્રહણ કરવો છે? તારે ચાર પ્રકારના ધ્યાનનો માર્ગ સ્વીકારવો
કે ષડ્ સદ્‌ગુણોનો માર્ગ પસંદ કરવો છે? મોક્ષરૂપ ઉચ્ચ પદ
ળવવાને ચાર પ્રકારના ધ્યાનનો માર્ગ સરલ નથી. જે મનુષ્ય તે માર્ગે
ાલી ઇષ્ટસિદ્ધિ કરી શકે છે તે ખરેખર દુષ્કર કાર્ય કરે છે. પણ કેવળ-
ાનરૂપ સાતમું પગથીયું જે સદ્‌ગુણોથી મેળવી શકાય, તે છ સદ્‌-
ણોનો માર્ગ તો તેથી પણ બહુજ વિકટ છે. વૃક્ષવિનાના ઉભા સીધા
ર્વત ઉપર ટેકા વગર ચડવું જેટલું મુશ્કેલ છે, તેના કરતાં પણ આ
ાર્ગપર ચાલવું અનંતગણું દુષ્કર છે. પણ હે શિષ્ય! તું જરા પણ
ભરાતો નહિ, જરા પણ હીંમત હારતો નહિ; કારણ કે અમે પણ
થમ તારા જેવાજ સામાન્ય મનુષ્યો હતા. આત્મશક્તિમાં વિશ્વાસ
ાખી સન્માર્ગે ચાલવાના પ્રયત્નથી આવી સ્થિતિ અમે પ્રાપ્ત કરી શક્યા
ીએ. માટે ધૈર્ય રાખજે, અને માર્ગમાં વિઘ્ન આવે તોપણ જરાએ
ગતો નહિ. હે મુમુક્ષુ! તારે સાત દરવાજાની અંદર થઇ પસાર થવું
ડશે; અને તે દરવાજાના રક્ષપાળો મારદેવના દૂતો છે; તેઓનાં નામ
નુક્રમે કામ, **ક્રોધ**, **લોભ**, **માન**, **માયા**, **અજ્ઞાન** અને અશ્રદ્ધા છે.
મૂર્તિમંત દૂતો છે, તેમની સામે તારે બહાદૂરીથી લડવું પડશે; પણ
ાત્માની શક્તિમાં દૃઢ શ્રદ્ધાવાળા શિષ્ય! ધૈર્ય રાખ, ઉચ્ચ નિયમને
ારા હૃદયમાંથી ક્ષણવાર પણ વિસારતો નહિ. ગમે તેટલાં સંકટ સન્માર્ગે
ાલતાં સહેવાં પડે, છતાં તારા દૃઢ નિશ્ચયથી જરા પણ ડગતો નહિ.
ેકવાર તું સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે, એકવાર સદ્ અને અસદ્ તેમજ
ણિક અને શાશ્વત વસ્તુનો ભેદ સમજી શકે, એકવાર તું નિર્વાણ સુધી
હેતા ઝરામાં પગ મૂકી શકે **તો પછી** તારા વાસ્તે જન્મમરણના
ક્રમાંથી મુક્ત થવાનો સમય સમીપ આવ્યો છે, એમ તું નક્કી સમજજે."

"હે દૈવી જ્ઞાનના જિજ્ઞાસુ! તારી દૃષ્ટિ ફેરવ, તને તારી દૃષ્ટિ
આગળ શું શું દેખાય છે તે મને નિવેદન કર." ગુરૂદેવે કહ્યું.

મેં નમ્ર અવાજે કહ્યું "હે પરમ કૃપાળુ પ્રભો! માયાના સમુદ્ર પર અજ્ઞાનનો પડદો પડેલો, હે દેવ! હું જોઉંછું. મારી દષ્ટિ આગળ તે સમુદ્ર વધારે ઉંડો ને ઉંડો જતો ભાસે છે. પણ તમારો હાથ હાલવાથી તે અદૃશ્ય થતો દેખાય છે. સર્પના જેવી અજ્ઞાનની છાયા વીખરાઇ જતી જણાય છે. તે છાયા વૃદ્ધિ પામી અંધકારમાં વિનાશ પામે છે. હે દયાનિધે! હવે તે માર્ગ મારી સન્મુખ ખુલ્લો ભાસે છે, તેની તલેટી મિથ્યાત્વ–અજ્ઞાનમાં દટાઇ ગઇ છે, અને તેનું શિખર નિર્વાણના પ્રકાશિત તેજમાં અંજાઇ ગયું છે. કોઇ દિવસ નહિ જોયેલા એવા ઉચ્ચ જ્ઞાનના સાંકડા ને સાંકડા થતા દરવાજા પર મારી દષ્ટિ હવે પડી શકે છે."

"હે સુજ્ઞ શિષ્ય! તું તે દરવાજા જોઇ શકે છે, તેજ તારા કલ્યાણને વાસ્તે છે. આ દરવાજામાંથી જેઓ નિર્વિઘ્ને પસાર થાય છે તેઓ સંસારના માયારૂપી વમળવાળા સાગરને તરી ગયા છે. દરેક દ્વાર ખુલ્લું કરવાની સુવર્ણની એક એક કુંચી છે. તને યોગ્ય અધિકારી ધારી એ કુંચીઓ હું સોંપું છું; તેનો તું રૂડો ઉપયોગ કરજે. પ્રથમ કુંચી **દાનની**, બીજી **શીલની**, ત્રીજી **ક્ષાન્તિની**, ચોથી **વૈરાગ્યની**, પાંચમી **વીર્યની**, છઠ્ઠી **ધ્યાનની** અને સાતમી **પ્રજ્ઞા** (**જ્ઞાન**) ની છે. આ સાત કુંચીઓથી સાત દરવાજાનાં દ્વાર ઉઘડી જશે; અને તું તે દરવાજામાં પસાર થતાં ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળના સર્વ પદાર્થો અને ભાવો જાણી શકીશ. હે સુમતિમાન્ શિષ્ય! **તારા જ્ઞાનનો સદુપયોગ કરજે** અને તારાથી આધ્યાત્મિક જ્ઞાનમાં નીચાં પગથીયાં પર ઊભેલા તારા માનવબંધુઓને તારા જ્ઞાનથી સહાય આપજે. જ્ઞાન ગર્વ માટે નથી, પણ અજ્ઞાનને દૂર કરવા માટે છે, એ સિદ્ધાન્ત કદાપિ તારા હૃદયથી દૂર રાખતો નહિ. અધિકારી જાણી આપેલા જ્ઞાનનો યોગ્ય પાત્ર થજે, અને એકાગ્રવૃત્તિથી તેમજ ઇન્દ્રિયોના વિષયથી મનને પરાઙ્મુખ કરી દરેક કુંચી ઉપર મનન કરજે. સામાન્ય ભાસતી આ કુંચીઓમાંથી તને ઘણું જ્ઞાન અને

અનુભવ થશે. છેવટે તારા આત્માની શક્તિમાં દૃઢ વિશ્વાસ રાખી વર્તજે, અને જે જે સિદ્ધિઓ—શક્તિઓ આ માર્ગે ચાલતાં તને મળે તેનો જનસમાજના કલ્યાણ અર્થે ઉપયોગ કરજે." આ પ્રમાણે મધુર શબ્દોમાં ગુરૂદેવે ઉપદેશ આપ્યો.

ઉપર જણાવેલા શબ્દો સાંભળતાંજ મારા આનંદનો પાર રહ્યો નહિ. વારંવાર હું ગુરૂદેવની પ્રાર્થના કરતો હતો કેઃ—

ક્યારે ક્યારેરે થાશું ભાગ્યશાળી,
શ્રીસદ્ગુરૂજીના શુભ દર્શન કરશું નિહાળી નિહાળી રે, ક્યારે.

આતુરતા નથી સહન થતી રે, પ્રગટો કાંઇ સંસ્કાર;
અંતરમાં અજવાળું થાયે, ટળે તિમિર તત્કાળ. ક્યારે.

પળપળ રટણ કરૂં સદ્ગુરૂજી, હૃદય મૂર્તિ તવ સ્થાપી,
કૃપાનિધિ હે કરો કૃતારથ, નિજ શુભ દર્શન આપી. ક્યારે.

આ શબ્દો આજે અનુભવેલા દેખી જે આનંદ અને સંતોષ મને થયા, તે વર્ણવવાને મારી પાસે પુરતા શબ્દો નથી. પણ તે સત્સ્વપ્નનો વિચાર કરતાં કરતાં હું ભરનિદ્રામાં પડયો. સુભાગ્યે પ્રાતઃકાળમાં જ્યારે હું જાગૃત થયો, તે સમયે ગુરૂદેવની દિવ્ય મૂર્તિ અને તેમણે આપેલો ઉપદેશ મારા હૃદયચક્ષુ આગળ તરવા લાગ્યાં. હું સંસાર વ્યવહારમાં ફરીથી જોડાયો તે પહેલાં તે સ્વપ્ને—તે **ગુરૂદર્શને** મારા આધ્યાત્મિક જીવન ઉપર જે અસર કરી છે તે શી રીતે વર્ણવવી તે મને સૂઝતું નથી. હું ઇચ્છું છું કે સકળ જગત્ તે ઉપદેશનો ગંભીર અર્થ યથાર્થ સમજી શકે, તેમજ તેમાં જણાવેલા માર્ગનો અનુભવ કરવાને યોગ્ય થાય. એક પછી એક તે સાતે કુંચીઓનો ગર્ભિત અર્થ આપણે વિચારીશું.

પ્રકરણ ૨ જું.

પ્રથમ કુંચી દાન.

ગુરૂદર્શનનો સારો યોગ થયો, તથા તેમણે આપેલો ઉપદેશ જે સદ્દભાગ્યે પ્રાતઃકાળમાં મારી સ્મરણશક્તિમાં રહ્યો હતો, તે સર્વ પ્રથમ પ્રકરણમાં જણાવવામાં આવ્યું છે. જે દરવાજામાં પસાર થવાથી ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળ સંબંધી સંપૂર્ણ જ્ઞાન મળે તે દરવાજાને ઉઘાડવામાં ઉપયોગી લાગે તેવી સાત સુવર્ણની કુંચીઓ સંબંધી આપણે વિચાર કરવાનો છે. તેમાંથી પ્રથમ કુંચી જે **દાનની** છે તે સંબંધી આ પ્રકરણમાં વિચાર કરીશું.

દાનની વ્યાખ્યા.

જૈનધર્મમાં ધર્મના જે ચાર પ્રકાર બતાવવામાં આવ્યા છે તેમાં દાનને પ્રથમ પદ આપવામાં આવ્યું છે. દાન શબ્દ સંસ્કૃત ધાતુ **દા** ઉપરથી થયેલો છે. **દા**નો અર્થ આપવું એવો થાય છે. આ ઠેકાણે દાન શબ્દ તેના આ સાંકડા વિચારના અર્થમાં વપરાયો નથી, પણ જે પ્રેમને લીધે, જે હૃદયની આર્દ્રતાને લીધે, મનુષ્ય દાન કરવાને પ્રેરાય છે તે સર્વનો દાન શબ્દમાં સમાવેશ કરવામાં આવેલો છે. બીજા શબ્દોમાં કહીએ તો "આપવું અને આપવાની વૃત્તિ" એ બે ભાવો દાન શબ્દથી સમજવાની જરૂર છે. પ્રેમને લીધે મનુષ્ય સામા પુરૂષનું દુઃખ દૂર કરવા પ્રયત્ન કરે છે. દાનનો હેતુ પણ જે જે વસ્તુઓના અભાવે મનુષ્ય આ જગત્‌માં દુઃખ અનુભવે છે તે તે પુરી પાડી તે મનુષ્યનું દુઃખ દૂર કરવાનો છે.

દાનની જરૂર.

સર્વ આત્માઓ સત્તાએ, સ્વરૂપમાં એક સરખા છે, પણ આત્માઓ ઉન્નતિક્રમનાં જૂદાં જૂદાં પગથિયાંપર ઉભેલા હોવાથી, તેમજ જીવોનાં કર્મ ભિન્નભિન્ન હોવાથા તેઓ જૂદીજૂદી સ્થિતિમાં માલુમ પડે છે. કેટલાક સુખી તો કેટલાક દુઃખી ભાસે છે; કેટલાક વિદ્વાન તો કેટલાક અભણ જણાય છે; કેટલાક સદ્‌ગુણી તો કેટલાક દુર્ગુણી નજરે પડે છે; કેટલાક બળવાન્ તો કેટલાક નિર્બળ દેખાય છે. આ પ્રમાણે મનુષ્યોની સ્થિતિમાં રહેલો ભેદ જગત્ તરફ સહેજ પણ દૃષ્ટિ કરનારને જણાઇ આવે છે. માટે જેઓ દુઃખી છે અભણ છે, દુર્ગુણી છે, અને નિર્બળ છે તેમને મદદની જરૂર છે. અને દાન તે મદદ પૂરી પાડવાનું સાધન છે.

ત્રણ પ્રકારના મનુષ્યો.

કાર્ય કારણનો અચળ નિયમ જેને ધર્મશાસ્ત્રો કર્મનો નિયમ કહે છે, તદનુસાર જગતુમાં ત્રણ પ્રકારનાં મનુષ્યો આપણે જોઇએ છીએ.

(૧) કેટલાકને જન્મથીજ સારા નીતિવાળા સંજોગોમાં તથા ધન વૈભવમાં ઉછરવાનો પ્રસંગ મળેલો છે, તેવા સદાચારી ધનવાન્ પુરૂષો. (૨) કેટલાક ગરીબ માતપિતાના ગૃહમાં જન્મ પામે છે, અને જેમને કેળવણી મેળવવાનો તથા નીતિના સિદ્ધાંતો સમજવાનો અને તે પ્રમાણે વર્તવાનો પ્રસંગ આખી જીંદગીમાં પણ મળતો નથી, તેવા ગરીબ મનુષ્યો. (૩) જે મનુષ્યો સારી સ્થિતિમાં જન્મેલા હોય પણ તેમના કુકર્મને લીધે અથવા દૈવવશાત્ માઠી સ્થિતિમાં આવી પડ્યા હોય તેવા પતિત પુરૂષો.

તેમના પ્રતિ આપણું કર્તવ્ય.

જે ધનવાન્ મનુષ્યો સદાચારી છે, એટલે જેઓ પ્રથમવર્ગમાં આવેલાં છે તેમને જોઇ હૃદયમાં આનંદ ધરવો પણ તેમની ઇર્ષ્યા કે નિન્દા કરવામાં નકામો સમય ગુમાવવો નહિ. બીજા પ્રકારનાં મનુષ્યો

જેઓ ગરીબ છે, તેમનું દુઃખ દૂર કરવા યથાશક્તિ દાન આપવું અને તેમને નીતિના સિદ્ધાંતો સમજાવી સન્માર્ગે વાળવા. શક્તિ છતાં દાન આપવાનું સામર્થ્ય છતાં જો દાન આપવામાં ન આવે તો તે એક પ્રકારનું ઘાતકીપણું છે. **ગુપ્તનાદ** નામના આધ્યાત્મિક વિષયને લગતા પુસ્તકમાં લખ્યું છે કે*—'જે મનુષ્યો દયાના કામમાં પ્રવૃત્તિ કરતા નથી, તેઓ ભયંકર પાપના કાર્યમાં ભાગ લેનારા ગણી શકાય.' માટે પોતાની શક્તિઅનુસાર દુઃખીનું દુઃખ દૂર કરવા પ્રયત્ન કરવો. ત્રીજા વર્ગનાં મનુષ્યો જેઓ અન્યાય માર્ગે વળેલાં છે, અને ખરાબ સ્થિતિમાં આવી પડેલાં છે, તેઓ પણ દયાને પાત્ર છે. સદ્ધર્મ નહિ જાણવાને લીધેજ મનુષ્યો ખરાબ રીતે પ્રવૃત્તિ કરે છે અને અધમ અવસ્થામાં આવી પડે છે. માટે તેવા અજ્ઞાની પુરૂષો ધિક્કારને પાત્ર નથી પણ દયાને પાત્ર છે.×

દાનના પ્રકાર.

હવે દાનના કેટલા પ્રકાર છે તેનો આપણે વિચાર કરીએ. જગતની સ્થૂળ વસ્તુઓનું દાન, વિદ્યા દાન, ધર્મદાન અને અભયદાન. જે મનુષ્યના શરીરમાં ભૂખને લીધે ખાડો પડેલો છે, જેનો કંઠ જળ વિના સુકાઇ જાય છે, અથવા જે શરીરે રોગગ્રસ્ત છે, તેવા મનુષ્યોનું દુઃખ પ્રથમ દૂર કરવાની જરૂર છે. કારણ કે જ્યાં સુધી શરીર સારી સ્થિતિમાં નહિ હોય ત્યાં સુધી મનુષ્યને વિદ્યા તથા ધર્મ તરફ શી રીતે રૂચિ થઇ શકે? માટે અન્ન, પાન અને ઔષધ વગેરેથી તેમનું દુઃખ દૂર કરવું. પણ અન્નપાનના દાન કરતાં વિદ્યાદાન અધિક છે. કહ્યું છે કે—

अन्नदानं परं दानं विद्यादानमतः परम्।
अन्नेन क्षणिका तृप्तिर्यावज्जीवं त विद्यया॥

---

* "Inaction in an act of mercy is an action in a a deadly sin"—Voice of the Silence.

× Ignorance is to be pitied and not scorned.

અર્થ:—અન્નદાન એ ઉત્તમ દાન છે, પણ વિદ્યાદાન તેથી અધિક છે. અન્નથી તો ક્ષણિક સંતોષ થાય છે, પણ વિદ્યાથી તો માણસ જીવે ત્યાં સુધી સંતોષ થાય છે. વિદ્યાને લીધે જે માનસિક સુખ તેના ભક્તોને મળે છે તેનો, કેવળ ઇંદ્રિયોના વિષયમાં આસક્ત થયેલા પુરૂષોને સ્વપ્ને પણ ખ્યાલ આવવો મુશ્કેલ છે; પણ ધર્મનું દાન તો વિદ્યાદાન કરતાં પણ અધિક છે. કારણ કે કેવળ પ્રાપંચિક—જગત્‌ના વ્યવહારમાં ઉપયોગી લાગે તેવા—જ્ઞાનથી મનુષ્ય પોતાના ઉપર આવી પડતા દુઃખમાંથી કેટલેક અંશે પોતાનો બચાવ કરી શકે, પણ જન્મમરણના ચક્રમાંથી મુક્ત થવાને અને શાશ્વત આનંદના સ્થાનરૂપ નિર્વાણદશા મેળવવાને સારૂ તો ધર્મના સિદ્ધાંતોનું જ્ઞાનજ જરૂરનું છે; અને તે કારણથીજ ધર્મના સિદ્ધાંતોનો ઉપદેશ કરનાર ગુરૂઓ તરફ લોકો બહુજ પૂજ્યભાવથી જોતા આવ્યા છે અને જુએ છે. અભયદાનને ધર્મશાસ્ત્રોમાં મોટું પદ આપવામાં આવ્યું છે તેનું કારણ એજ કે મનુષ્યમાત્રને પોતાના શરીર ઉપર અતિશય મમતા હોય છે અને નાના બાળકથી તે વૃદ્ધસુધી દરેક પ્રાણી મરણના સપાટામાંથી બચવા ઇચ્છા રાખે છે, અને તે કારણથીજ મરણ કાંઠે આવેલા મનુષ્યને અભયદાન આપી તેનો જીવ બચાવનાર પરમ ઉપકારી ગણવામાં આવે છે. પણ અભયદાન કરતાં પણ ધાર્મિક દાનને વધારે ઉત્તમ ગણીએ તો તે જરા પણ અયોગ્ય કહેવાય નહિ. અભયદાનથી મનુષ્ય થોડા સમયને સારૂ મરણના પંઝામાંથી છુટે છે, પણ વ્હેલા મોડા સૌને મરવાનું તો છે. તે પળે નહિ તો થોડા સમય પછી પણ તે મરણને શરણ થાય છે. ભગવદ્‌ગીતામાં લખ્યું છે કે—**जातस्य हि ध्रुवो मृत्युः** જન્મનારને મરણ તો નક્કીજ છે. માટે જે જ્ઞાનથી ફરીથી જન્મ લેવો ન પડે તેવું જ્ઞાન આપનાર ધર્મનું દાનજ સૌથી ઉત્તમ પ્રકારનું છે. ધર્મના ઉત્તમ શિક્ષણથી માણસના વિચાર તથા જીવન ઉપર એવી છાપ પડે છે, તથા આચારવિચારમાં એટલી બધી ઉચ્ચતા આવે છે કે મનુષ્યને થોડા જન્મ પછી, અને કેટલાકના સંબંધમાં તો તેજ જન્મ પછી,

ફરીથી જન્મ લેવો પડતો નથી. જેને જન્મ નથી તેને મરણ નથી. માટે મરણથી ઉગરવા કરતાં જન્મ ન લેવો પડે તે માર્ગ વધારે ઉત્તમ છે. આ રીતે અધ્યાત્મવિદ્યાનું—ધર્મના ઉચ્ચ સિદ્ધાંતોનું—દાન મનુષ્યને જન્મમરણના ફેરામાંથી મુક્ત કરનાર હોવાથી સૌથી ઉત્તમ છે, અને તેનો આપનાર ખરેખરો દાની છે. જૈનોના ચોવીશમા તીર્થંકર શ્રીમન્મહાવીર સ્વામીએ ગૃહસ્થાવાસમાં રહી જે સાંવત્સરિક દાન આપ્યું હતું અને તેથી અન્યજનો ઉપર જે ઉપકાર તેમણે કર્યો હતો, તેના કરતાં અનન્તગણો ઉપકાર તે પોતાના જ્ઞાનામૃત રૂપ ઉપદેશથી કરવા શકિતમાન્ થયા હતા. તેમણે આપેલા ઉપદેશથી તે સમયના લોકોને લાભ થયો હતો તેટલુંજ નહિ પણ ત્યાર પછીથી તે હાલ સુધી અનેક જનો તેમના શિક્ષણથી સન્માર્ગે ચાલવાને દોરાયેલા છે અને ભવિષ્યમાં કેટલા જનો તે માર્ગે ચાલી આત્મહિત સાધી શકશે તેનો ખ્યાલ લાવવો મુસ્કેલ છે. ધર્મના સંસ્થાપકો અને ઉપદેશકો આ કારણને લીધેજ પુજ્ય ગણાયા છે.

દાનના પ્રસંગ.

જગતમાં જેટલા પ્રકારનાં દુઃખ છે તેટલા દાન કરવાના પ્રસંગ છે. મનુષ્યોને ખાવાની, પીવાની, પ્હેરવાની, સૂઇ રહેવાની વગેરે અનેક પ્રકારની જરૂર છે, તે પ્રમાણે દાનના વિવિધ ક્રમ છે.

આ સ્થૂળ જગતને લગતા દાનના પ્રસંગ.

(૧) ભૂખ્યાને ભોજન આપવું. (૨) તૃષાતુરને જળ પાવું. (૩) નગ્નને અથવા વસ્ત્રરહિતને વસ્ત્ર આપવાં. (૪) ગુલામોને સ્વતંત્ર કરવા તથા તેમને ધંધે લગાડવા. (૫) માંદાં મનુષ્યોની મુલાકાત લેવી, અને તેમને આશ્વાસન આપવું. (૬) અતિથિ (પરોણા) વગેરેની યોગ્ય રીતે આગતા સ્વાગતા કરવી. આ છ પ્રકાર મુખ્ય છે. બીજા પણ ઘણા લખી શકાય. તે આ પ્રમાણે છે. (૭) માંદાં ગરીબ મનુષ્યોને મફત દવા આપવી. (૮) માર્ગમાં ભૂલા પડેલાને સીધે માર્ગે દોરી જવા. (૯) ગરીબ મનુષ્યોને વ્યાપાર ધંધે લગાડવા પૈસા ધીરવા (૧૦) દેવું આપ-

વાને અશક્ત પુરૂષોનું દેવું માફ કરવું. (૧૧) જુલમી મનુષ્યોના સપાટામાંથી ગરીબ મનુષ્યોને તથા ગુલામોને છૂટા કરવા.

આધ્યાત્મિક અને જ્ઞાનદાન.

(૧) અજ્ઞાની પુરૂષોને જ્ઞાન આપવું. (૨) બુદ્ધિને રૂચે તેવો ખુલાસો આપી ધર્મની અંદર શંકાવાળા મનુષ્યોના મનનું સમાધાન કરવું. (૩) દુરાચરણમાં અને ખરાબ વ્યસનોમાં પડી ગયેલા મનુષ્યોને ખંતથી, ડહાપણથી અને યોગ્ય રીતે સલાહ આપી તેમને દુર્ગુણમાંથી છૂટા થવાનો અને સારા કામમાં પ્રવૃત્ત થવાનો માર્ગ શિખવવો. (૪) માનસિક પીડાઓ–ચિંતા–ઉદ્વેગ–ભોગવનારાઓને શુદ્ધ ઉપદેશ આપી કર્મનો અચળ નિયમ સમજાવી શાંત કરવા. (૫) અપરાધ કરનારો, તે દોષ અજ્ઞાનથી કરે છે, એમ સમજી તેને ક્ષમા આપવી. (૬) સર્વ પ્રકારના મનુષ્યોનું કલ્યાણ થાય, અને તેઓ શુદ્ધ માર્ગે ચઢવાને દોરાય તેવી પ્રાર્થના કરવી.× (૭) જે લોકો ધર્મમાં શિથિલ હોય, તેમને શુદ્ધ ઉપદેશથી ધર્મમાં દૃઢ કરવા. (૮) જે દૃઢ હોય તેમને વિશેષ દૃઢ કરવા. (૯) કોઇને માથે ખોટું આળ (કલંક) મૂકવું નહિ અને કોઇનો દોષ ખરો હોય તોપણ તે પ્રગટ કરવો નહિ, પણ દોષિતને શુદ્ધ માર્ગે લાવવા પ્રયત્ન કરવો. (૧૦) મનુષ્યને નિર્ભય બનાવવો. આ સર્વ આધ્યાત્મિક વિષયને લગતા દાનના પ્રકાર છે. ટુંકમાં જેટલી મનુષ્યની જરૂરીયાતો છે, તેટલા દયાના તેમજ દાનના પ્રસંગ આ જગત્‌માં છે. માટે જે જે પ્રસંગમાં જે જે પ્રકારનાં દાન આપવાની જરૂર પડે, તે તે પ્રકારનાં દાન આપી સામા મનુષ્યના શરીર અને મનનું દુઃખ નિવારવા યથાશક્તિ પ્રયત્ન કરવો.

× દાખલા તરીકે મોટી શાંતિમાં નીચેનો શ્લોક આપેલો છેઃ

शिवमस्तु सर्वजगतः परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं सर्वत्र सुखिनो भवन्तु लोकाः ॥

અર્થ—સર્વ જગત્‌નું કલ્યાણ થાઓ, પ્રાણીમાત્ર પારકાના હિતમાં તત્પર થાઓ, સર્વ દોષો નાશ પામો, અને લોકો સર્વ સ્થળે સુખી રહો.

દાનનાં પાત્રો.

દાન આપતી વખતે દાન લેનાર પાત્રનો પણ વિચાર કરવો ઘટે છે, કારણ કે ઉષર ભૂમિમાં અથવા અયોગ્ય સ્થાને નાંખેલાં બીજ બરાબર ઉગતાં નથી પણ નકામાં જાય છે; તેમ અસત્પાત્રને આપેલું દાન લાભકારી નીવડતું નથી. જે વિષયી છે, દારૂ પીનારા છે, ચોરી કરનારા છે, તેવાં મનુષ્યોને તેમનાં પાપકર્મમાં કોઇ પણ રીતે સાધનભૂત થાય તેવું દ્રવ્ય આપવું નહિ. જો તેઓ ભૂખ્યા હોય, દુઃખથી પીડાતા હોય તો તેમનું દુઃખ દૂર કરવા અનુકંપાથી દાન આપવું, કારણ કે અનુકંપાદાન તો પ્રાણીમાત્રને આપવાનું ધર્મશાસ્ત્રો કહે છે. પણ આવા પુરૂષોને દાન આપવાના સંબંધમાં એક બાબત જાણવી જરૂરની છે કે કોઇ પણ પ્રકારનું નાણું નહિ આપતા તેમને જે વસ્તુની જરૂર હોય, અને જેના અભાવથી તે દુઃખ ભોગવતા હોય તે વસ્તુ આપણે અપાવવી. અથવા બીજા કોઇ પાસે અપાવરાવવી. આ સિદ્ધાંત લક્ષમાં રાખી અધર્મી પુરૂષોને પણ દયા કરતાં આંચકો ખાવો નહિ. આ સંબંધમાં ગુપ્તનાદ નામના ગ્રન્થમાં લખેલું છે કે—*

જેવી રીતે પ્રાતઃકાળના સૂર્યનાં કિરણ ગ્રહણ કરવાને કમળ પોતાની પાંખડીઓ ઉઘાડે છે, તેમ મનુષ્ય માત્રના દુઃખની બૂમ સાંભળવાને તારા કાન ઉઘાડા રાખજે; અને દુઃખીની આંખમાંથી દુઃખનું આંસુ

---

* Let thy soul lend its ear to every cry of pain like as the lotus bares its heart to drink the morning sun. Let not the fierce sun dry one tear of pain before thyself hast wiped it off from the sufferer's eye. But let each burning human tear drop on thy heart and there remain, nor ever brush it off until the pain that caused it is removed. These tears, O thou of heart most mercirul, these are the streams that irrigate the fields of charity immortal. It is on such soil that grow up the midnight blossoms of Buddha and Arhat.

તારા હાથે તું લૂછી ન નાંખે ત્યાં સુધી સખ્ત સૂર્યથી તેને સુકાવા દેતો નહિ; પણ મનુષ્યનું બળતું દરેક આંસુ તારા હૃદયપર પડવા દેજે, અને ત્યાં રહેવા દેજે, અને જ્યાં સુધી જે દુઃખથી તે આંસુ જન્મ પામ્યું હતું તે દુઃખ તું દૂર ન કરે ત્યાં સુધી તારા હૃદયપટ પરથી તેને ખંખેરી નાંખતો નહિ. હે અત્યંત દયાળુ હૃદયના માનવી ! આવા આંસુનો જે ઝરો બને છે, તેથી શાશ્વત દયાનું ક્ષેત્ર પોષાય છે, અને આવી ભૂમિ ઉપરજ બુદ્ધ અને અર્હત્–તીર્થંકર જેવા પુષ્પો ખીલી નીકળે છે. ”

દાન આપવાની દુઃખ દૂર કરવાની આવી ઉચ્ચ ભાવનાઓ જ્ઞાની પુરૂષોએ બતાવેલી છે, માટે જ્યાં જ્યાં દુઃખ હોય તે દુઃખ નિવારવા પ્રયત્ન કરવો, **પણ અયોગ્યદાન** (indiscriminate charity) જે હાલ હિંદુસ્થાનમાં બહુજ પ્રકારે અપાય છે, તે બંધ કરવાની બહુજ જરૂર છે. જે મનુષ્યો કામ કરી શકે તેવા હોય, જેઓ યુવાન્ હોય, જેઓને મહેનત કરવાથી દ્રવ્ય મળી શકે તેમ હોય, તેવા પુરૂષોને દાન આપી બાળપણથીજ તેમને ભિક્ષાવૃત્તિપર આધાર રાખતા કરવા તે દાનનો દુરૂપયોગ લેખી શકાય. તે દાન તેમના પુરૂષાર્થનો નાશ કરે છે. આપણે તો દાન સારી ઈચ્છાથી આપીએ, પણ તે પુરૂષો આવા દાનનો લાભ લેઇ આળસુ, એદી, વિષયી બની જાય. પછી કામ કરવાની શક્તિ તેમનામાં રહેતી નથી; અને જો ફરીથી તેમને કોઈ ભિક્ષા ન આપે તો ખરેખર તેમની સ્થિતિ બહુજ શોચનીય થઈ પડે છે. માટે જેઓ આવી અયોગ્ય રીતે દાન આપી ભિખારીઓને ઉત્તેજન આપી તેમને આળસુ બનાવે છે, તેઓનો આશય ઉચ્ચ છતાં તે તેમનું ખરી રીતે ભલું કરતા નથી. આ બાબત જરા વિચાર કરવા જેવી છે.

દાન આપવાના હેતુઓ.

મનુષ્યો દાન જૂદા જૂદા હેતુઓથી આપે છે. બીજાનું દુઃખ દૂર કરવું એજ સઘળાનો બ્હારનો આશય જણાય છે. પણ હૃદયના **આ**-

યથો જૂદાં જૂદાં મનુષ્યોમાં જૂદા જૂદા માલૂમ પડે છે. તે આશયો કયા કયા છે અને તેમાં સૌથી ઉત્તમ આશય કયો છે તે હવે તપાસીએ. કેટલાક મનુષ્યો કેવળ નાક વાસ્તે, કીર્તિના લોભથી, લોકમાં વાહવાહ કહેવરાવવાના હેતુથી, જગત્‌માં પોતાના ધનનો પરોપકારમાં વ્યય કરે છે. વળી બીજા પ્રકારનાં મનુષ્યો અન્ય મનુષ્યનું દુઃખ દૂર કરવા, પરભવમાં સુખ મેળવવા, અને તે સાથે જરા જગતનું માન મેળવવાના હેતુથી દાન કરે છે. વળી બીજા કેટલાક સામાનું દુઃખ દેખી પોતાથી હલકી સ્થિતિના માણસોને મદદ કરવી એ પોતાનો ધર્મ છે, તથા ધર્મમાં દાન આપવાનું કહ્યું છે માટે તેઓ દાન આપે છે. વળી ચોથા પ્રકારના સૌથી ઉત્તમ પુરૂષો તો સ્વભાવથીજ દાન દેછે. દાન દેવું–સામા મનુષ્યનું દુઃખ દૂર કરવું એ એમનો સ્વભાવજ થઇ પડેલો છે. વિવેક ચુડામણિમાં લખ્યું છે કેઃ—

शान्ता महान्तो निवसन्ति सन्तो वसन्तवल्लोकहितं चरन्तः ।
तीर्णाः स्वयं भीमभवार्णवं जनानहेतुनान्यानपि तारयन्तः ॥
अयं स्वभावः स्वत एव यत्परश्रमापनोदप्रवणं महात्मनाम् ।
सुधांशुरेष स्वयमर्ककर्कशप्रभाभितप्तामवति क्षितिं किल ॥

"વસન્ત ઋતુની માફક લોકોનું હિત કરનારા શાન્ત મહાત્મા પુરૂષો આ જગત્‌માં વસે છે. પોતે ભયંકર સંસારરૂપી સમુદ્ર તરી ગયેલા છે, અને **નિષ્કારણ** બીજાઓને તારવા પ્રયત્ન કરી રહેલા છે. જેવી રીતે સૂર્યના સખ્ત તાપથી તપેલી પૃથ્વીને શાંત કરવી એ ચંદ્રનો સ્વભાવ છે, તેજ રીતે પારકાનો શ્રમ દૂર કરવાને પોતાની મેળે તત્પર થવું એ મહાત્માઓનો સ્વાભાવિક ગુણ છે. આ રીતે આશયની અપેક્ષાએ **દાન** આપનારાઓના ચાર વિભાગ પાડવામાં આવ્યા. ગમે તેવા હેતુથી દાન આપવામાં આવે, પણ દાનમાં આપેલી વસ્તુઓ પરભવમાં દાન આપનારને કર્મના અચળ નિયમ પ્રમાણે મળે છે એમાં જરા પણ સંદેહ નથી. પણ દાન આપનારનું ચારિત્ર–વર્તન તેના દાન આપતી

વખતના વિચારો ઉપર—કેવા હેતુથી દાન આપવામાં આવ્યું છે તેના ઉપર—આધાર રાખે છે.

આશય ઉપર ચારિત્રનો આધાર.

જે મનુષ્યો કેવળ આ જગત્‌માં માન પ્રતિષ્ઠા મેળવવા અથવા રાવ બહાદુર કે ખાન બહાદુરનો ખીતાબ પ્રાપ્ત કરવા કોઇ પણ પરોપકારનું કાર્ય આરંભે છે, તેઓને માનસિક આનંદ જરા પણ મળતો નથી. અન્ય મનુષ્યોની પ્રશંસા ઉપર સુખનો આધાર રાખવામાં તેઓ મોટી ભૂલ કરે છે. આવા પ્રકારના દાનથી તેઓનું ચારિત્ર કોઈ પણ રીતે ઉચ્ચ થતું નથી. પણ આ સ્થળે એટલું જણાવવું બહુજ જરૂરનું છે કે જે મનુષ્યો લોભવૃત્તિમાં તણાઇને ધનથી છૂટા પડવા કરતાં, તનથી છૂટા પડવું એ વધારે બહેતર માને છે, અને જેમને લીધે 'ચમડી તૂટે પણ દમડી ન છૂટે,' એ કહેવત જગત્‌માં વિખ્યાત થઈ છે, તેવાં કંજુસ એને લોભી મનુષ્યો કરતાં કીર્તિને સારૂ પણ પૈસા ખરચનાર લાખ દરજ્જે વધારે ઉત્તમ છે, કારણ કે ધનની મમતા બહુજ પ્રબળ છે, ધનનો ત્યાગ કરવો એ કામ સહેલું નથી, અને ગમે તો મનુષ્ય કીર્તિને સારૂ પૈસા ખરચે પણ જ્યાં સુધી તેના પૈસાને લીધે બીજાનું દુઃખ દૂર થાય છે અને બીજાને લાભ મળે છે, ત્યાં સુધી કાર્ય ઉત્તમ કહેવામાં જરા પણ અયોગ્યતા નથી. કેવળ તેના પોતાના આત્મવિકાસમાં તેને જરા પણ લાભ થતો નથી.

લોભી પુરૂષોની દયાજનક સ્થિતિનાં દૃષ્ટાન્તો.

ઉપર જણાવેલી બાબતની સત્યતા પુરવાર કરી આપવા એક બે બહુજ મનન કરવાલાયક દૃષ્ટાન્તો આપવામાં આવે છે. મૂર્તિભાંગનાર એ ખીતાબને વધારે પસંદ કરનાર મહમદ ગઝનવી હિંદુસ્થાનમાંથી અઢળક ધન પોતાને દેશ લઇ ગયો હતો. હિંદુસ્થાનની લક્ષ્મીથી લોભાઇ વારંવાર જૂદા જૂદા ભાગો પર ચઢાઇ કરી તે અનેક પ્રકારનું ધન હરણ કરી ગયો હતો. જે વખતે તે મરણપથારીએ પડયો, તે સમયે લુંટમાં

લાવેલું સઘળું ધન તેણે પોતાની પાસે મંગાવરાવ્યું, તેનો મોટો ઢગલો કરાવરાવ્યો અને પછી તે છાતીફાટ રડયો! રડતાં રડતાં તે બોલી ઉઠયો: "હાય! અફસોસ! આ ધનનો મેં કંઇ પણ ઉપયોગ ન કર્યો, હવે મારે તેને છોડી ચાલ્યા જવું પડશે!" આ રીતે લોભી મનુષ્ય મરણકાંઠે પસ્તાય છે.

તેજ રીતે મહાન્ સિકંદર જેણે ઇ. સ. પૂ. ૩૨૭ માં હિંદુસ્થાનપર ચઢાઇ કરી હતી, તે ગ્રીસ દેશના રાજાએ પોતાની લક્ષ્મીનો કાંઇ સદુપયોગ કર્યો ન હતો. દેશો જીતવામાં, સર્વોપરી સત્તા ભોગવવામાં, અને ધનનો સંચય કરવામાંજ તેણે સંપૂર્ણ સંતોષ માન્યો હતો. પણ મરણ સમયે લક્ષ્મીનો સદુપયોગ નહિ કરવા ખાતર તેણે પશ્ચાત્તાપ કર્યો, અને પોતાના માણસને આજ્ઞા કરી કે મારા મરણ પછી મારા બન્ને હાથ લાંબા ખુલ્લા કરી મને આખા શહેરમાં ફેરવજો. તેનો આમ કરવાનો હેતુ એ હતો કે તેના જીવન પરથી આખું જગત્ સાર ગ્રહણ કરે કે જે મનુષ્યો પોતાના ધનનો સારો ઉપયોગ કરતા નથી, તે મનુષ્યો આવ્યા તેમ ખાલી હાથે આ ફાની દુનિયાનો ત્યાગ કરી જાય છે!

બીજા પ્રકારનાં મનુષ્યોમાં દાન આપતી વખતે સ્વાર્થબુદ્ધિ રહેલી છે; અને જ્યાં સ્વાર્થ છે, ત્યાં ખરેખરી ઉપકારવૃત્તિ સંભવેજ નહિ. માટે આવાં મનુષ્યોમાં દયાનો ગુણ યથાર્થ રીતે ખીલતો નથી. તેઓ મધ્યમ પ્રકારના પુરૂષો છે. પોતાના સ્વાર્થને વિરોધ ન આવે તેટલે અંશે તેઓ અન્ય પુરૂષનું કલ્યાણ કરવા દોરાય છે. પણ જેટલે અંશે પારકાનું દુઃખ દૂર કરવાના હેતુથી પરોપકાર કરવામાં આવ્યો હોય છે, તેટલે અંશે તે મનુષ્યનું હૃદય કોમળ અને દયાર્દ્ર બને છે, અને તેટલે અંશે સ્વર્ગીય સુખ અનુભવવાને તે લાયક થાય છે.

પ્રખ્યાત કવિ શેકસપીઅર એક સ્થળે લખે છે કેઃ—

The quality of mercy is not strained;
It droppeth as the gentle rain from heaven

Upon the place beneath; it is twice blessed,
It blesseth him that gives and him that takes;
It is enthroned in the hearts of kings,
It is an attribute to God Himself;
An earthly power doth then show likest God's,
When Mercy seasons justice."

દયાનો ગુણ સ્વાભાવિક રીતેજ ઉદ્દભવે છે. તે ઝરમર ઝરમર ટપકતા વરસાદની પેઠે ઉચ્ચ પ્રદેશમાંથી નીચલી ભૂમિકામાં ઉતરે છે. તે બન્નેને સુખ આપે છે. આપનારને સુખ આપે છે તેમજ લેનાર પણ સુખી થાય છે, તે રાજાઓના હૃદયમાં ઉચ્ચસ્થાન ભોગવે છે. તે ઈશ્વરનો પોતાનો ગુણ છે. **જ્યારે ન્યાય દયામિશ્રિત હોય ત્યારેજ રાજ્યસત્તા ઇશ્વરી સત્તાની બરાબરી કરી શકે છે.**

ત્રીજા પ્રકારના મનુષ્યો સ્વાર્થરહિતપણે દાન આપે છે. સામા પુરૂષનું દુઃખ દૂર કરવું એ પોતાનું કર્તવ્ય સમજે છે, અને તેથી દાન આપવાને પોતાનો ઉદાર હાથ લંબાવે છે. સકામ અથવા ઇચ્છાસહિત કરેલું ઉત્તમ કામ મનુષ્યને સ્વર્ગે લેઇ જાય, મનુષ્યનો અધિપતિ બનાવે, અથવા શેઠ બનાવે, પણ કદાપિ મનુષ્ય તેને લીધે મુક્ત થાય નહિ. જ્યાં સુધી કોઇ પણ પ્રકારની ઇચ્છા છે, વાસના છે, ત્યાં સુધી તે ઇચ્છાનું ફળ ભોગવવા તેને કર્મના નિયમ પ્રમાણે જન્મ લેવોજ પડે; પણ જેઓ નિષ્કામ વૃત્તિથી સ્વાભાવિક રીતેજ દાન આપે છે તેઓને તે દાન કોઇ પણ રીતે બંધનકારક થતું નથી. કાર્ય બંધનકારક નથી, પણ કાર્યના ફળની ઇચ્છા મનુષ્યને બાંધે છે એ વાત ભૂલવી જોઇતી નથી. શ્રીમન્મહાવીર પ્રભુએ છેલ્લા ભવમાં સાંવત્સરિક દાન આપ્યું હતું. જો દાનજ બંધનકારક હોત તો તે ભવમાં તે મોક્ષ શી રીતે મેળવી શકત? માટે નિષ્કામ વૃત્તિથી દાન કરવું. આ સાથે એક બાબત યાદ રાખવી જોઇએ છે કે નિઃસ્વાર્થબુદ્ધિથી દાન આપનારને બીજા

કોઇ કર્મના ઉદયને લીધે જગતમાં જન્મ લેવો પડે, તો તે વખતે તેના પુણ્યના યોગે દાનમાં આપેલું ધન તેને સમૃદ્ધિરૂપે મળે છે. સ્વાર્થરહિત દાન આપનાર સામા મનુષ્યની પ્રશંસા અથવા સ્તુતિ ઉપર આધાર રાખતોજ નથી; દાન લેનાર કૃતઘ્ની નીવડે, તોપણ તેના મનને જરા પણ ખેદ થતો નથી, પણ દાન આપવાનો અને પોતાના હૃદયને ઉચ્ચ બનાવવાનો પ્રસંગ આપ્યો માટે દાન લેનારનો ઉલટો તે હૃદયમાં આભાર માને છે.

ઉપસંહાર.

આ પ્રમાણે ઉત્તમોત્તમ ભાવનાનો વિચાર કરતાં, તેમજ તે પ્રમાણે દાન આપતાં આપતાં આપવાની વૃત્તિ સ્વાભાવિક થાય છે. દાન આપવું, સામા મનુષ્યનું દુઃખ દૂર કરવું, બીજાનું ભલું કરવું, એજ પોતાનું કર્તવ્ય છે, એમાંજ પુરૂષાર્થની સીમા આવી રહેલી છે, એવો સ્વભાવ થઇ જાય છે. Charity begins at home; દયા કરવાનું પ્રથમ ક્ષેત્ર ઘર છે, પછી કુટુમ્બ, પછી પોતાની જ્ઞાતિ, પછી પોતાની કોમ, પછી પોતાનો દેશ, પછી પ્રજા અને પછી આખું જગત્. આવી રીતે દયાનું ક્ષેત્ર વિશાળ ને વિશાળ બનાવવું જોઇએ. આ રીતે આખા જગતૂના લોકોને પોતાના કુટુમ્બતુલ્ય માનતો અને ધન તેમજ જગતની બાહ્ય વસ્તુઓની નિઃસારતાને અનુભવતો મનની શાંતિમાં આનંદ માનતો તે મહાપુરૂષ નિઃસીમ સુખ જગતૂમાં અનુભવે છે. અને પોતાનાં સાધનોની ઓછપને લીધે પરોપકારનાં જે કાર્યો કરવાને તે જગતૂમાં અશક્ત હતો, પણ જેના વિચાર તેના દિલમાં દિનરાત રમ્યા કરતા હતા, તે વિચારો જે પ્રદેશ (સ્વર્ગ) માં અનુભવાય છે તે ઉચ્ચ પ્રદેશ ભણી તેનો આત્મા આ સ્થૂલ દેહનો ત્યાગ કર્યા પછી ચાલ્યો જાય છે. આ પ્રમાણે ઉચ્ચ પ્રેમને લીધે, જગતૂના હિતની ખાતર, કેવળ નિઃસ્વાર્થ બુદ્ધિથી દાન આપનાર અચળ સુખ ભોગવવા સમર્થ થાય છે; માટે આત્મહિતાર્થી પુરૂષોને છેવટમાં એજ જણાવવાનું કે પોતે દાન કરતાં રહેવું, તેમજ બાળપણથી તે ઉમદા ગુણ બાળકો શિખે તેપર લક્ષ

આપવું. કારણ કે આ ઉત્તમ ગુણને લીધેજ મનુષ્ય પરનું હિત સાધવા જતાં પોતાનું હિત સાધે છે. વળી બીજાનું દુઃખ દૂર કરવાથી સામા મનુષ્યના ચ્હેરા ઉપર જે આનંદની ઊર્મિઓ દેખાઇ આવે છે, અને તેને લીધે આપનારનું હૃદય વિશાળ તથા દયાર્દ્ર બને છે, તે કેવળ પૈસાના લોભમાં તણાઇ જતા, તથા માન ઇલ્લકાબમાં ફુલાઇ જતા કંજુસ અને લોભી મનુષ્યોના અનુભવમાં કદાપિ આવનાર નથી. દાન બીજાના હાથે અપાવવા કરતાં જાતે આપવું એ વધારે ઉત્તમ છે; કારણ કે તેથી દાન લેનારમાં જે આભારની લાગણી ઉત્પન્ન થાય છે તેથી દાન લેનારનું હૃદય પણ વિશાળ થાય છે. આપણામાં દાન આપવાની વૃત્તિ વધતી જાય છે, માટે દાન આપી માનસિક આનંદ મેળવવાની સાથે આત્મહિત સાધવા દરેકને ભલામણ કરી આ પ્રસ્તુત પ્રકરણની સમાપ્તિ કરવામાં આવે છે.

પ્રકરણ ૩ જું.

૨ જી કુંચી.

શીળ-શુદ્ધાચાર.

ગયા પ્રકરણમાં આપણે દાનનો વિચાર કરી ગયા. હવે આ પ્રકરણમાં શીળ નામની બીજી કુંચીનો યથાશકિત યથામતિ વિચાર કરીશું. શુદ્ધાચાર, શુભ ચારિત્ર, પવિત્ર વર્તન એ આદિ અનેક શબ્દો શીળનો અર્થ દર્શાવનારા છે. તે શબ્દોમાંથી યોગ્ય શબ્દોનો વખતોવખત આ પ્રકરણમાં ઉપયોગ કરવામાં આવશે.

શીળ શબ્દ ઘણીવાર શિયળ અથવા સ્વદારાસંતોષ, એ અર્થમાં વાપરવામાં આવે છે; અને સ્ત્રીઓની બાબતમાં શીળ પતિવ્રતાપણાને સૂચવનાર શબ્દ માનવામાં આવે છે. પણ આ સ્થળે તે સાંકડા વિચારમાં તે શબ્દ વાપરવામાં આવ્યો નથી, પણ વિશાળ અર્થમાં તેનો ઉપયોગ થયો છે. જે જે આચાર શુદ્ધ અને પવિત્ર હોય, જે જે ઉન્નતિ ક્રમને સહાયકારક હોય તે સર્વ શુદ્ધાચાર અથવા શીળ કહેવાય છે; અને જે જે અશુદ્ધ હોશ, બીજાને અહિતકારી હોઇ ઉન્નતિના માર્ગમાં વિઘ્નકર્ત્તા હોય, તે સર્વ કુશીળ અથવા દુર્ગુણ કહેવાય છે.

જરા બારીક નજરથી તપાસનારને દરેક ધર્મમાં બે પ્રકારનાં શિક્ષણ મળી આવે છે. એક તો આધ્યાત્મિક શિક્ષણ અને બીજાં નૈતિક સિદ્ધાંતો. જે નૈતિક સિદ્ધાંતો અથવા નીતિના નિયમો છે, તે દરેક મનુષ્યને વાસ્તે હોય છે. પણ નીતિના નિયમોની પેલી પાર જઇ આત્મવિદ્યા જાણવા માગતા હોય, અથવા નીતિના નિયમો શા પાયા-પર રચાયેલા છે તેનું જ્ઞાન મેળવવા ઇચ્છા રાખતા હોય, તેમને વાસ્તે

મહા પુરૂષોએ સ્થાપેલા દરેક ધર્મમાં તત્ત્વજ્ઞાનના ગુપ્ત તેમજ ઉચ્ચ શિક્ષણો માલૂમ પડે છે.

દરેક નીતિનો નિયમ તત્ત્વજ્ઞાનપર આધાર રાખે છે; અને ઘણાં મનુષ્યો નીતિના નિયમનો પાયો સમજ્યા સિવાય પણ સન્માર્ગે વળે છે. જેમ મનુષ્યોને વહાણ ચલાવતાં ન આવડતું હોય તોપણ તેઓ કુશળ કૅપટન (નાખોદા) ની ચતુરાઇ ઉપર શ્રદ્ધા રાખી વ્હાણમાં બેસી સમુદ્રની પેલી પાર જવાને શક્તિમાન્ થાય છે, તે રીતે શા સિદ્ધાંતો પર નીતિનાં શિક્ષણો રચાયાં છે તે આપણે ન સમજીએ, પણ પરોપકારી મહાન્ પુરૂષો તેમને કેવળ પરમાર્થ બુદ્ધિથી આપી ગયા છે, એમ વિચારી તે શિક્ષણને સત્ય માની તે પ્રમાણે વર્તીએ તો આપણું કલ્યાણ થાય અને સહજમાં સંસારસમુદ્ર તરી શકાય. પણ આ જમાનો બુદ્ધિનો છે, તેથી લોક કેવળ શ્રદ્ધા રાખી, ધર્મમાં કહ્યું છે માટે તેને સત્ય માની લે, તેવો વખત રહ્યો નથી, લોકો પોતાને વાસ્તે વિચાર કરનારા થયા છે, અને **अन्धेन नीयमाना यथान्धाः** (આંધળો આંધળાને દોરે) એ સૂત્ર પ્રમાણે કેવળ વર્તતા અટકયા છે, એ મને તો ભવિષ્યની સારી આશા આપનારાં ચિહ્ન જણાય છે. સ્વતંત્ર વિચારની જરૂર છે, પણ તે સાથે એ પણ જણાવવું જોઈએ કે અસલના મહાન્ પુરૂષોએ આપેલા ઉચ્ચ સિદ્ધાંતોનો તિરસ્કાર કરી, તેમના કહેવાનો ભાવાર્થ સમજ્યા સિવાય, તેમને ખસી ગયેલા મગજની કલ્પનારૂપ માનવા, એવો સ્વતંત્ર વિચારનો અર્થ નથી; એ તો એક પ્રકારની ઉદ્ધતાઇ છે. માટે આ બન્ને એકદેશીય (extreme) માર્ગનો ત્યાગ કરી, સુવર્ણમય મધ્યમ માર્ગ (golden mean) આ તેમજ બીજી દરેક બાબતમાં અંગીકાર કરાય તો આપણે સત્ય માર્ગની સમીપમાં આવ્યા છીએ, એમ લેખી શકાય.

હવે ઉપરની બાબત આપણા પ્રસ્તુત વિષયને લાગુ પાડીએ. શીળ એટલે ઉત્તમ પ્રકારના નીતિના નિયમો. નીતિ શા સારૂ પાળવી જોઇએ? શા સારૂ આપણે સદાચારી થવું? અસત્ય કેમ ન બોલવું? દાન આ-

પવાથી શો લાભ છે? વ્યભિચાર કરવાથી શા ફાયદા છે? આવા આવા અનેક પ્રશ્નો નીતિનો વિચાર કરતાં સ્વાભાવિક રીતે મનુષ્યના હૃદયમાં ઉદ્‌ભવે છે. હવે તે પ્રશ્નોનો જવાબ સાધારણ રીતે એમ આ-પવામાં આવે છે કે શાસ્ત્રમાં તેમને મહા પાપ ગણવામાં આવ્યાં છે, તેથી અધમ ગતિ થાય છે, માટે તે આચરવાં નહિ. આટલા ખુલા-સાથી શ્રદ્ધાળુ મનુષ્યો તે વાત માની લેતા અને કદાપિ અન્યાયના માર્ગે પાદ સરખો મૂકતા નહિ, પણ હાલ સમય બદલાયાથી દરેક પ્રશ્નનો બુદ્ધિગમ્ય ખુલાસો માગવામાં આવે છે; હેતુ અને કારણો પૂછવામાં આવે છે; અને જ્યાં સુધી તે મળે નહિ ત્યાં સુધી પાશ્ચાત્ય કેળવણીએ સ્વતંત્ર વિચાર કરવાને પ્રેરેલી બુદ્ધિને લીધે મનુષ્યને ધર્મના સત્યોમાં શંકા થાય તે સ્વાભાવિક છે. તે શંકાઓને દાબી દેવાથી અને તેનો યોગ્ય ખુલાસો નહિ આપવાથી કદાપિ તે શંકાઓ દૂર થતી નથી, પણ ઉલટી વધે છે. તે શંકાઓ દૂર કરવાને વાસ્તે તત્ત્વજ્ઞાન (philosophy) પોતાના તેજસ્વી સ્વરૂપમાં—ભવ્ય દેખાવમાં—વિચારની રંગ-ભૂમિપર નીકળી આવે છે, અને ભવ્ય રીતે ઉચ્ચારે છે કે “ હે માન-સિક કેળવણી પામી ગર્વિષ્ઠ બનેલ યુવક ! તારી શંકાઓનો યોગ્ય ખુલાસો આપવાને વાસ્તે હું તત્પર છું. તું ફક્ત બુદ્ધિના વૈભવમાં ખેંચાઇ જતો નહિ. મારો ઉપદેશ શ્રવણ કર, અને શાંત મનથી તેપર વિચાર કર, અને તારી સર્વ શંકાઓ સ્વયમેવ દૂર થશે. ”

હવે નીતિના સિદ્ધાંતોને પોષણ આપનાર તત્ત્વજ્ઞાનની કેટલીક બાજુઓ તપાસીશું. ધર્મશાસ્ત્રો પ્રતિપાદન કરે છે કે સર્વના હૃદયમાં આત્મા વાસ કરી રહેલો છે, સર્વ આત્માઓ એક સરખા છે. કર્મની વિવિધ પ્રકૃતિ અનુસાર, તેમજ ઉત્ક્રાંતિક્રમના જૂદાં જૂદાં પગથિયાંપર ઊભેલા હોવાથી આત્માઓ જૂદા હોય તેમ ભાસે છે. પણ તત્ત્વદૃષ્ટિએ તેમાં રતિમાત્ર ભેદ નથી. આત્મતત્ત્વની અપેક્ષાએ સર્વ આત્મા સમાન છે; સત્તામાં—સ્વરૂપમાં સર્વ આત્માઓ એક સરખા છે, પણ જૂદા જૂદા આત્માઓની શક્તિઓ કેવા અને કેટલા પ્રમાણમાં પ્રકટ (વ્યક્ત) થઈ

છે, તેનાપર તેમાં જણાતા ભેદનો આધાર છે. પણ નિશ્ચયદષ્ટિથી આત્મતત્ત્વમાં જરા પણ ભેદ નથી. ઉપાધિભેદથી સૂર્ય જૂદો જૂદો ભાસે, તેજ રીતે દેહોની અપેક્ષાએ આત્માઓમાં આપણને ભેદ ભાસે, છતાં દરેક આત્મામાં આત્મતત્ત્વ સમાન છે. જો આપણામાં અને આપણા માનવબંધુઓમાં આત્મતત્ત્વ સમાનજ હોય તો પછી કોઇ પણ માણસને છેતરવામાં, હેરાન કરવામાં, અથવા દુઃખ દેવામાં, આપણે પોતાનેજ છેતરીએ છીએ, હેરાન કરીએ છીએ, અને દુઃખ દઇએ છીએ. આ દુનિયા તે એક મહાન્ કુટુંબ છે અને આપણે સર્વે તે કુટુંબના માણસો છીએ. આપણા કુટુંબનો કોઇ માણસ અજ્ઞાન કે દુરાચારી હોય તો આપણે તેને કુટુંબ બહાર કાઢી મૂકતા નથી કે જ્યાં ત્યાં તેની નિન્દા કરતા ફરતા નથી, પણ તેને સુધારવાને પ્રયત્ન કરીએ છીએ. તેજ રીતે આપણું કર્તવ્ય આપણા માનવબંધુના અજ્ઞાન કે દોષની નિન્દા કરવાનું નથી, પણ આપણા જ્ઞાનથી આપણે તેનું અજ્ઞાન દૂર કરવું જોઇએ અને આપણી પવિત્રતાથી તેના દોષ ટાળવા જોઇએ. આ રીતે વિચારતાં આપણને જણાય છે કે સર્વ પ્રકારની નીતિનો પાયો પ્રેમ–સર્વગત (Universal) પ્રેમ છે. આપણે દરેક મનુષ્ય, પ્રાણી, વનસ્પતિ, જેમાં ચૈતન્ય છે તે સર્વ તરફ પ્રેમ રાખવો જોઇએ; અને તે દરેકનું કલ્યાણ કરવામાંજ પરમ ધર્મ રહેલો છે, એમ માનવું જોઇએ. આવી પ્રેમની વિશાળ દૃષ્ટિથી દરેક જીવતી વસ્તુ તરફ નજર કરતાં ઉચ્ચ નીચનો ભેદ રહેતો નથી અને સર્વ પ્રાણી તરફ સમાન વૃત્તિ ઉત્પન્ન થાય છે. 'સ્વ' અને 'પર'નો ભેદ જે બાહ્ય ઉપાધિને લીધે ઉત્પન્ન થયો હતો, તે દૂર થતાં, આખી વસુધા કુટુંબ તુલ્ય થઇ જાય છે, અને જ્યાં કોઈ પારકું રહ્યુંજ નહિ, ત્યાં પછી અસત્ય બોલવાનું, ચોરી કરવાનું, હિંસા કરવાનું કે વ્યભિચાર કરવાનું બનીજ શી રીતે શકે? તેટલાજ માટે કહેવામાં આવ્યું છે કેઃ—**आत्मवत्सर्वभूतेषु यः पश्यति स पश्यति।** સર્વ પ્રાણી પ્રત્યે પોતાના આત્માની તુલ્ય જુએ છે તેજ ખરો જોનાર છે. ભગવદ્‌ગીતામાં પણ લખ્યું છે કેઃ—

विद्याविनयसंपन्ने ब्राह्मणे गवि हस्तिनि।
शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः ॥१॥

વિદ્યા વિનયવાળો બ્રાહ્મણ, ગાય, હાથી, કૂતરો અને ચાંડાલ આ સર્વ તરફ જેની સમાન દૃષ્ટિ છે તેજ પંડિત કહી શકાય. જો બધા આત્માઓ આત્માની અપેક્ષાએ એક સરખા હોય તો પછી બીજા આત્માઓ સાથેના આપણા વ્યવહારમાં આપણે કેવી રીતે વર્તવું તે પ્રશ્નનો જવાબ આપવો સહેલ થઇ પડે તેવો છે. જે કાર્યથી આપણુને દુઃખ થાય, જે કાર્યથી આપણું અહિત થાય અને જે કાર્ય આપણુને અરૂચિકર લાગે તેવું કાર્ય આપણુને પસંદ પડતું નથી, તો બીજા આત્મા પણ આપણા સરખા હોવાને લીધે તેવાં કાર્ય તેમને પણ દુઃખ ઉપજાવે, માટે તેવાં કાર્ય આપણે કરવાં નહિ.

આ સંબંધમાં નીચેનાં ધર્મશાસ્ત્રોનાં વાકયો બહુજ વિચાર કરવા લાયક છે.

प्राणा यथात्मनोऽभीष्टा भूतानामपि ते तथा ॥
आत्मौपम्येन भूतेषु दयां कुर्वन्ति साधवः ॥ १ ॥

જેવો પોતાનો આત્મા પોતાને પ્રિય છે, તેવોજ પરનો આત્મા તેને પ્રિય છે, આવા વિચારથી, આત્માની સરખામણી કરવાથી, સાધુ પુરૂષો બીજા પ્રતિ દયા બતાવે છે. વળી ધર્મસર્વસ્વાધિકાર ગ્રન્થમાં વર્ણવેલું છે કેઃ—

श्रूयतां धर्मसर्वस्वं श्रुत्वा च अवधार्यताम्
आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत् ॥ १ ॥

ધર્મનો સાર સાંભળો, અને સાંભળીને હૃદયમાં ધારી રાખો. **"પોતાને જે પ્રતિકૂળ હોય તે બીજા પ્રત્યે કદાપિ આચરવું નહિ"** વળી બાઇબલમાં લખ્યું છે કે "Do unto others as you wish them to do unto you." જેવી રીતે બીજા તમારી તરફ વર્તે એવું ઇચ્છતા હો તેવી રીતે તેમની તરફ તમે વર્તજો.

માટે નીતિના નિયમોનો વિચાર કરતાં અધ્યાત્મ વિદ્યા—તત્ત્વજ્ઞાન ઉપરથી સિદ્ધ થયેલું ઉપરનું અનુમાન ધ્યાનમાં રાખવું ઘટે છે.

હવે નીતિના નિયમોને અનુમોદન આપનારી બીજી એક વિચાર-શ્રેણી તપાસીએ. આત્માહિતાર્થી પુરૂષે દરેક કાર્ય કરતી વખતે વિચાર કરવો જોઇએ કે "આપણે ઉન્નતિક્રમના કયા પગથિયાપર ઉભેલા છીએ ? આપણે ઇષ્ટ વસ્તુની સમીપમાં આવીએ તે સારૂ આપણે આગળ કયું પગલું ભરવાનું છે ? આપણા આત્માનો વિકાસ થાય અને પૂજ્ય પુરૂષોએ પ્રાપ્ત કરેલ દશા મેળવાય, તે સારૂ કયા માર્ગે આપણે ચાલવું જોઇએ ? અર્હન્તો, તીર્થંકરો, મહાત્માઓ, ઋષિ મુનિઓ અને બુદ્ધો જે ગુણદ્વારા ઇષ્ટસિદ્ધિ કરી શકયા હતા. તે ગુણ મારામાં છે કે નહિ અને અમુક કાર્યથી તે ગુણની પ્રાપ્તિ થશે કે તેથી વિરૂદ્ધ દુર્ગુણ આવશે ?" કોઇ પણ કાર્યનો આરંભ કરતાં પહેલાં આટલો વિચાર કરવો જોઇએ છે. કારણ કે દરેક કાર્ય કરતી વખતે તે વખતના ભાવ ઉપરજ આત્મવિકાસ કે આત્મસંકોચનો આધાર રહેલો છે.

વળી અત્યાર સુંધી ખનીજ પદાર્થ, વનસ્પતિ અને પ્રાણીવર્ગમાં ઉન્નતિનો આધાર Law of the survival of the fittest-બળિયાના બે ભાગ—એ સૂત્રપર હતો. જે શરીરબળમાં વધારે મજબૂત હોય તે બીજાના ભોગે પણ જીવી શકતું; પણ મનુષ્ય અને પ્રાણીવર્ગ વચ્ચે મોટું અંતર છે. જે સૂત્ર પ્રાણીવર્ગમાં ઉન્નતિને સહાયકારક હતું, તે આપણી ઉન્નતિને વિઘ્નકર્તા છે. મનુષ્યવર્ગમાં આવ્યા પછી આપણી ઉન્નતિનું જીવનસૂત્ર આત્મભોગ અથવા સ્વાર્પણ (Law of self-sacrifice) છે. આપણા આત્મભોગે પણ આપણાથી આત્મિક ઉન્નતિમાં નીચાં પગથિયાં પર ઊભેલા આપણા માનવ બાંધવો તરફ તેમજ આપણા નાના ભાઇઓરૂપ પ્રાણી-વર્ગ તરફ દયા બતાવવામાં જ આપણી ઉન્નતિ રહેલી છે. આપણું બળ ગરીબોને હેરાન કરવામાં નહિ પણ નિરપરાધી અને અશક્તનું રક્ષણ કરવામાં વપરાવવાની જરૂર છે અને પશુ નહિ પણ પાશવવૃત્તિઓ

(Animal instincts)ને જ્ઞાનરૂપ યજ્ઞમાં હોમવાથી આપણો આત્મા શુદ્ધ ચૈતન્યરૂપે પ્રકાશી નીકળશે. આ વિચારશ્રેણી પણ નીતિના નિયમો તપાસતાં હૃદયમાં રાખવાની જરૂર છે.

ત્યારે હવે **શીળ**માં કયા સદ્‌ગુણોનો સમાવેશ થાય છે અને થવો જોઇએ તે વિચારીએ. ચારે બાજુએ અવલોકતાં મહાકવિ **રાજર્ષિ ભર્તૃહરિ**એ **નીતિશતક**માં જણાવેલો, સર્વ ધર્મોને માન્ય ટૂંકામાં સર્વ પ્રકારના સદ્‌ગુણોને દર્શાવનારો, ઘરની દીવાલોપર સુવર્ણ અક્ષરે લખવા લાયક, તથા હૃદયમાં કોતરી રાખવા યોગ્ય નીચેનો શ્લોક મારી દૃષ્ટિ આગળ ઉપસ્થિત થાય છે.

प्राणाघातान्निवृत्तिः परधनहरणे संयमः सत्यवाक्यम्
काले शक्त्या प्रदानं युवतिजनकथामूकभावः परेषाम् ॥
तृष्णास्रोतोविभङ्गो गुरुषु च विनयः सर्वभूतानुकम्पा ।
सामान्यः सर्वशास्त्रेष्वनुपहतविधिः श्रेयसामेष पन्थाः ॥१॥

પ્રાણીઓનો નાશ કરતાં અટકવું, પારકું ધન લેઈ ન લેવું, સત્ય વાકય બોલવું, યથાશક્તિ યોગ્યકાળે દાન આપવું, પારકાની યુવતીઓની કથા સરખી પણ ન કરવી, તૃષ્ણારૂપ ઝરાને વ્હેતો અટકાવવો, ગુરૂ તરફ વિનય રાખવો, સર્વ પ્રાણી માત્ર ઉપર અનુકમ્પા બતાવવી; આ સર્વ શાસ્ત્રોમાં માન્ય, ઉત્તમમાં ઉત્તમ, અસ્ખલિત માર્ગ છે.

આ ઉત્તમમાં ઉત્તમ ઉપદેશ એક શ્લોકમાં લાવી મૂકવા ખાતર **ભર્તૃ**હરિને જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછો છે, કારણ કે તેની અંદર હિંદુ ધર્મના પંચ યમ, જૈન ધર્મના પંચ મહાવ્રત અને બૌદ્ધ ધર્મના પંચ શીળનો સમાવેશ થયેલો છે, એટલુંજ નહિ પણ બીજા અનેક સદ્‌ગુણોનું વર્ણન છે. વળી કોઇ પણ ધર્મને જરા પણ બાધ આવે તેવું એક પણ શિક્ષણ તે શ્લોકમાં નથી.

પ્રથમ પ્રાણીઓનો નાશ કરતાં અટકવું. આ નૈતિક તેમજ ધાર્મિક સિદ્ધાંત જણાવવાંજ પ્રશ્ન ઉઠશે કે શા સારૂ નાશ ન કરવો ? આપણે

નાશ કરીએ તો શું નુકસાન થાય? આ પ્રશ્નનો પ્રત્યુત્તર આપવામાં ઉપર જણાવ્યા પ્રમાણે તત્ત્વવિદ્યાનો આશ્રય લેવો પડશે.

આત્માની એકતાની વાત દૂર રાખીએ તોપણ સર્વ જીવો સરખા છે. આપણો કોઇ નાશ કરે, અથવા આપણને ઇજા કરે તો આપણને દુઃખ થાય છે, તેજ નિયમાનુસાર આપણે પણ કોઇ જીવનો નાશ ન કરવો. કીડીથી તે કુંજર સુધી, એક જંગલી મનુષ્યથી તે દેવાધીશ ઇંદ્રિ સુધી સર્વને પોતાની જીંદગી વ્હાલી છે. મરવું કોઇને ઇષ્ટ નથી. વૃદ્ધ પુરૂષને પણ મરણનો વિચાર ભયભીત કરી ત્રાસ ઉપજાવે છે. વળી જે મહાત્માઓના પગલે ચાલી ઇષ્ટસિદ્ધિ કરવા આપણે પ્રયત્ન કરીએ છીએ, તે મહાત્માઓમાં પ્રાણી માત્ર તરફ દયા બતાવવાનો ગુણ સ્વાભાવિક હતો અને પ્રાણી માત્ર તરફના ઉચ્ચ પ્રેમને લીધેજ તેઓ ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરવા સમર્થ થયા હતા. માટે આપણે પણ તે ગુણ ખીલવવાની જરૂર છે, અને આપણા સંબંધમાં આવતાં દરેક પ્રાણી તરફ દયા-પ્રેમ બતાવવાથી તે ગુણ ખીલે છે. अहिंसा परमो धर्मः આ સૂત્ર આ કારણને લીધેજ સર્વ આર્ય ધર્મમાં ઉત્કૃષ્ટ મનાયું છે. બાઇબલ મનુષ્ય માત્રને પોતાના બંધુ તુલ્ય ગણવાનું શિખવે છે; ત્યારે આર્ય ધર્મો મનુષ્ય અને પ્રાણીવર્ગ તરફ પ્રેમ-દયા કરવાનો ઉત્તમ બોધ આપે છે. પશ્ચિમની પ્રજા જે અત્યાર સુધી માંસાહારી હતી, તે પ્રજાના કેટલાક વિચારશીળ પુરૂષો અહિંસાના પરમ સૂત્રને ભજનારા થયા છે, માંસાહારના ત્યાગી થયા છે અને બીજાઓને પણ માંસાહારના અનેક પ્રકારના દોષ બતાવી શુદ્ધ માર્ગે દોરવાને પ્રયત્ન કરી રહ્યા છે. ધન્ય છે એવા સત્યગ્રાહી વિચારશીળ પુરૂષોને! જ્યારે માનવ બંધુ તરફની દયાનું ક્ષેત્ર વિસ્તારી, પશુવર્ગ તરફ દયા બતાવવાનું ઉત્તમ સૂત્ર પાશ્ચાત્ય પ્રજામાંના કેટલાક સ્વીકારતા થયા છે અને માંસાહારનો ત્યાગ કરી શુદ્ધ જીવન ગાળવામાંજ પોતાનો સઘળો પુરૂષાર્થ વાપરતા થયા છે; ત્યારે અફસોસની વાત છે કે કેટલાક આર્યકુળમાં અંગારા સમાન હિંદવાસીઓ પોતાના કુળ તથા ધર્મની મર્યાદાની જરા પણ દરકાર રાખ્યા સિવાય

માંસાહારમાં લેપાય છે. ઉપરના તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો સમજી તે અધર્મ માર્ગથી તેઓ વિમુખ રહે એવી આ લેખકની હૃદયપૂર્વક પ્રાર્થના છે.

કેવળ બાહ્ય સ્થૂળ હિંસાથી અટકવામાંજ દયાનો સમાવેશ થતો નથી; કોઇ પણ પ્રાણીનું દિલ દુભાય તેવું મન, વચન અને કાયાથી કાર્ય નહિ કરવામાંજ ખરી દયા સમાયેલી છે. જ્યાં પ્રેમ છે ત્યાં દયા છે, અને જ્યાં દયા છે, ત્યાં પ્રેમ છે. માટે પ્રેમપૂર્વક–બીજાનું ભલું કરવાની વૃત્તિ સહિત–દયા કરવી.

હવે બીજા સદ્‌ગુણનો વિચાર કરીએ.

પરધનહરણ ન કરવું, આ પ્રશ્ન પણ તત્ત્વજ્ઞાની દૃષ્ટિથી સહેલાઇથી સમજાવી શકાય તેવો છે. તે વ્રતને જૈન ધર્મમાં અદત્તાદાનવિરમણવ્રત કહે છે. કોઇ પણ મનુષ્યે જે આપણને આપ્યું ન હોય તે લેવું તે ચોરી કહેવાય. જોરથી, લોભથી, અન્યાયથી અથવા છેતરીને બીજા પાસેથી કાંઇ પણ વસ્તુ મેળવવામાં આવે તેનો પરધનહરણમાં સમાવેશ થાય છે. અમુક મનુષ્ય પાસે આપણે કાંઇ કામ કરાવરાવ્યું; પછી તેની મહેનતનો યોગ્ય બદલો આપવાને બદલે કાંઇક ઓછું દ્રવ્ય લોભની વૃત્તિથી આપણે તેને આપ્યું. આનું પરિણામ શું આવે છે તે આપણે તપાસીએ, તેથી તેને જે નુકસાન થાય તેના કરતાં અનંતગણું નુકસાન આપણને થાય છે. તેને તો ફક્ત કેટલાક પૈસા ઓછા મળ્યા, સ્થુળ ધનનો લાભ ઓછો થયો; પણ ન્યાયબુદ્ધિનું તત્ત્વ (Principle of justice) જે દ્વારા આપણો આત્મપ્રકાશ થવાનો હતો તેજ આપણામાંથી નાશ પામ્યું. શું આ ઓછો ગેરલાભ છે? આ કરતાં વધારે મોટું નુકસાન બીજું શું હોઇ શકે? તેજ કારણને લીધે જૈનધર્મમાં શ્રાવકપણાને યોગ્ય થવાના જે પાંત્રીશ ગુણ કહેલા છે તેમાં ન્યાયસંપન્નવિભવ અથવા ન્યાયથી પેદા કરેલા ધનને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. આપણે આપણા ભાઇને છેતરતાં આપણી જાતનેજ છેતરીએ છીએ. સ્થુળ દ્રવ્યનો લાભ મેળવવા જતાં આત્મિક દ્રવ્ય ખોઇ બેસીએ છીએ.

ધનના લાભ કરતાં ન્યાયબુદ્ધિ-સત્યવૃત્તિ વિશેષ કીમતી છે. જે મનુષ્યો ફક્ત નજીવા ક્ષણિક લાભ ખાતર ઉચ્ચ તત્ત્વનો ભોગ આપે છે, તેઓ હજુ ધર્મનું પ્રથમ પગથિયું પણ સમજ્યા નથી, એમ માનીએ તો તેમાં કાંઇ ખોટું કહેવાય નહિ.

હવે સત્ય વાક્યનો વિચાર કરીએ. કહ્યું છે કે **सत्यान्नास्ति परो धर्मः ।** સત્ય કરતાં ઉત્કૃષ્ટ ધર્મ બીજો કોઇ નથી. જૈન ધર્મ સત્યને બીજું મહાવ્રત ગણે છે. સર્વ સદ્ગુણોનો પાયો સત્ય છે, તેમજ સર્વ દુર્ગુણો અસત્યમાંથી નીકળે છે. પોતે જે જાણતા હોઇએ, તેનાથી જૂદા પ્રકારનું કથન કરવું તે અસત્ય. જે મનુષ્ય અસત્ય બોલે છે તે અંતઃકરણ (Inner Voice of God) ના અવાજનો અનાદર કરે છે અને શુદ્ધ અંતઃકરણને અશુદ્ધ બનાવે છે. આત્મા અને અંતઃ-કરણ વચ્ચે મલિનતાનો પડદો ખડો થાય છે, તે પડદાને લીધે આત્માનો શુદ્ધ પ્રકાશ અંતઃકરણ પર પડી શકતો નથી. આ પ્રમાણે અસત્ય બોલ-નાર પોતાનુંજ અહિત કરે છે. ઘણી વાર બીજા મનુષ્યને નુકસાન કરવાના હેતુથી નહિ પણ હલકા સ્વભાવ અને સ્વાર્થને લીધે મનુષ્ય જૂઠું બોલવા દોરાય છે. ઐહિક સુખ તેને વધારે આકર્ષક અને મોહક લાગે છે; અને ક્ષણિક સુખ સારૂ મનુષ્યો આત્મતત્ત્વને મલિન કરનાર અસત્ય વચન બોલવાને પ્રેરાય છે. નાનપણથી બાળકો હસામશ્કરીમાં જૂઠું બોલતાં શિખે છે, તે વખતે આગળ ઉપર તેનાથી નીપજનારાં અનિષ્ટ પરિણામોનું તેમને ભાન હોતું નથી. પણ વિચારવંત અને પુત્ર-વત્સલ માતપિતાએ તેમને તેમ કરતાં અટકાવવાં એ તેમની ખાસ ફરજ છે; કારણ કે નાનપણથી જો ટેવ સુધારવામાં ન આવે તો પછી તે ટેવ સ્વભાવમાં દૃઢીભૂત થાય છે અને સત્સમાગમ અથવા જ્ઞાનની પ્રબળતા સિવાય તે ટેવ સુધરતી નથી.

વળી સત્ય બોલવાથી, સત્ય વિચાર પ્રમાણે ચાલવાથી, તેમજ અંતરમાં કેવળ સદ્વિચારો કરવાથી, માણસમાં એવી શકિત જાગૃત થાય છે કે તે અંતરસ્ફુરણ (intuition) દ્વારા ગમે તેવા પ્રસંગોમાં

સત્ય શું તે સહજમાં સમજી શકે છે. જેમ ઝવેરી સો ખોટા હીરામાંથી એક ખરો હીરો તત્ક્ષણ ઓળખી શકે છે, તેવી રીતે સત્ય વિચારો, સત્ય વચનો અને સત્ય કાર્યો કરનાર પુરૂષ અનેક અસત્ય બાબતમાંથી ખરી વાતને તરતજ પારખી શકે છે. તેનામાં સત્ય પારખવાની અલૌકિક શકિત ઉદ્‌ભવે છે.

યોગ્ય કાળે દાન આપવું એ ચોથો સદ્‌ગુણ છે. દાનના સંબંધમાં ગયા પ્રકરણમાં સંપૂર્ણ વિચાર કરી ગયા છીએ; માટે આ પ્રકરણમાં તેનું ફરીથી વિવેચન કરવું યોગ્ય ધાર્યું નથી. છતાં દાનના સંબંધમાં એક બાબત ધ્યાન રાખવાલાયક છે અને તે **काले शक्त्या प्रदानम्** છે; અર્થાત્ યોગ્યકાળે શક્તિ પ્રમાણે દાન આપવું. યોગ્ય સમયે આપેલું દાન તેના લેનારને અત્યંત હિતકારી નીવડે છે અને તેથી આપનારનો હેતુ જે સામા મનુષ્યનું દુઃખ દૂર કરવાનો છે, તે પાર પડે છે. તેમજ શક્તિ અનુસાર દાન આપવું. " ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો " એ જાણીતી કહેવત આ સંબંધમાં ભૂલવી જોઇતી નથી. એટલે પ્રથમ પોતાનો તથા કુટુંબના ભરણપોષણનો વિચાર કરી, અવશેષ ધનમાંથી સત્પાત્રે દાન આપવું. તેમજ પોતાની શકિત છતાં, દાન લેનાર સત્પાત્ર મળવા છતાં કંજુસાઇ કરવી તે પણ અયોગ્ય કહેવાય. માટે દાન આપવાનો પ્રસંગ મળતાં શકિત પ્રમાણે દાન આપવા ચુકવું નહિઃ કારણ કે તેથી આપણામાં દયાનો–પરોપકારવૃત્તિનો ગુણ ખીલે છે.

હવે પારકાની સ્ત્રી સંબંધી વાતમાં મૌનવ્રત ધારણ કરવું, એ ઉત્તમ ગુણ સંબંધી આપણે વિચાર કરીશું. પારકી સ્ત્રી સંબંધી વાતમાં પણ મૌનવ્રત ધારણ કરવું, ત્યારે તે સંબંધી આડો અવળો વિચાર અથવા સમાગમ કરવાની વાત તો દૂરજ રહી, તે કહ્યા વિના પણ સમજાય તેવી બાબત છે. મહાન્ પુરૂષોનાં વાક્યોમાં રહેલો ગંભીર હેતુ જરા વધારે એકાગ્રતાથી વિચાર કરતાં ઘણી વાર જડી આવે છે. જે કારણથી કાર્ય ઉત્પન્ન થાય તે કારણનોજ નાશ કરવો એવો બોધ ઉત્તમ પુરૂષો આપે છે. વ્યભિચાર અથવા પરસ્ત્રીગમનનું મુખ્ય કારણ પરસ્ત્રી

સંબંધી વાર્તાલાપ છે. માટે તે કારણુનોજ નાશ કરવા ઉદ્યમી થવું જોઇએ. ભગવદ્‌ગીતામાં લખેલું છે કેઃ—

ध्यायतो विषयान्पुंसः संगस्तेषूपजायते ।
संगात्संजायते कामः ॥

વિષયોનું ધ્યાન કરવાથી, એટલે તે સંબંધી વિચાર કરવાથી, તેના પર આસક્તિ થાય છે અને આસક્તિ ઉપરથી કામવાસના ઉત્પન્ન થાય છે; તેજ નિયમ અહીં લાગુ પડે છે. પરસ્ત્રી સંબંધી વાતો સાંભળવાથી, સ્ત્રીઓના હાવભાવ અને સુંદરતાને વર્ણવનારી મનોરંજક નવલકથાઓ નિત્ય વાંચવાથી, તેમજ નાટકપ્રેક્ષણુ વગેરેથી રાગી પુરૂષોના મનમાં પરસ્ત્રી સંબંધી આસક્તિ જાગૃત થાય છે અને એકાંત ને અનુકૂળતા મળતાં પાશવસ્વભાવ–કામવૃત્તિ પ્રબળ વર્ત્તે છે. બ્રહ્મચર્યનું રક્ષણુ કરવા નિમિત્ત જે નવ વાડોનું ધર્મ પુસ્તકોમાં વર્ણુન કરેલું છે, તેમાંની એક સ્ત્રી સંબંધી વાતો નહિ સાંભળવારૂપ છે. વ્યભિચારથી મનુષ્યો ત્રણુ રીતે અટકે છે. અધમ મનુષ્યો રાજ્યદંડના ભયથી, મધ્યમ પુરૂષો પરલોકના ભયથી, અને ઉત્તમ પુરૂષો તો સ્વભાવથીજ પરસ્ત્રીના પાશથી મુક્ત રહી શકે છે. જેઓ સ્વસ્ત્રીમાં સંતોષ ન માનતાં પરસ્ત્રીના ફંદમાં ફસાય છે, તેઓ ખરેખર તે સ્ત્રીઓના પતિઓની લાગણીને કેટલું દુઃખ આપે છે, તેનો ખ્યાલ તે સ્વાર્થી અને ક્ષણિક સુખના લાલચુઓને ક્યાંથી આવી શકે ? સોનાના પ્યાલામાંના અને રૂપાના પ્યાલામાંના દૂધને પીતાં તેમના મનમાં શો ફરક લાગતો હશે તે તેઓજ કલ્પી શકે !

વળી જે મનુષ્યનો પ્રેમ કેવળ બાહ્ય–સ્થૂળ શરીરની સુંદરતા ઉપર આધાર રાખતો નથી, પણુ તે શરીરની અંદર રહેલા આત્માપર આધાર રાખે છે, તેને જાતિ (Sex) વિચારને લીધે ઉદ્‌ભવતા મદનના વિકારો જરા પણુ અસર કરી શકતા નથી. તેનો પ્રેમ બાહ્ય સુંદરતા પર ટકી રહેલો નથી. તેજ સ્ત્રીનાં વય તથા રૂપમાં ફેરફાર થવા છતાં તેના પ્રેમમાં રતિમાત્ર ફેર પડતો નથી. તેનો પ્રેમ આત્માને આધીન છે. અને બાલ્યાવસ્થા, યૌવનાવસ્થા તેમજ વૃદ્ધાવસ્થામાં આત્મા એકનો

એકજ હોવાથી તેના સ્ત્રી તરફના પ્રેમમાં કોઇપણ પ્રકારની ન્યુનતા આવતી નથી. અને તેથી કરીને પરસ્ત્રીના શરીર તરફ તેનું મન આકર્ષાતું નથી. તે સારી રીતે સમજે છે કે દરેક વસ્તુ જે પ્રિય લાગે છે તેનું કારણ તે શરીરની અંદર રહેલો આત્મા છે. જો આત્માને લીધે શરીર પ્રિય ન લાગતું હોય, તો મરણ પછી તેનું તે શરીર કેમ પ્રિય લાગતું નથી? કેમ તેને બાળી નાખવાને માણસો તત્પર થાય છે? માટે પ્રેમ આત્માને આધીન છે. આત્મા જાતિરહિત છે. આત્મા પુરૂષ નથી, સ્ત્રી નથી, નપુંસક નથી; તોપછી પરસ્ત્રીના શરીર આશ્રયી વાંચ્છના કરવી એ એક પ્રકારની મોટી અજ્ઞાનતા છે.

તૃષ્ણારૂપી પ્રવાહનો ભંગ કરવો. મમત્વભાવજ સર્વ દુઃખનું કારણ છે. "હું અને મારૂં" એ મોહરાજાનો પ્રબળ મંત્ર છે. તૃષ્ણા-ઇચ્છા, મનુષ્યને આ જગત્‌માં જન્મમરણના ચક્ર સાથે બાંધે છે. બૌદ્ધ ધર્મમાં કહ્યું છે કે, "હે ભિક્ષુકો! દુઃખની ઉત્પત્તિને લગતું ઉત્તમ સત્ય નીચે પ્રમાણે છે. જે ઇચ્છા એક વખત આ સ્થળે અને અન્ય સમયે બીજે બીજે સ્થળે સંતોષ શોધે છે, તે ઇચ્છામાંથી દુઃખ ઉત્પન્ન થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો વિકારતૃપ્તિની ઇચ્છા એ ખરૂં દુઃખનું કારણ છે" તૃષ્ણાને જેમ વધારીએ તેમ વધે છે. તૃષ્ણાનો નાશ કરવાને એકજ માર્ગ છે. તે માર્ગ તે એ છે કે જે વસ્તુઓ તરફ તૃષ્ણા દોડતી હોય તે વસ્તુઓની અનિત્યતા અને અસારતા અનુભવથી અથવા ઉપદેશથી જાણવી. જ્યાં સુધી તે વસ્તુઓની અસારતા અનુભવમાં આવી નથી, ત્યાં સુધી તે તૃષ્ણાનો કદાપિ અંત આવવાનો નથી. તેની અસારતા અનુભવવાને નિત્ય અને અનિત્ય અથવા સદ્ અને અસદ્ વસ્તુ વચ્ચેનો ભેદ જાણવાની જરૂર છે. તે ભેદને 'વિવેક' કહેવામાં આવે છે. વિવેક જાગૃત થયો એટલે વૈરાગ્યવૃત્તિ સ્વયમેવ ઉત્પન્ન થશે અને અનિત્ય વસ્તુ તરફથી મન ઉઠી જશે; આ રીતે તૃષ્ણાનો અંત આવશે.

ગુરૂ તરફ વિનય રાખવો. આ ઉપદેશ આર્યભૂમિમાં સામાન્ય છે. વિદ્યા મેળવવાના ત્રણ માર્ગ શાસ્ત્રમાં વર્ણવેલા છે; ધન, વિદ્યા અને

ગુરૂસેવા. તે અનુક્રમે અધમ, મધ્યમ અને ઉત્તમ છે. ગુરૂના ચરણકમળ ની સેવા કરી, ગુરૂનો વિનય કરી વિદ્યા મેળવવી એ ઉત્તમોત્તમ માર્ગ છે. પણ પૂર્વ સમયમાં જેટલું તે પ્રમાણે ચાલવામાં આવતું તેના શતાંશમે ભાગે પણ હાલમાં તે ધોરણ અમલમાં આવતું નથી અને તેથી ગુરૂ અને શિષ્ય વચ્ચેનો સંબંધ કેવળ શોકજનક છે. શિષ્યો ગુરૂભણી પૂજ્ય બુદ્ધિથી જોતા નથી અને ગુરૂઓ પૂર્વની માફક શિષ્યોને પુત્રતુલ્ય ગણી વાત્સલ્ય દર્શાવતા નથી. એક પૈસા આપે છે અને બીજા પૈસ લેઇ ભણાવે છે, પણ બન્ને વચ્ચે કોઇ પણ પ્રકારનો ઉચ્ચ સંબંધ રહેતો નથી. વિનયથી ગુરૂનું હૃદય પ્રસન્ન થાય છે અને તે ખરા અંતઃકરણથી જ્ઞાન આપે છે, જે અલ્પ સમયમાં શિષ્યો ગ્રહણ કરી શકે છે. પ્રશમરતિમાં શ્રી ઉમાસ્વાતીએ લખેલું છે કે વિનયનું ફળ ગુરૂસેવા, ગુરૂસેવાનું ફળ જ્ઞાન, જ્ઞાનનું ફળ વૈરાગ્ય; એ રીતે અનુક્રમે મનુષ્ય એવી સ્થિતિએ પહોંચે છે કે જ્યારે તે જન્મ મરણના ચક્રમાંથી મુક્ત થઇ શકે છે. આ સર્વનું મૂળ પગથિયું વિનય છે. માટે ખરા ભાવથી એક ચિત્તથી ગુરૂભક્તિ કરવી એ દરેક આત્મહિતાર્થીનું કર્તવ્ય છે.

જે મનુષ્ય વિનયી છે તેજ જ્ઞાન મેળવવાને ખરો પાત્ર છે. માટે આ સદ્‌ગુણ અવશ્ય ખીલવવો. હમેશાં શિષ્યવૃત્તિ રાખી જેની પાસે સત્ય જણાય તેની પાસેથી તેનો વિનય કરી તે શિખી લેવું. આ રીતે વિનયી પુરૂષ અલ્પ સમયમાં વિશેષ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.

છેલ્લો પણ સૌથી ઉત્તમ ગુણ અનુકમ્પા—પ્રાણીમાત્ર તરફ દયા—નો છે. દરેક ગુણ છેવટે ઉચ્ચ માર્ગ તરફ લેઇ જવા સમર્થ છે, પણ દરેકનો માર્ગ અતિ વિકટ છે. પરંતુ આ માર્ગ સૌથી ઉત્તમ તેમજ સરલ છે. પરોપકાર કરતાં આ માર્ગે સ્વાર્થ સધાય છે. કેવળ મનુષ્ય તરફ જ નહિ પણ સર્વ પ્રાણી તરફ દયા બતાવવાનું—પ્રાણીમાત્રના દુઃખમાં ભાગ લેવાનું તે ગુણ આપણને શિખવે છે. જે મનુષ્યમાં આર્દ્રતા નથી, જે મનુષ્યનું હૃદય પરનું દુઃખ દેખી અનુકમ્પાથી શોકાતુર થતું નથી, છતી શક્તિએ તેનું દુઃખ દૂર કરવા જે પ્રયત્ન કરતો નથી તેનામાં

હજુ દયાનાં બીજ ખરી રીતે જાગૃત થયાં નથી, એમ માનીએ તો ખોટું નહિ. ભલેને મનુષ્ય બુદ્ધિશાળી હોય, ભલેને તે વિદ્વાન્ હોય, લેખક હોય, છટાદાર ભાષણકર્ત્તા હોય, ધનવાન્ હોય, પણ જે મનુષ્યના હૃદયમાં આર્દ્રતા નથી તેને હજુ બહુ શિખવાનું છે; પરમાત્મપદ પ્રાપ્ત કરવા પહેલાં હજુ તેને બહુ ભવ રખડવાનું છે.

બાઇબલ યથાર્થ કહે છે કે "જે તારા પડોશીને તું જૂએ છે તેનાપર તું પ્રેમ રાખી શકતો નથી તો પછી જે ઇશ્વર અદૃશ્ય છે તેના પર તું પ્રેમ કેવી રીતે રાખી શકીશ?" માટે તે ગુણ ખીલવવાનો પ્રારંભ કરવો જોઇએ. 'Charity begins at home' પરોપકાર **ઘરથી** શરૂ થાય છે, એ સૂત્ર સ્મરણમાં રાખી દયાનું ક્ષેત્ર ધીમે ધીમે વધારતાં જવું. જેનું દયાનું ક્ષેત્ર આખું જગત્ છે એવી અનુકમ્પા-દયાની મૂર્તિએ-ગૌતમ બુદ્ધે એક સમયે કહ્યું છે કેઃ—

સહુ પ્રાણી દુઃખમય ભાસે;
જનતા પીડાતી જગ આખે,
તે સહુની પીડા દૂર કરવા,
કલ્યાણ જગત્માં ભરવા;
મુજ પ્રીતિ એકલી હોમાશે,
બીજું જગત્ જીવી સુખી થાશે,
ઓ તાત!
ઓ માત! પ્રજા! સુખ સૂત્ર!
મુજ હૃદય પ્રીતિના અંગ તમે સહુ;
અંગ સર્વ છો મ્હારાં,
જન-પશુ જગના કલ્યાણ-યજ્ઞપર;
હોમું અંગ સહુ મ્હારાં.

જે મનુષ્યોએ આખા જગત્ના લાભ ખાતર, જનમંડળના કલ્યાણ સારૂ પોતાની જીંદગીનો, પોતાના સર્વસ્વનો ભોગ આપ્યો છે

તેવા અનુકંપાવાળા જનો આ જગતમાં વિરલા માલૂમ પડે છે. આપણે પણ તે મહાત્માઓને પગલે ચાલી બીજાના લાભ ખાતર, બીજાનું દુઃખ દૂર કરવા યથાશક્તિ પ્રયત્ન કરવો. જો કે આપણે સૂર્યની પેઠે પ્રકાશ ન આપી શકીએ તોપણ ફક્ત એક તારાની માફક ચળકીને પણ આપણા સંબંધમાં આવતાં-અજ્ઞાનમાં ગોથાં ખાતાં મનુષ્યોને સન્માર્ગે ચઢાવવા તથા તેમનું ભલું કરવા પ્રયત્ન કરવો એ આપણી ફરજ છે. આ સર્વ ધર્મને માન્ય કેટલાક ઉત્તમ ગુણોનું યથામતિ વિવેચન કરી ગુરૂદેવે આપેલી સપ્ત સુવર્ણમય કુંચીઓમાંથી બીજી કુંચીનું વર્ણન સમાપ્ત કરતાં પહેલાં એટલું લખવાની જરૂર છે કે આ ગુણોનાં બીજ દરેક મનુષ્યમાં માલૂમ પડે છે; પણ તેને પૂરેપૂરી રીતે ખીલવી પૂર્ણતાએ પ્હોંચાડવાનું કામ દરેકના પુરૂષાર્થ ઉપર આધાર રાખે છે.

પ્રકરણ ૪ થું.

કુંચી ૩ જી.

ક્ષમા.

क्षमाखड्गः करे यस्य दुर्जनः किं करिष्यति ।
अतृणे पतितो वह्निः स्वयमेवोपशाम्यति ॥

જેના હસ્તમાં ક્ષમારૂપી તરવાર છે તેને દુર્જન શું કરવાનો હતો ? ઘાસ વગરની પૃથ્વીપર પડેલો અગ્નિ પોતાની મેળે ઓલવાઇ જાય છે. ક્ષમામાં જે અગણિત લાભ છે તેનું સવિસ્તર વર્ણન નહિ આપતાં તેમાંના કેટલાક લાભ દર્શાવવા અત્રે પ્રયત્ન કરવામાં આવે છે.

આપણું કોઇએ નુકસાન કર્યું હોય, અથવા આપણી ઇચ્છા વિરૂદ્ધ કોઇ વર્ત્યો હોય ત્યારે આપણે તે મનુષ્યપર ક્રોધ કરવા દોરવાઇએ છીએ; પણ તે સમયે આ પ્રમાણે વિચાર કરવો: "જે કાર્ય થયું તે ન થયું થવાનું નથી; ક્રોધ કરવાથી તે કાર્ય સુધરવાનું નથી, પણ ઉલટો તે મનુષ્ય મારા પર ક્રોધે ભરાશે. આ પ્રમાણે અગ્નિમાં ઘી નાખ્યાની માફક પરસ્પર ક્રોધની વૃદ્ધિ થશે. બન્ને વચ્ચે અને બન્નેના સ્વજનો તથા મિત્રોમાં કલહનાં બીજ રોપાશે. વળી તે સમયની ચિત્તવૃત્તિમાં આર્ત–રૌદ્ર ધ્યાન સિવાયના બીજા વિચારો પ્રવેશ પામી શકવાના નહિ. તે સામા મનુષ્યનું કેવી રીતે બુરૂં કરવું, તેજ વૃત્તિ મુખ્ય થશે; અને તેથી બીજું કોઇ પણ કાર્ય ક્રોધી મનુષ્યને સુઝશે નહિ." ક્રોધ એ શરીરમાં એક પ્રકારનું ઝેર ઉત્પન્ન કરે છે, તેથી ક્રોધી અથવા ચીડીઆ પુરૂષનું શરીર કદાપિ વળતું નથી; તે મનુષ્યનું શરીર નિરંતર સુકાએલું રહે છે, કારણ

કે તે ક્રોધાગ્નિનું ઝેર તેના સત્ત્વને ચુસી લે છે. ક્રોધ સમયે મનુષ્ય એવા શબ્દો બોલી જાય છે કે પાછળથી ગમે તેટલો પશ્ચાત્તાપ કરે તોપણ તે શબ્દોનો કારી ઘા સામાના હૃદયમાંથી રૂઝાતો નથી. તરવારનો ઘા રૂઝાય પણ શબ્દનો ઘા હૃદયસ્પર્શી હોવાથી વિશેષ કાળ ટકે. માટેજ કહ્યું છે કે If you are angry hold your tongue. જ્યારે તમે ક્રોધાવેશમાં હો ત્યારે મૌનપણું ધારણ કરજો.

હવે બીજી બાજુ તપાસીએ તો ક્ષમા કરવાથી મૈત્રી વધે છે, સામો મનુષ્ય આપણા આભાર નીચે આવે છે, અને આપણા ગુણનો બદલો વાળવા યથાશક્તિ પ્રયત્ન પણ કરે છે. ક્ષમા કરવાથી આપણી ચિત્તવૃત્તિ શાન્ત અને નિર્મળ થાય છે, ટુંકમાં કહીએ તો શાન્તવૃત્તિ-રૂપ સ્વર્ગીય સુખનો આસ્વાદ પ્રાપ્ત કરી શકાય છે. **शौर्यस्य भूषणं क्षमा** 'શૂરતાનું ભૂષણ ક્ષમા છે' એ ભર્તૃહરિના શબ્દોનું રહસ્ય થોડાનેજ સમજાયું હશે, આપણને જે બળ મળેલું છે તે નિર્બળને દુઃખ દેવા સારૂ નહિ, તેમજ ગરીબોપર ત્રાસ ગુજારવા ખાતર નહિ, પણ આપણા દુષ્ટ અને દુર્જય મનોવિકારો પર જય મેળવવા માટે છે, માટે વૈર લેવાની શક્તિ છતાં જે મનુષ્યો ક્ષમા આપે છે, તે પોતાના વીર-ત્વને દીપાવે છે; અને તેથી જ કહેવામાં આવ્યું છે કે 'ક્ષમા એ શૂરતાનું ભૂષણ છે' આ લેખનો મૂળ શ્લોક પણ આ સંબંધમાં જ કહેલો છે. જે મનુષ્યો ક્રોધે ભરાતા નથી તેમને દુર્જન પણ કશું કરી શકવાનો નથી; પણ જે મનુષ્યો ક્રોધને વશ થાય છે તેઓ તે સમયે ન કરવાનું કામ કરી દેછે અથવા ન બોલવાનું બોલી દે છે. આ માન-સિક નિર્બળતા છે.

દુર્જન મનુષ્ય આવાં છિદ્રોને શોધતો ફરે છે અને તેનો લાભ લેવા ચુકતો નથી. પણ જ્યાં ક્ષમારૂપ શસ્ત્ર હાથમાં છે ત્યાં દુર્જનને જરા પણ છિદ્રનો અવકાશ મળતો નથી. લાકડાં એકઠાં કરી મૂકયાં હોય તો અગ્નિનો સ્પર્શ થતાં તે સળગી ઉઠે, પણ જ્યાં લાકડાંજ નહિ ત્યાં

અગ્નિ શું કરવાનો હતો ? માટે ક્રોધને સ્થાન નહિ આપતાં ક્ષમારૂપ ઉચ્ચ વૃત્તિ ધારણ કરવી કે જેથી આપણા આત્મામાં શાન્તિ થાય, આપણો આત્મા વિકાસ પામે અને સામો મનુષ્ય પણ શુદ્ધ માર્ગે દોરાય. બુદ્ધ ભગવાને કહ્યું છે કે Hatred ceases by love and not by hatred દ્વેષ કદાપિ દ્વેષથી નાશ પામતો નથી, પણ પ્રેમથી નાશ પામે છે. માટે ક્રોધને ઉન્મૂળ કરવાને પ્રેમ-ક્ષમા જેવું એક પણ બીજું ઉત્તમ સાધન નથી, આ ઉપર એક નાની કથા પ્રસંગને અનુસરતી લખવામાં આવે છે.

એક સમયે કાશીના રાજા ગુણુવર્માએ કોશળ દેશના રાજા ચંદ્રશેખપર ચઢાઇ કરી તેને રાજ્યમાંથી હાંકી મૂકયો અને રાજ્ય સ્વાધીન કર્યું. તે પદભ્રષ્ટ થયેલો રાજા અને તેની રાણી ત્યાંથી ચાલ્યાં ગયાં, અને એક નાનું ઝુંપડું બાંધી તેમાં રહ્યાં. ત્યાં તે રાણીએ એક પુત્રને જન્મ આપ્યો, તેનું નામ ધર્મશેખર પાડવામાં આવ્યું. ત્યાં તે રાજાના પ્રથમના હજામે તેમને જોયાં અને આ જય મેળવનાર ગુણુવર્માને તેની પ્રીતિ સંપાદન કરવાને સઘળી હકીકત નિવેદન કરી; જે ઉપરથી રાજાએ પોતાના માણસો મોકલી તેમને પકડી મંગાવરાવ્યાં અને તેમને દેહાંતદંડની શિક્ષા ફરમાવી. ધર્મશેખર જેને સહીસલામતીને વાસ્તે બીજે મોકલી દેવામાં આવ્યો હતો તે ત્યાં આવી પહોંચ્યો; અને ટોળાંની અંદર થઇ માર્ગ કરવા લાગ્યો, કારણ કે તેણે પોતાના માતપિતાને ગરદન મારવાને લેઇ જવાતાં જોયાં. તેના પિતાએ ધીરે સ્વરે ઉપદેશ આપ્યો કે My son, be not long, be not short, hatred ceases not by hatred; by non-hatred=love it ceases. 'મારા પુત્ર ! તું લાંબો થતો નહિ, તેમ તું ટુંકો થતો નહિ; દ્વેષ કદાપિ દ્વેષથી નાશ પામતો નથી પણ દ્વેષ પ્રેમથી નાશ પામે છે.' આ પછી તે મરવાને ચાલી નીકળ્યો. છોકરાએ આ શબ્દોપર વિચાર કર્યો, પણ તેનો ભાવાર્થ તે સમજી શકયો નહિ. થોડા વખત પછી, પોતાના માતપિતાને ગરીબ અવસ્થામાં લાવી મારી નાંખનાર કાશીનરેશને ત્યાં

તે નોકરી રહ્યો, અને રાજાનું તેના સુસ્વરને લીધે ધ્યાન ખેંચાવાથી તે રાજાનો હજુરીઓ બન્યો. તે રાજાની તેના પર અત્યંત પ્રીતિ વધી અને પોતાનું માથું તે યુવકના ખોળામાં મૂકી સૂવા લાગ્યો. તે રાજા આ રીતે એક દિવસ સૂતો હતો એવામાં તે ધર્મશેખરના મનમાં વિચાર સ્ફુર્યો કે " રાજા મારા હાથમાં છે, તેણે મારાં માતપિતાને મારી નાંખ્યાં છે, મને પણ આવી સ્થિતિમાં લાવી મૂકયો છે; તે હમણાં નિરાધાર છે; હું તેને મારી નાંખીશ." પણ તેના પિતાના વિચારો તેની હૃદયચક્ષુ આગળ તરવા લાગ્યા. 'તું ટુંકો થનો નહિ,' તેનો અર્થ તેને જણાયો કે કોઇ પણ કામમાં તું ઉતાવળ કરતો નહિ. તરતજ તેણે ખેંચેલી તરવાર મ્યાનમાં પાછી મૂકી દીધી અને 'દ્વેષ, દ્વેષથી કદાપિ નાશ પામતો નથી' એ શબ્દોનું સ્મરણ કર્યું. રાજા જાગૃત થયો અને કહ્યું કે, જે કુંવરની ગાદી મેં પચાવી પાડી હતી તે કુંવરે મને મારી નાખ્યો એવું સ્વપ્ન મને આજે આવ્યું. તે યુવક તરવાર ખેંચી ઊભો થયો. તેણે પોતાનું ખરૂં સ્વરૂપ જાહેર કર્યું અને રાજાને નિવેદન કર્યું કે, 'હે રાજન્! તારી જીંદગી મારા હાથમાં છે' રાજાએ પોતાની જીંદગી બચાવવાને આજીજી કરી, તે વખતે તે રાજકુંવરે જવાબ આપ્યો, 'હે રાજન્! મેં તને મારી નાખવાની ધમકી આપી મારી જીંદગી જોખમમાં નાખી છે; તારે મારી જીંદગી પાછી આપવી જોઇએ.' આ પ્રમાણે જે રાજાની જીંદગીનો તે નાશ કરી શકયો હોત તે તેણે બચાવી અને રાજાએ પણ તેનો અપરાધ માફ કર્યો અને અભય વચન આપ્યું. પછી તે રાજકુંવરે પોતાના પિતાના મરણસમયના શબ્દો રાજાને કહ્યા. "મારા પિતાએ મને કહ્યું હતું કે મારે લાંબા થવું નહિ–લાંબા વખત સુધી દ્વેષ રાખવો નહિ; મારે ટુંકા થવું નહિ–મારે કામ કરવામાં ઉછાંછળા થવું નહિ; અને દ્વેષ દ્વેષથી નહિ પણ પ્રેમથી નાશ પામે છે, કારણ કે જો મેં તને મારી નાખ્યો હોત તો તારા સ્વજનો મને મારી નાખત અને મારા મિત્રો તારા સ્વજનોને મારી નાખત, એ રીતે પરસ્પર વેરની વૃદ્ધિ થાત. પણ આપણે એક બીજાને અભય

વચન આપ્યું છે અને આ રીતે પ્રેમથી આપણા દ્વેષનો અંત આવે છે."

જૈન ધર્મ પણ આખા દિવસમાં કરેલા પાપની માફી માગવાનો ઉપદેશ આપતાં વંદિતાસૂત્રદ્વારા જણાવે છે કેઃ—

अहं सर्वान्क्षमे जीवांस्ते च क्षाम्यन्तु मां सदा ।
मैत्री मे सर्वभूतेषु वैरं मम न केनचित् ॥ *

અર્થ—હું સર્વ જીવને ક્ષમા આપું છું. સર્વે જીવો મને ક્ષમા આપો. મારે સર્વ પ્રાણીઓ સાથે મૈત્રીભાવ છે. મારે કોઈ સાથે વૈર નથી.

આ પ્રમાણે દરરોજ ઉચ્ચાર કરવા છતાં વર્તનમાં તો બીજા ઉપર દ્વેષ રાખી તેનું બૂરૂં કરવા વિચારમાંજ ફરતા ફરીએ તો તે કોઇ પણ રીતે ઉચિત ગણાય નહિ. દરેક મનુષ્યને ક્ષમા માગવાની જરૂર પડે છે. આપણે પરમાત્મા આગળ આપણાં પાપ નિવેદન કરી ક્ષમા યાચીએ છીએ, પણ તેજ ક્ષમા બીજાને આપતાં આંચકો ખાઇએ, એ કેવા પ્રકારનો ન્યાય? આપણે જો ક્ષમાની યાચના કરતાં તે મેળવવાની ઇચ્છા રાખીએ છીએ તો પછી આપણે બીજાને ક્ષમા આપવાને તત્પર રહેવું જોઇએ.

"He who cannt forgive others, breaks the bridge over which he must pass himself, for every man has need to be forgiven." જે બીજાને ક્ષમા કરતો નથી, તે પુરૂષ જે પૂલ ઉપર થઇ પોતાને ચાલવાનું છે તે પૂલનેજ તોડી પાડે છે; કારણ કે દરેક મનુષ્યને ક્ષમા માગવાની જરૂર છે.

ક્ષમા શા સારૂ આપવી જોઇએ તેનું એક ઉત્તમ કારણ છે. આત્માજ કર્મનો કર્તા તેમજ ભોક્તા છે. આપણને જે સુખદુઃખ મળે

---

* **खामेमि सव्वे जीवा सव्वे जीवा खमन्तु मे ।**
मित्ति मे सव्वभूएसु वेर मज्झ न केणई ॥ १ ॥ (मूलपाठ)

છે, તેમાં બીજાં મનુષ્યો તો કેવળ નિમિત્ત કારણરૂપ છે. પરંતુ ખરૂં ઉપાદાન કારણ તો પૂર્વભવમાં કરેલાં પોતાનાં શુભ અથવા અશુભ કાર્યો છે. જો આપણને તે કર્મના અચલ અને સનાતન નિયમમાં વિશ્વાસ હોય તો કોઇ પણ મનુષ્યપર ક્રોધ કરવાનું કારણ રહેતું નથી. આપણું વર્તન કૂતરાના જેવું છે. જેમ કૂતરો લાકડી મારનારને કરડવા જતો નથી પણ લાકડીને કરડવા જાય છે, તેમ આપણે પણ પૂર્વભવમાં જે કર્મ ઉપાર્જન કર્યું છે તેનો જરા પણ વિચાર કરતા નથી, પણ તે કર્મ જે પુરૂષદ્વારા આપણે ભોગવીએ છીએ, અર્થાત્ તે ભોગવવામાં જે પુરૂષ સાધનભૂત થાય છે તેને દોષયુકત ઠરાવી, તેની તરફ દ્વેષ રાખીએ છીએ. અહા કેટલી અજ્ઞાનતા ?! કેટલી વિચારશૂન્યતા ?!

ક્રોધ એ અહંભાવથી ઉત્પન્ન થતી વૃત્તિ છે. મારૂં બગાડનાર કોણ? મારા વચમાં એ શી રીતે આવી શકે? શું એના માથામાં ગજ ઘાલ્યા છે કે મારૂં અપમાન કરી શકે? આવા આવા અહંભાવના વિચારો ક્રોધને જાગૃત કરવામાં કારણભૂત થાય છે. ખરો અથવા ખોટો અન્યાય લાગતાંજ ક્રોધશકિત જાગૃત થાય છે. કોઇ પણ શકિતનો એકદમ વિનાશ થઇ શકે નહિ, પણ શકિતની ગતિ બદલી શકાય. જેમ જળનો પ્રવાહ જોસભેર વ્હેતો હોય તેને અટકાવવામાં તો બહુજ બળની જરૂર છે, પણ તે પ્રવાહને બીજે માર્ગે વાળવાનું કામ ઘણું સરલ છે, તેમ ક્રોધને એકદમ દાબી દેવો તે કામ વિકટ છે, પણ ધીમે ધીમે તે શકિતને બીજા સન્માર્ગ તરફ વાળી શકાય.

ક્રોધની શકિતને બદલવાની ઇચ્છા રાખનાર પુરૂષે પ્રથમ તો પોતા સારૂ તેનો ઉપયોગ કરતાં અટકવું. પોતાને ગમે તેટલું નુકસાન થયું હોય, પોતાનું ગમે તેવું અપમાન થયું હોય, છતાં આ પુરૂષ તે નુકસાન અથવા અપમાન કરનાર પુરૂષ તરફ ક્ષમા ધારણ કરે છે, તેના ઉપર વૈર લેતો નથી, સ્વાર્થી ક્રોધનો તેણે સંહાર કરેલો છે. છતાં કોઇ મનુષ્ય બીજાને અન્યાયથી હેરાન કરતો હોય, ગરીબ ઉપર જુલમ ગુજારતો હોય, ત્યારે આ ક્રોધવૃત્તિવાળો પુરૂષ તે ગરીબનો પક્ષ લઇ તે અન્યાય

કરનારાપર સિંહની માફક તૂટી પડે છે, અને અન્યાયીને હેરાન કરવા ચૂકતો નથી. આ જો કે ક્રોધ છે, પણ તે 'પ્રશસ્ય ક્રોધ' (noble indignation) છે, જ્યાં જ્યાં અન્યાય દેખે ત્યાં ત્યાં તેની ક્રોધ શક્તિ અન્યાય કરનારપર સ્ફુરી નીકળવાની, પણ તે એવી સ્થિતિએ પહોંચ્યો છે કે પોતાને થતા અન્યાયને વાસ્તે એક પણ શબ્દ ઉચ્ચારતો નથી, એક પણ અશુભ વિચારને મનમાં દાખલ થવા દેતો નથી. હજુ આ કરતાં પણ એક વધારે ઉચ્ચ સ્થિતિ છે, તે સ્થિતિમાં અન્યાય કરનાર અને જેનાપર અન્યાય ગુજર્યો છે, તે બન્ને મનુષ્યો તેની દયાને પાત્ર છે, એવો વિચાર તેના મનમાં આવે છે. જેનાપર અન્યાય ગુજારવામાં આવ્યો છે, તે પુરૂષ પોતાનું કર્મ ભોગવી લે છે; જો કે તે દયાને પાત્ર છે, અને તેનું દુઃખ દૂર કરવું એ આપણી ફરજ છે છતાં તે દુઃખ ભોગવવામાં તેના અશુભ કર્મનો અંત આવે છે; પણ અન્યાય કરનાર તો નવું કર્મ ઉપાર્જન કરે છે, માટે તે તો વિશેષ દયાને પાત્ર છે. તેને તો સમજાવી શુદ્ધ માર્ગે દોરવો એ તે પુરૂષનું પરમકર્તવ્ય થઇ પડે છે; કારણ કે શુદ્ધ માર્ગ જો તેના જાણવામાં ન આવે, તો તેના અન્યાયનો અંત આવી શકશે નહિ અને તે વધારે ને વધારે અન્યાય કાર્ય કરવા પ્રેરાશે. આ રીતે તે ક્રોધની વૃત્તિ પ્રેમરૂપે બદલાઇ જાય છે. જૈનોના ચોવીસમા તીર્થંકર મહાવીર ભગવાનને જ્યારે ચંડકોશીઓ નાગ ડસ્યો ત્યારે તેનાપર ક્રોધે નહિ નહિ ભરાતાં તેનાપર કૃપા લાવી તેને તે કૃપાળુ પ્રભુએ પ્રતિબોધ આપ્યો હતો, કારણ કે પોતાને થતા નુકશાન વાસ્તે તેવા કરૂણાસાગર મહાત્માનું એક પણ રૂવું ખડું થતું નથી. તેઓનો જન્મ જગહિત કારણેજ છે. કેવળ દયામય સ્વરૂપ ભગવાને ક્ષમા કરી-દયા લાવી તે નાગને તાર્યો. ક્ષમા, ઉચ્ચ જીવાત્માઓનું પરમ લક્ષણ છે. તેઓ કર્મની વિચિત્ર ગતિ સમજે છે, તેઓ જાણે છે કે જેટલાં અન્યાયયુક્ત કાર્યો આ જગત્માં થાય છે, તે બધાંનું ખરૂં કારણ કેવળ અજ્ઞાનજ છે. કેટલાક કહે છે કે તેણે તો જાણીને કાર્ય કર્યું, તે ખોટું જાણતો હતો છતાં તે કાર્ય તેણે આચર્યું, હવે તે કેવી રીતે ક્ષમાને પાત્ર હોઇ શકે? તેને તો

શિક્ષાજ ઘટે છે. તેના જવાબમાં સત્ય રીતે કહી શકાય કે, તે કાર્યનું ખોટાપણું તેની બુધ્ધિએ ભલે સ્વીકાર્યું હોય, પણ તેના અંદરમાં તેની પ્રતીતિ થયેલી નહોતી; અને જ્યાં સુધી હૃદય અને બુધ્ધિ બન્નેથી સત્ય વાત ન મનાય ત્યાં સુધી ખરૂં જ્ઞાન સંભવી શકેજ નહિ. વળી લોભને વશ થઇ કોઇએ ખોટું કાર્ય કર્યું હોય તો લોભ પણ એક પ્રકારનું અજ્ઞાન છે. જે વસ્તુ આત્માની નથી, તે વસ્તુપર મારાપણાનો હક સ્થાપન કરવા પ્રયત્ન કરવો તે લોભ છે, અને આ લોભ તે અજ્ઞાન નહિ તો બીજું શું? માટે જેમ સૂક્ષ્મ વિચાર કરવામાં આવશે તેમ જણાશે કે સર્વ જાતનાં દૂષણો, અપરાધો, અન્યાય વગેરે અજ્ઞાનતાથી ઉદ્ભવે છે." Ignorance is to be pitied rather than scorned." એટલે અજ્ઞાન તે ધિક્કારને પાત્ર નથી, પણ દયાને પાત્ર છે માટે તેવા અજ્ઞાની પુરૂષોપર દયા લાવી તેમને શુધ્ધ માર્ગે દોરવા, પણ તેમનાપર ક્રોધ કરવો નહિ; કારણ કે ક્રોધથી તેઓ આપણા સદુપદેશથી વિમુખ થાય છે.

પ્રકરણ ૫ મું.

કુંચી ૪ થી.

વૈરાગ્ય.

વૈરાગ્ય એ શું તે જાણવું પ્રથમ જરૂરનું છે. કોઇ પણ વસ્તુ અથવા પદાર્થ તરફ રાગનો અભાવ તે વૈરાગ્ય કહેવાય છે. તે તરફ કંટાળો આવવો અથવા ઉદાસીન વૃત્તિ થવી તેનું નામ પણ વૈરાગ્ય છે. આ વૃત્તિ કયારે ઉદ્‌ભવે છે, તે ઉપરથી શો બોધ લેવો જોઇએ, અને ખરા અને ક્ષણિક વૈરાગ્યમાં શો ભેદ છે, તેનો યથાર્થ ખ્યાલ આવવાની જરૂર છે.

જો બહુજ સૂક્ષ્મ રીતે વિચાર કરીશું તો આપણને જણાશે કે વૈરાગ્ય દુઃખથીજ ઉદ્‌ભવે છે. જ્ઞાનદ્વારા પણ વૈરાગ્ય થાય, પણ વૈરાગ્યની ખરી અસર તો દુઃખ પડે ત્યારેજ દેખાઇ શકાય. જ્યાં સુધી મનુષ્યને સર્વ ઇચ્છિત પદાર્થ મળે છે, જ્યાં સુધી સંજોગો તથા મનુષ્યો અનુકૂળ હોય છે, જ્યાં સુધી સર્વ સ્વજન તથા સ્ત્રી પુત્ર વગેરે સુખમાં હોય છે અને ધન પણ જોઇતા પ્રમાણમાં પ્રાપ્ત થાય છે, ટુંકમાં કહીયે તો જ્યાં સુધી સર્વ સૃષ્ટિ તેની મરજી મુજબ ચાલતી જણાય છે, ત્યાં સુધી વૈરાગ્ય વૃત્તિ જાગતી નથી, ત્યાં સુધી તો પ્રાપ્ત થયેલા સુખમાંજ તે આનંદ માને છે. પણ સર્વનો સંહાર કરનાર કાળ પોતાનું સ્વરૂપ દેખાડે છે; તે સુખ ચિરકાળ નભી શકતું નથી; તેમાં અણધાર્યો બનાવ આવી પડે છે. જે સ્વજનને તે ઇષ્ટમાં ઇષ્ટ ગણતો હોય, અને જેનાથી ક્ષણવાર વિખુટા પડવું તેને સો વરસ

જેટલું વિષમ લાગતું હોય તેનું મૃત્યુ થાય, અથવા જે વસ્તુને તે પ્રિય ગણી તેનાપર અત્યંત આસક્તિ રાખતો હોય તે દૈવેચ્છાથી નાશ પામે અથવા તેના હાથમાંથી સરી જાય, ત્યારે તેના મનમાં એક પ્રકારની ગ્લાનિ ઉત્પન્ન થાય છે; બીજા શબ્દોમાં કહીએ તો તે વખતે જગત્ ઉપરથી—સંસારના સુખ ઉપરથી વિરાગ થાય છે.

તે વૈરાગ્યવૃત્તિ લાંબો કાળ ટકતી નથી, અને લોકો તેને સ્મશાન વૈરાગ્ય કહે છે તે યથાર્થ છે; કારણ કે સ્મશાનમાંથી પાછા ફરતાંજ જેમ સ્વજનનો શોક નાશ પામે છે, તેમ આ વૈરાગ્ય પણ બહુજ અલ્પકાળમાં અદૃશ્ય થાય છે. તે બીજા મનુષ્ય સાથે પ્રીતિ બાંધે છે, બીજી વસ્તુ તેનું મન આકર્ષે છે; તેના જીવનમાં નવાં આનંદ આપનારાં સુપુષ્પો ખીલી નીકળે છે, અને જે વસ્તુના અભાવમાં ક્ષણિક વૈરાગ્ય જાગૃત થયો હતો, તે વસ્તુના જેવી અથવા તેના કરતાં વધારે સુંદર બીજી વસ્તુ મળતાં તે વૈરાગ્ય અદૃશ્ય થાય છે.

જ્યારે આ વૈરાગ્યવૃત્તિ વિદ્યમાન હોય અને સંસાર અસાર ભાસતો હોય, તે વખતે તે વૈરાગ્યમાંથી અનેક ઉપયોગી શિક્ષણો ગ્રહણ કરી શકાય. સાંસારિક વસ્તુઓની અનિત્યતા અને અસારતાનો ખ્યાલ આપી શકે અને તેથી તે વૈરાગ્યવૃત્તિ આત્મા તરફ માણસનું ધ્યાન ખેંચવા સમર્થ થઇ શકે, પણ ઘણા અલ્પ સમયમાં બીજા આકર્ષક પદાર્થોના, તેમજ પ્રીતિવર્ધક મનુષ્યોના સંબંધમાં આવતાં તે વૈરાગ્યવૃત્તિ અદૃશ્ય થઇ જાય છે. કહ્યું છે કે,

धर्माख्याने श्मशाने च रोगिणां या मतिर्भवेत् ।
यदि सा निश्चला बुद्धिः को न मुच्येत बन्धनात् ॥

ધર્મ શ્રવણ કરતી વખતે, અથવા સ્મશાનમાં અથવા રોગ થયો હોય ત્યારે માણસની જેવી બુદ્ધિ થાય છે તેવી બુદ્ધિ નિશ્ચળ રહે તો બન્ધનથી કોણ મુક્ત ન થાય ? અર્થાત્ સર્વે થાય. માણસ જ્યારે દરદથી પીડાતો હોય છે ત્યારે પાંચ ઇન્દ્રિયોના વિષયસુખની, તેમજ જગતૂનાં બીજાં માયાવી સુખોની અસારતાપર તેનું ધ્યાન સહજ જાય છે. વળી મનુષ્ય

સ્મશાનમાં જાય છે અને બીજાનાં મૃત શરીર (મુડદાં) ને બળતાં જુએ છે ત્યારે પણ તે સહજ વિચારે છે કે આ શરીર પણ એક દિવસ બળવાનું છે. જે શરીરને પાળીપોષીને મેં મોટું કર્યું અને જેના સુખ સારૂ મેં સર્વ વસ્તુનો ભોગ આપવો દુરસ્ત ધાર્યો છે, તે શરીર મારી સાથે આવવાનું નથી. પણ તે શરીર તેમજ સંસારના સર્વ પદાર્થો મારે છોડી જવા પડશે. અને મૃત્યુ એ તો ચોક્કસ છે. આપણે કયારે મરીશું તે આપણે જાણતા નથી. આપણે કેટલી વયે મરીશું તે આપણા જ્ઞાનની બહાર છે; પણ જેમ બીજા મરે છે તેમ આપણે પણ આ દેહ તથા આપણી માની લીધેલી સર્વ વસ્તુનો ત્યાગ કરવો પડશે એ વાતમાં તો જરા પણ સંદેહ નથી. ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે, **जातस्य हि ध्रुवो मृत्युः** જન્મના.રને વાસ્તે મરણ ચોક્કસ છે. આ સંબંધમાં બૌદ્ધ ધર્મમાં એક નાની બોધદાયક કથા છે તેનો આ સ્થળે ઉતારો કરવો યોગ્ય લાગે છે.

કિશોગોતમી નામની એક સ્વરૂપવતી યુવતી હતી, તેનું લગ્ન યોગ્ય વર સાથે કરવામાં આવ્યું હતું, તે લગ્નથી તે દંપતીને એક પુત્ર ઉત્પન્ન થયો. તે છોકરો, જ્યારે પોતાની મેળે દોડી શકે તેટલી વયે પહોંચ્યો ત્યારે એકાએક મરણ પામ્યો. તે યુવતીને પોતાના પ્રથમ જન્મેલા બાળક સારૂ એટલો અણહદ પ્રેમ હતો કે તે મરણ પામેલા બાળકને ખભા ઉપર નાંખી ઘેર ઘેર તેને સારૂ દવા માંગતી માંગતી ભટકવા લાગી. એક બુધ્ધધર્મ પાળનારા ભિક્ષુકે તેને જોઇ, અને તેની અજ્ઞાનદશા જાણી કહ્યું કે “ મારી પાસે દવા નથી, પણ જેની પાસે તેની દવા છે તેવા એક પુરૂષને હું ઓળખું છું.”

‘તે દવા આપી શકે તેવો કોણ છે?’ એમ તેને કિશોગોતમીએ આતુરતાથી પૂછ્યું. ‘બુધ્ધદેવ તે દવા આપી શકશે, માટે તેની પાસે તું જા,’ એમ ભિક્ષુકે જવાબ આપ્યો. તે ગૌતમબુધ્ધ પાસે ગઇ અને નમસ્કાર કરી બોલી “ હે નાથ! પ્રભુ! મારા બાલકને હિતકારી થાય તેવી કોઈ દવા તમે જાણો છો?” ‘હું કાંઇ દવા જાણું છું.’ એમ

બુધ્ધદેવે જવાબ આપ્યો. હવે જેને દવા કરાવવી હોય, તેણે ડોક્ટર અથવા વૈદ્ય જે જે ઔષધિઓ મંગાવે તે તે લાવી આપવી એવો આ હિંદુસ્થાનમાં પ્રચલિત નિયમ છે. તે નિયમાનુસાર તે સ્ત્રીએ પૂછ્યું કે શી ઔષધિની જરૂર છે? તેના જવાબમાં બુધ્ધદેવે કહ્યું કે ફક્ત સરસવના દાણાની જરૂર છે. તે સ્ત્રી અત્યંત ખુશી થઇ, કારણ કે સરસવના દાણા મેળવવા તે સુગમ કાર્ય હતું. પણ બુધ્ધદેવે વધારામાં કહ્યું કે "જે ઘરમાંથી કોઇ છોકરો, સ્વામી, માબાપ અથવા ગુલામ ન મરણ પામ્યો હોય તે ઘરમાંથી તે સરસવના દાણા લાવજે." તે બોલી ' બહુ સારૂં' અને પછી તે સરસવના દાણા લેવા ઘેરઘેર ફરવા લાગી. જેને ઘેર તે જતી તે લોક દયા લાવી કહેતા હતા કે સરસવના દાણા આ રહ્યા. પણ જ્યારે તે પૂછતી કે "તમારા ઘરમાંથી કોઇ બાપ, સ્વામી, છોકરો, મા, ગુલામ વગેરે મરણ પામ્યું છે?" ત્યારે લોકો આશ્ચર્ય પામી કહેતા કે "જીવતાં માણસ બહુ થોડાં છે, પણ મરણ પામેલાંની સંખ્યા બહુજ છે." કોઇ કહેતું કે અમારો પિતા મરી ગયો છે; કોઇ બીજું કહેતું કે, મારો સ્વામી મરી ગયો છે. ત્યારે ત્રીજો કોઇ જણાવતો કે, થોડા દિવસ ઉપરજ મારો ગુલામ મરી ગયો.

જે ઘરમાં કોઇ પણ માણુસ મરી ગયું ન હોય, તેવું એક પણ ઘર નહિ જડવાથી તે થાકી; તેના મનની શંકાઓ દૂર થવા લાગી, અને દૃઢ નિશ્ચય કરી, પોતાના મરણ પામેલા બાળકના શરીરને જંગલમાં પડતું મૂક્યું અને બુધ્ધદેવ પાસે આવી નમસ્કાર કરી બેઠી. તેમણે પૂછ્યું "શું તું સરસવના દાણા લાવી કે?" "હે પ્રભુ! તે મારી પાસે નથી. લોકો કહે છે કે જીવતાં લોક બહુ થોડાં છે, પણ મરણ પામેલાંની સંખ્યા વિશેષ છે" એમ તે યુવતીએ જવાબ આપ્યો. તે પછી બુધ્ધદેવે તે સ્ત્રીને સંસારના પદાર્થોની અનિત્યતા અને ક્ષણિકતાનો બોધ આપ્યો; અને જણાવ્યું કે જગત્‌માં જેટલા પદાર્થો દેખાય છે તે સર્વ નાશવંત છે.

પણ આવા વિચાર ક્ષણભર હૃદયમાં ઉદ્‌ભવી વિનાશ પામે છે,

અને મનુષ્ય પાછો અગાઉની માફક સંસારના બીજા આકર્ષક પદાર્થોના મોહમાં તણાતો જાય છે. આ સર્વ વિચારો તેને દુઃખને લીધે ઉત્પન્ન થયેલા હોવાથી દુઃખનું કારણ અદૃશ્ય થતાં તે પણ અદૃશ્ય થાય છે. કારણ કે તત્ પ્રકારનું જ્ઞાન હજુ તેને થયેલું નથી.

મનુષ્યનો આત્મા સચ્ચિદાનંદમય છે. તે આનંદસ્વરૂપી છે. તે આનંદ ખોળવા મથે છે, આનંદ પ્રાપ્ત કરવો એ તેનો સ્વભાવ છે. કસ્તુરીઓ મૃગ પોતાની નાભિમાં કસ્તુરી હોવા છતાં, કસ્તુરીના સુવાસથી આકર્ષાઇ કસ્તુરી શોધવા આખા વનમાં ભટકે છે. તે અહીં મળશે કે ત્યાં તે તે જાણતો નથી અને તેથી સર્વત્ર રખડે છે, તેમ આત્મામાં પોતાનામાં આનંદ છે, પણ તેનું તેને ભાન નહિ હોવાથી, તે બહિ-ર્વિષયોમાં સુખની પ્રાપ્તિ નિમિત્તે રઝળે છે. ત્યાં તેને સુખ મળતું નથી, અને પછી અન્ય વિષયમાં તે સુખ શોધે છે. તેના સ્પષ્ટીકરણ સારૂ એકજ ઇન્દ્રિયના વિષય સંબંધી આપણે સંપૂર્ણ વિચાર કરીએ. દાખલા તરીકે રસવૃત્તિ લેઇએ. પ્રથમ સ્વાદિષ્ટ ભોજન રસવૃત્તિને આનંદદાયક લાગે છે; તેથી તેમાં તે સુખ માને છે, તે પદાર્થ સુખકારક લાગવાથી વધારે ને વધારે ખાવાને દોરાય છે; તેની જિહ્વા તે પદાર્થનો વધારે આસ્વાદ લેવા પ્રેરાય છે. હદ ઉપરાંત પણ સ્વાદિષ્ટ ભોજન તે કરે છે. પરિણામ એ આવે છે કે અજીર્ણ થાય છે; અથવા કોઇ પ્રકારનો વ્યાધિ પેદા થાય છે. પછી તેથી તે કંટાળે છે. આ પ્રમાણે તે મનુષ્યને જણાય છે કે પ્રથમ દર્શને જે વસ્તુ તેને સુખકર લાગતી હતી, તે પણ હદ ઉપરાંત ભોગવવામાં આવે તો દુઃખકર થાય છે. માટે હવે એવી વસ્તુ પ્રાપ્ત કરવી કે જે કેવળ સુખકર હોય, કારણકે પાંચે ઇન્દ્રિયોના વિષયો રસનાઇન્દ્રિયની માફક દુઃખગર્ભિત છે. ભગવદ્ગીતામાં કહ્યું છે કે

मात्रास्पर्शास्तु कौन्तेय शीतोष्णसुखदुःखदाः ॥
आगमापायिनो ऽनित्यांस्तांस्तितिक्षस्व भारत ॥ १ ॥

શીત અને ઉષ્ણ, તેમજ સુખ દુઃખને આપવાવાળા ઇન્દ્રિયોના સ્પર્શ અનિત્ય અને દુઃખથી પૂર્ણ છે; માટે હે અર્જુન ! તેને સહન કર.

આ પ્રમાણે જાતે દુઃખ અનુભવી મનુષ્ય જાણે છે કે સાંસારિક વસ્તુઓ જેને તે સુખકર માનતો હતો, તે પરિણામે દુઃખની આપવાવાળી છે; અને તે પદાર્થો તરફ સ્વાભાવિક વૈરાગ્ય પેદા થાય છે.

આમ એક વાર દુઃખ અનુભવવાથી તેની અસારતાનો યથાર્થ ખ્યાલ આવતો નથી. પાછો મનુષ્ય તે તરફ આકર્ષાય છે, અને જ્યારે વારંવાર તે વિશેષને વિશેષ દુઃખના કારણભૂત જણાય છે ત્યારેજ તેનું મન તે પદાર્થો તરફથી પાછું વળે છે. આ પ્રમાણે અનુભવ તેને શુદ્ધ માર્ગ તરફ પ્રેરે છે.

ફક્ત જ્ઞાનથી—ઉપદેશથી જેને વૈરાગ્ય ઉદ્ભવ થયો હોય તેવા જન તો વિરલા જણાય છે. જેમને પૂર્વજન્મના દૃઢ સંસ્કાર હોય તેવા પુરૂષો કદાચ કોઇના ઉપદેશથી વૈરાગ્યવાન્ થાય. પણ સામાન્ય નિયમ તો એજ કહી શકાય કે જ્યારે મનુષ્ય કોઈ પણ વસ્તુને અનુભવથી અસાર, અનિત્ય અથવા અંતમાં દુઃખના કારણભૂત જાણે છે, ત્યારેજ તે વસ્તુ પરથી તેનું મન હમેશને વાસ્તે ઉતરી જાય છે; અને આત્મા, તથા આત્માની સાથે નિકટ સંબંધ રાખતા શાશ્વત ગુણો તરફ તેનું મન દોરાય છે. આ નિત્ય અને અનિત્ય વસ્તુઓ વચ્ચેના ભેદનું જે જ્ઞાન છે તેને ધર્મશાસ્ત્રો વિવેકના નામથી ઓળખે છે. જે મનુષ્યમાં ખરો વિવેક જાગૃત થયો છે, તેવો મનુષ્ય કદાપિ સંસારના કોઇ પણ પદાર્થને સારૂ આત્માનો કોઇ પણ ગુણ મલિન થાય તેવું કાર્ય કરશે નહિ. જેથી આત્માની ગુપ્ત શક્તિઓ પ્રગટ થાય, અને આત્માના સ્વાભાવિક ગુણો આવિર્ભાવ પામે તેવો માર્ગ તે અંગીકાર કરે છે અને સુખદુઃખમાં મનનું સમાધાનપણું તે સારી રીતે જાળવી શકે છે. વૈરાગ્યદ્વારા મનનું સમાધાનપણું શી રીતે જાળવી શકાય તે ઉપર એક ટૂંકું દૃષ્ટાન્ત નીચે પ્રમાણે છે.

મગધ દેશમાં એક સમયે ત્યાંનો રાજા મરણ પામ્યો. તેના પુત્ર ભદ્રસિંહને સારૂ રાજ્યાભિષેકની સર્વ તૈયારીઓ કરવામાં આવી. રાજ્યાભિષેકની સર્વ ક્રિયા સંપૂર્ણ થયા પછી, તે નવા રાજાના ગળામાં

એક રત્નજડિત સુવર્ણું માદળિયું પહેરાવવામાં આવ્યું. તે માદળિયું વંશપરંપરાથી ચાલ્યું આવેલું હતું, તે રાજાના ગળામાં શા કારણથી નાંખવામાં આવતું હતું, તેની કોઇને પણ ખબર ન હતી. પણ દરેક રાજા જ્યારે ગાદીએ બેસે ત્યારે તે તેના ગળામાં નાંખવામાં આવતું હતું અને મરણ પર્યન્ત તેણે પોતાની કોટમાંથી તે કાઢી ન નાંખવું એવો ચાલી આવેલો નિયમ હતો. તે નિયમને અનુસરી આ રાજાએ પણ તે માદળિયું પોતાના કંઠમાં ધારણ કર્યું. આ વાતને ઘણાં વર્ષ વીતી ગયાં બાદ, માળવાનો પરાક્રમી રાજા **વીરસિંહ** ભારે સૈન્ય સાથે મગધપર ચડી આવ્યો, અને તેણે મગધ દેશના સૈન્યનો યુદ્ધમાં પરાજય કર્યો. ભદ્રસિંહ પોતાના શૂરા સામંતોને નાશ પામેલા જોઇ અને શત્રુને જીતવાને એક પણ માર્ગ નહિ જડવાથી, પોતાનો પ્રાણ બચાવવાને, થોડા પોતાના ચુસ્ત યોદ્ધાઓ સાથે છાનોમાનો તે શહેરના કોટના પાછલા ભાગથી નાસી ગયો. તે નિરાશ થઇ ગયો હતો, અને ચિંતાતુર ચ્હેરે એક વૃક્ષની શિતળ છાયા નીચે જરા આરામ લેવાને બેઠો; અને પોતાની પૂર્વની સ્થિતિ તથા બદલાઇ ગયેલી હાલની સ્થિતિનો વિચાર કરવા લાગ્યો.

ભૂત અને વર્તમાન કાળનાં ચિત્રો તેની દૃષ્ટિ આગળ ઉપસ્થિત થયાં. તેવામાં એકાએક સુભાગ્યે તેની નજર માદળિયાપર પડી. પોતાના ગળામાં આ શા હેતુથી નાંખવામાં આવ્યું હશે, તે પર તર્ક દોડાવ્યા; પણ કાંઇ પણ કારણ તેની તે વખતે શોક અને ચિન્તાથી ભ્રમિત થયેલી બુદ્ધિને સૂઝયું નહિ. છેવટે તેણે તે રત્નજડિત માદળિયું ભંગાવરાવ્યું; તો તેમાંથી એક જીર્ણ થઇ ગયેલા તાડપત્રનો કકડો નીકળ્યો. રાજાએ બહુ સંભાળથી તે ઉપાડી લીધો, તેનાપર નીચેના શબ્દો હતા. **इदमपि गमिष्यति** This too shall pass away–'**આ પણ જતું રહેશે.**' શું જતું રહેશે? મારી પાસે હવે રહ્યું છે શું કે તે જતું રહે? આ રીતે તેનાપર પુષ્કળ વિચાર કર્યો. છેવટે આ પ્રમાણે અર્થ તેને સૂઝયો; "આ મારો પરાભવ (Defeat) પણ જતો રહેશે, અને હું

વિજયી થઇશ." આ વિચારથી તેનામાં નવું વીર્ય આવ્યું; નિરાશામાં આશાનાં કિરણો સ્ફુર્યાં અને વિજય સમીપ છે, એમ તેને લાગ્યું. વીર પુરૂષને જ્યારે આશા–ઉત્સાહ આવે છે ત્યારે તે શું નથી કરી શકતો ? ગમે તેવું વિકટ કાર્ય તેને સરલ ભાસે છે. પછી ધીમે ધીમે તે નવું લશ્કર એકઠું કરવા લાગ્યો અને હીંમત રાખી એકઠા કરેલા લશ્કર સહિત મગધપર ચઢાઈ કરી અને ગાદી પચાવી પાડનાર માળવાના વીરસિંહને હરાવી ત્યાંથી કાઢી મૂકયો. આ સમયે તેને અત્યંત હર્ષ થયો, તેના આનંદનો પાર રહ્યો નહિ, તેના સંતોષની અવધિ ન હતી. પણ તત્ક્ષણ તેની નજર તે માદળિયાપર પડી. તરત તે શાંત થઇ ગયો.

'આ પણ જતું રહેશે' એ શબ્દોએ તેના મનપર અસર કરી. આ **વિજય** પણ જતો રહેશે, તો તેમાં હર્ષ શો માનવો ? ચઢતી ઉતરતી દશા ચાલી જાય છે. આ ચક્રની માફક ફરતા વિશ્વમાં કોઇને એકાંત સુખ કે કોઇને એકાંત દુઃખ મળ્યું નથી. સુખ પછી દુઃખ, અને દુઃખ પછી સુખ આવે છે. આ ઉપરથી સાર એ નીકળે છે કે દરેક સ્થિતિ બદલાય છે; માટે સંપત્તિ સમયે ફુલાઇ જઇ આત્મસંયમ ખોવો નહિ, તેમ દુઃખ આવે ગ્લાન થઇ પુરૂષાર્થ છોડવો નહિ, પણ "આ સુખ કે દુઃખ પણ જતું રહેશે" એ શબ્દો હૃદયમાં કોતરી રાખી મનનું સમાધાનપણું જાળવી રાખવું.

હાલના સમયમાં પ્રાયઃ બહારથી મોટા કહેવરાવવાને અથવા માનપૂજાને અર્થે વૈરાગ્યવૃત્તિ ધારણ કરવાના ઘણા દાખલા મળી આવે છે. તેઓના સંબંધમાં કહેવામાં આવ્યું છેઃ—

वैराग्यरंगः परवंचनाय,
धर्मोपदेशो जनरंजनाय.

વૈરાગ્યરંગ પારકાને છેતરવાને અને ધર્મોપદેશ જનમનરંજન સારૂ સ્વીકારવામાં આવે તો તેવા લોકો આત્મહિત કદાપિ સાધી શકતા નથી; પણ પવિત્ર પોશાકના બ્હાના નીચે લોકોને આડે માર્ગે દોરે છે. તેવા

ઉપદેશકો પત્થર સમાન છે; પોતે ડુબે છે, અને બીજાને ભવસમુદ્રમાં ડુબાડે છે. પણ જેઓ ખરી રીતે પોતાનું કલ્યાણ સાધવા ઇચ્છા રાખે છે, તેઓના આચાર અંતરના વિચારાનુસાર હોય છે. તેઓ જગત્‌ની અસારતા જાતે અનુભવી બીજાઓને વૈરાગ્યમાર્ગનો બોધ આપે છે. જેઓ ખરા વૈરાગી છે તેઓજ રાગજનક વસ્તુઓ પાસે હોવા છતાં, તેમાં લેપાતા નથી અને જેમ કમળ જળમાં ઉગવા છતાં જળથી ન્યારૂં રહે છે, તેમ સંસારમાં વસવા છતાં તેઓ સંસારથી ન્યારા રહી શકે છે. તેવા પુરૂષોજ મુક્તિ મેળવી શકે છે. વિવેક ચૂડામણિ યથાર્થ કહે છે કે,—

विषयाशामहापाशाद्यो विमुक्तः सुदुस्त्यजात् ।
स एव कल्पते मुक्त्यै नान्यः षट्शास्त्रवेद्यपि ॥
आपातवैराग्यवतो मुमुक्षून् भवाब्धिपारं प्रतियातुमुद्यतान् ।
आशाग्रहो मज्जयतेऽन्तराले निगृह्य कण्ठे विनिवर्त्य वेगात् ॥

અર્થ:—જેનો ત્યાગ કરવો દુષ્કર છે, તેવા વિષયોની આશારૂપ મોટા પાશથી જે માણસ છૂટો થાય, તેજ માણસ મોક્ષ પામવાને લાયક થાય છે, પણ છ શાસ્ત્રનો જાણનાર (પણ વૈરાગ્ય વગરનો) મોક્ષ મેળવી શકતો નથી.

ઉપર ઉપરના વૈરાગ્યવાળા જે મુમુક્ષુઓ સંસાર સમુદ્રનો પાર પામવા તત્પર થાય છે તેમને, આશારૂપ મગર ગળેથી પકડી, વેગથી પાછા વાળી, વચમાંજ ડુબાડે છે.

જે મનુષ્યોને ખરો હૃદયનો વૈરાગ્ય નથી, તેવા મનુષ્યો મોક્ષ પામવા તત્પર થાય છે, પણ આશારૂપ સ્ત્રી આગળ આવી, પોતાના મોહપાશમાં તેમને ફસાવે છે. એક અથવા બીજા રૂપમાં આશા સ્ત્રીને સ્વાધીન તેઓ વર્તે છે; અને જ્યાં સુધી હૃદયમાં આશા તૃષ્ણા છે, ત્યાં સુધી કલ્યાણમાર્ગ દૂર છે, એ ચોક્કસ સમજવું. માટે આત્મા સિવાયની સર્વ વસ્તુઓની અનિત્યતા અનુભવવાને પ્રયત્ન કરવો.

પ્રકરણ ૬ ઠ્ઠું.

કુંચી ૫ મી.

વીર્ય (સત્ત્વ).

આત્મશક્તિ તેજ વીર્ય; અથવા તેને સત્ત્વ પણ કહેવામાં આવે છે. જે મનુષ્યના શરીરમાં વીર્ય નથી, તે મનુષ્યપણાને લાયક નથી. તેજ પ્રમાણે જે મનુષ્યને આત્મા છતાં, આત્મશક્તિમાં-પોતાના બળમાં વિશ્વાસ **નથી**, તે ધર્મના ઉચ્ચ પગથિયાં ચડવા સમર્થ નથી. શરીરના રૂંવે રૂંવે અનંત કર્મ સમુદાય વળગેલા છે, એ ધર્મશાસ્ત્રોએ પ્રતિપાદન કરેલો વિચાર (પ્રથમ દૃષ્ટિએ) માણસોને નાસીપાસ અને નિરૂત્સાહી બનાવે છે. 'આટલાં બધાં ભારે કર્મનો આપણે શી રીતે અંત લાવી શકીશું?' એ વિચાર ગમે તેવા બળવાનને નિર્બળ બનાવવા પૂરતો છે. પણ તે સાથે ધર્મશાસ્ત્રોએ માન્ય કરેલો અન્ય સિદ્ધાંત પણ ભૂલવો જોઇતો નથી કે 'તે કર્મને **બાંધનાર** આપણે છીએ તો તે કર્મનો **નાશ** પણ આપણેજ કરી શકીશું.' આત્માની શક્તિ અનંત છે, અને તેથી આત્મા એક ક્ષણવારમાં અનંત કર્મસમુદાયનો નાશ કરી શકે તેમ છે. સૂર્ય જ્યારે ઉગ્ર સ્વરૂપમાં પ્રકાશે છે, ત્યારે ગમે તેવા વાદળસમૂહને જોત જોતામાં વિખેરી નાંખે છે. તેજ રીતે આત્મા પોતાનું સચ્ચિદાનંદમય અથવા જ્ઞાનદર્શનચારિત્રમય સ્વરૂપ અનુભવે છે, તે વખતે તેની શક્તિ એવી પ્રબળ થાય છે કે ગમે તેવા કર્મદળને તે વિખેરી શકે છે. ભગવદ્ગીતા જણાવે છે કેઃ—

यथैधांसि समिद्धोऽग्निर्भस्मसात्कुरुतेऽर्जुन ॥
ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा ॥

અર્થઃ—જેવી રીતે સારી રીતે સળગેલો અગ્નિ લાકડાંને બાળીને ભસ્મ કરે છે, તેજ રીતે હે અર્જુન! જ્ઞાનરૂપી અગ્નિ સર્વ કર્મોને ભસ્મીભૂત કરે છે. વળી કહેવામાં આવે છે કેઃ—

अहो अनन्तवीर्योऽयमात्मा विश्वप्रकाशकः॥
त्रैलोक्यं चालयत्येव ध्यानशक्तिप्रभावतः॥ १॥

વિશ્વને પ્રકાશનાર આ આત્મા અનંત શક્તિવાળો છે, અને ધ્યાનશક્તિના પ્રભાવથી ત્રણ લોકને તે ચલાવી શકે છે. માટે ગમે તેવી આફતો આવે, ગમે તેવાં વિઘ્નો નડે, તોપણ આત્મવિશ્વાસ ખોવો નહિ; કારણ કે આત્મવિશ્વાસ સિવાય કાંઇપણ મોટું કામ થઇ શકતું નથી. ગમે તે મહાપુરૂષનું જીવનચરિત્ર વાંચો, અને તમને સહજ જણાશે કે બીજા ગુણો તેનામાં હોકે ના હો, પણ આ ગુણ તો હોવોજ જોઇએ. જે મનુષ્યને પોતાના સામર્થ્યમાં—આત્મબળમાં વિશ્વાસ નથી, તે કદાપિ કોઇ પણ મહત્ત્વનું કાર્ય સિદ્ધ કરી શકવાનો નથી.

ભાષણ કરનારને તે ગુણની જરૂર છે. લખનારને તે ગુણ આવશ્યક છે. શિક્ષકને માટે તે ગુણ ખજાનારૂપ છે. યુદ્ધમાં ઉતરનાર વીરને તે ગુણ વિના ચાલે તેમ નથી. મુનિઓ પણ તે ગુણવિના ઉન્નતિ કરી શકે નહિ. કોઇ પણ કાર્ય જેને આપણે મહત્ત્વનું અથવા જગતને ચકિત કરે તેવું ગણીએ છીએ તે કાર્ય તે સિવાય થઇ શકેજ નહિ. માટે હીંમત રાખી જે પગથિયા પર આપણે ઉભા હોઇએ, તેનાથી ઉપરના પગથિયા પર પગ મૂકવાને યથાશક્તિ પ્રયત્ન કરવો. 'મારાથી શું થશે?' 'હું શું કરી શકીશ?' એવો વિચાર કરનાર કદાપિ ફત્તેહ પામી શકશે નહિ. 'રોતો જાય તે મૂઆની ખબર લાવે,' એ કહેવત આવા મનુષ્યોને લાગુ પડે છે. આ ઉપરથી હું એમ કહેવા નથી માંગતો કે એકદમ પહેલે પગથિયેથી સાતમે પગથિયે ફલંગ મારી પગ ભાગવો. પણ મારો કહેવાનો ભાવાર્થ એ છે કે પોતાની શક્તિમાં વિશ્વાસ રાખી આગળ વધ્યાં કરવું. ધીમે ધીમે મોટા પર્વતો પણ ઓળંગી શકાય છે. જે જે ઉંચે ચડ્યા તે

આપણા જેવાજ મનુષ્યો હતા. પણ તેમના પોતાનામાં તેમને વિશ્વાસ હતો. તો આપણે પણ આત્મસત્તામાં વિશ્વાસ રાખી આગળ વધવું. 'હીંમતે મરદા તો મદદે ખુદા' જે કામ એક પુરૂષ કરી શક્યો તો બીજો પણ પ્રયત્નથી કરી શકે. માટે બીજા પર આધાર રાખવાનો મૂકી દેઇ, કેવળ આત્મામાં દૃઢ શ્રદ્ધા રાખી બનતો પ્રયન કરવો, કારણ કે આત્માને કશું અસાધ્ય નથી. આખું જગત્ આપણે પાંચ ઇન્દ્રિયોથી અનુભવીએ છીએ તે પાંચ ઇન્દ્રિયોનો સ્વામી મન છે; અને તે મનનો સ્વામી પણ આત્મા છે. માટે આત્મા ત્રિભુવનનો સ્વામી છે. તે ત્રિભુવનનો સ્વામી તેજ મારી અંદર રહેલો આત્મા છે, એમ જો સહેજ પણ ખ્યાલ આવતો હોય તો તે મનુષ્યની હીંમત અને ધૈર્યનો પાર રહેશે નહિ.

ડેમોસ્થેનીસ નામનો ગ્રીક, જે પાછળથી મોટામાં મોટો છટાદાર વક્તા થયો, તે જ્યારે રાજસભામાં પ્રથમ બોલવા ઉઠ્યો, ત્યારે તેને હસી કાઢવામાં આવ્યો હતો. તે વખતે તે પોતાની શક્તિમાં વિશ્વાસ હોવાથી બોલી ઉઠ્યો, "ભલે તમે મને અત્યારે હસી કાઢો, પણ આગળ જતાં તમેજ મને માન આપશો." તેની જીભ અટકતી હતી, તેથી નદીકિનારે જઇ મોંમાં કાંકરા ભરી મોટે સાદે બોલવા લાગ્યો, અને આ પ્રમાણે સતત પ્રયાસ કરવાથી તેણે જીભ અને શબ્દોપર એવો તો સરસ કાબુ મેળવ્યો કે તે એક મહાન વક્તા તરીકે સુપ્રસિદ્ધ થયો. જો તેનામાં આત્મવિશ્વાસ ન હોત, અને કેવળ નિરાશ થઇ, બીજી વખત બોલવાનો પ્રયત્ન કર્યો ન હોત તો, તે કદાપિ ફત્તેહ મેળવી શક્ત નહિ. પ્રથમ પ્રયત્નેજ તમે તમારા કાર્યમાં ફત્તેહ મેળવશો, એમ કહી શકાય નહિ; પણ તમારા પ્રયત્નમાં નિષ્ફળ જાઓ, તોપણ પ્રારંભેલું કાર્ય મૂકી દેતા નહિ. ફરીથી તે કાર્યનો આરંભ કરજો. આ પ્રમાણે સો વાર—હજાર વાર નિરાશ થવું પડે, છતાં જરા પણ ડગતા નહિ. કારણ કે જોકે વિજય તમને દેખાતો નથી, છતાં દરેક વખતે તમે વિજયની સમીપમાં જતા જાઓ છો; અને અન્તે આત્મા વિજયી નીવડશે, એ નિઃસંદેહ છે. ડૉ. ઍની બેસેન્ટ લખે છે કેઃ—

"Have faith in the ultimate triumph of the evolution of the soul within you, which nothing cnan finally frustrate." "તમારી અંદર રહેલા આત્માની ઉન્નતિનો છેવટે વિજય છે તે બાબતમાં શ્રદ્ધા રાખો, કારણ કે અંતમાં કોઈ તેને વિઘ્નરૂપ થઈ શકશે નહિ." ભલે ક્ષણભર મોહરાજા તેમજ દુનિયાના જૂદા જૂદા વિષયોરૂપી મોહરાજાના સુભટો આત્માને પોતાની જાળમાં ફસાવે, પણ છેવટે સિંહરૂપ આત્મા, જે પોતાનું ખરૂં સ્વરૂપ ભૂલી, હાલમાં પોતાને બકરા સમાન લેખે છે, તે જ્યારે પોતાનું ખરૂં સિંહત્વ દાખવશે, ત્યારે તે જાળ સ્વમેવ તૂટી જશે; અને આત્મા જે સ્વભાવથી શુદ્ધબુદ્ધમુક્તસ્વરૂપ છે, તે સ્વરૂપનો અનુભવ તેને થશે.

શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે કુમારપાલ રાજાને પ્રતિબોધ આપ્યો હતો કેઃ-

प्रयातु लक्ष्मीश्चपलस्वभावा
गुणा विवेकप्रमुखाः प्रयान्तु ।
प्राणाश्च गच्छन्तु कृतप्रयाणाः
मा यातु सत्त्वं तु नृणां कदाचित् ॥ १ ॥

ભલે ચપળ સ્વભાવવાળી લક્ષ્મી જતી રહે, વિવેકપ્રમુખ ગુણો ભલે જતા રહે, પ્રયાણ કરવાને તત્પર થયેલા પ્રાણ ભલે જાય, પણ માણસનું **સત્ત્વ** કદાપિ નાશ પામશો નહિ. આ 'સત્ત્વ' શબ્દના અનેક અર્થ થાય છે. પણ આ સ્થળે તે શબ્દ બે અર્થમાં વપરાયેલો છે, એક તો વીર્ય અને બીજી આત્મશ્રદ્ધા. જ્યાં સુધી મનુષ્યમાં આત્મશ્રદ્ધા છે, ત્યાં સુધી ભલેને આખું જગત્ તેનો ત્યાગ કરે તોપણ તે જરા પણ ભય પામતો નથી, કારણ કે આત્મશક્તિમાં શ્રદ્ધાવાળો મનુષ્ય પોતાના આત્મબળથી આખું જગત્ પોતાને સ્વાધીન કરવાની સત્તા ધરાવે છે. સર્વે ગુણો આત્માને આધીન છે, માટે ગમે તે નુકશાન થાય, છતાં પોતાના આત્મબળનો નાશ કરવો નહિ. અને તે સાથે સાથે કુમારપાળને ઉપદેશ આપવામાં આવ્યો હતો કે આત્મવીર્યની પેઠે શરીરવીર્યની પણ જરૂર છે.

વીર્ય એ મનુષ્યના શરીરનો રાજા છે. જેમ રાજા વગરનું રાજ્ય નિરર્થક છે, કારણ કે તેમાં અનેક પ્રકારની અંધાધુંધી ચાલે છે, તેજ રીતે વીર્ય વગરનો મનુષ્ય નિસ્તેજ દેખાય છે; અને વીર્યનાશથી શરીરમાં અનેક પ્રકારના રોગો ઉત્પન્ન થાય છે, સાત ધાતુઓમાં વીર્ય પ્રધાન છે. તેના બળથી શરીરનાં સર્વ યંત્રો બરાબર ચાલે છે; પણ કહેવાને દિલગીરી ઉપજે છે કે તે વીર્યનું બરાબર રક્ષણ થતું નથી, અને તેનો અઘટિત વ્યય વિશેષ પ્રમાણમાં થતો જોવામાં આવે છે. માટે તે સંબંધમાં ઉગતી પ્રજાને ચેતવણીના બે બોલ કહેવાની જરૂર લાગે છે.

વીર્યનું બાલ્યાવસ્થામાં બરાબર રક્ષણ કરવામાં આવે, વિદ્યાર્થી અવસ્થામાં બ્રહ્મચર્યાશ્રમ નિષ્કલંક પાળવામાં આવે, અને શરીરના જૂદા જૂદા અવયવો વૃદ્ધિ પામી ખીલી નીકળે તે સારૂ યોગ્ય પ્રમાણમાં કસરત કરવામાં આવે, અને તે સાથે શરીરને પુષ્ટિ આપનાર સાદો ખોરાક લેવામાં આવે, તો બાળકો પુખ્ત ઉંમરના થાય ત્યારે તેમનું શરીર ઘણું બળવાળું અને દઢ થાય, તેમાં કાંઇ નવાઈ જેવું નથી. જે જે આપણે ખાઇએ પીએ, તે તે જઠરાગ્નિ પચાવે છે અને લોહીરૂપમાં ફેરવી નાંખે છે. તે લોહી વીર્યરૂપે બદલાઇ જાય છે અને તે વીર્ય જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે. આ પ્રમાણે વીર્ય અને જઠરાગ્નિનો પરસ્પર વ્યવહાર ચાલે છે અને તેઓ એક બીજાને સાહાય્યભૂત થાય છે; પણ તેમાંના એકની અવ્યવસ્થિત સ્થિતિ થતાં સર્વ રચના વિનાશ પામે છે.

અસલના સમયમાં જ્યાં સુધી વિદ્યાર્થીઓ ભણતા ત્યાં સુધી સર્વથા બ્રહ્મચર્ય પાળતા હતા, તેથી તેઓ બદ્ધવીર્ય અથવા ઉર્ધ્વરેતાઃ (જેનું વીર્ય ઉંચેજ રહ્યું છે તેવા) કહેવાતા. વીર્ય બંધાવાથી અને કુમાર્ગે તેનો પાત નહિ થવાથી, ઉપર જણાવ્યા પ્રમાણે વીર્ય જઠરાગ્નિને સતેજ કરી શરીરના સર્વ અવયવોને બળ આપતું હતું. અને તેથીજ પ્રાચીન સમયના પુરૂષોની શારીરિક સ્થિતિ બહુજ ઉત્તમ પ્રકારની હતી; તેજ કારણથી મગજશક્તિ જેની મારફતે વિદ્યાર્થીઓને આખો દિવસ કામ લેવાનું હોય

છે તે પણ તીવ્ર અને બલિષ્ટ રહેતી; તેથી તેઓ સારી રીતે અભ્યાસ કરી શકતા હતા. તેઓની સ્મરણશક્તિ એવી અદ્‌ભુત પ્રકારની હતી કે જેનો વિચાર અત્યારે આપણને હેરત પમાડે છે. તેવી સ્મરણશક્તિ તેમની હશે કે નહિ તે બાબત પણ આપણા મનમાં શંકા ઉઠે છે. આમ થવાનું કારણ હાલની આપણી શારીરિક નિર્બળતા અને તેના પરિણામે મગજશક્તિની નિર્બળતા છે.

બાળકો ઘણી વાર બાળપણમાં ખરાબ સોબતીઓના સહવાસથી કુછંદમાં પડી જાય છે. બીજા બાળકોનાં દુરાચરણો દેખી, કુચેષ્ટાથી તેઓ વીર્યપાત કરે છે. ભવિષ્યમાં તેથી જે ભારે નુકસાન તેમને પોતાને થશે, તેની તે સમયમાં તેમને ભાગ્યેજ જાણ હોય છે. તેઓ તે ક્રિયાને બાળકની એક રમતરૂપ માને છે. પણ 'પડી ટેવ તે તો ટળે કેમ ટાળી ?' એ કહેવત પ્રમાણે એક વાર પડેલી દુષ્ટ ટેવ લાંબા સમય સુધી ચાલ્યાં કરે છે; આ પ્રમાણે બાલ્યાવસ્થામાં બ્રહ્મચર્યનો ભંગ થાય છે અને વીર્ય નાશ થાય છે. નિર્દોષ અજ્ઞાન બાળકો ! તમે કેવા કુછંદના ભોગ થઇ પડો છો અને આડે માર્ગે દોરવાઇ શરીરના રાજા—વીર્ય—નો કેવી રીતે નાશ કરો છો, તેનો તમને કાંઇ ખ્યાલ આવે છે ? આવા ગુપ્ત દુર્ગુણના ભોગ થઇ પડેલા બાળકો ખરેખર દયાપાત્ર છે. માબાપો અને વડીલોની આ સંબંધમાં એક ગંભીર અને મોટી ફરજ એ છે કે પોતાના બાળકો કેવા સોબતીઓના સહવાસમાં ફરે છે, તે પર લક્ષ આપવું; અને કોઇ પણ બાહ્ય કારણના અભાવમાં જો બાળકમાં અશક્તિ આવતી જણાય તો તેનું કારણ ઉપર જણાવેલી દુષ્ટ ટેવ છે કે કેમ તેની ખાનગી રીતે ચોક્કસ તપાસ કરવી. જો તપાસ કરતાં એજ કારણ જણાય તો ભવિષ્યમાં તેથી થવાનું અનિષ્ટ પરિણામ વિચારી, બાળક તરતજ તે દુર્ગુણથી મુક્ત થાય તેવા ઉપાયો યોજવા. અફસોસ ! અફસોસ ! ખોટી શરમ આ બાબતમાં સત્યાનાશ વાળે છે, અને ભવિષ્યમાં ક્યાં સુધી વાળશે તે કહી શકાતું નથી. આવી બાબતોની વાતજ કેમ થાય, એ ખોટા ભયનો ત્યાગ કરી, અજ્ઞાનથી શરીરસંપત્તિના વિનાશના કૂપમાં

પડતા બાળકોનો ઉદ્ધાર કરવો, એ શું દયાળુ માબાપોની ફરજ નથી? જો માબાપ તે ફરજ અદા ન કરે તો એક મોટા કર્તવ્યમાં તેઓ ચૂક ખાય છે, એમ માનવાને સબળ કારણ છે.

વીર્યસ્ત્રાવદ્વારા શરીરસંપત્તિનો વિનાશ થવાનું બીજું પણ એક કારણ હાલમાં દૃષ્ટિગોચર થાય છે. હાલનો સમય નૉવેલો, મનોરંજક કથા–વાર્તાઓ અને નાટકોનો છે. તે નૉવેલો અને નાટકો મનુષ્યોની કામિક વાસનાઓને–મૈથુનાભિલાષાને ઉશ્કેરે છે. તેના હૃદયમાં કામદેવ સામ્રાજ્ય ભોગવે છે. તેનું મન પોતાને આધીન રહેતું નથી. ઇન્દ્રિયો મનને પોતાની ઇચ્છા પ્રમાણે દોરવવા સમર્થ થાય છે; અને કામદેવની સત્તામાં આવેલા મનુષ્યનું વીર્ય ગમે તે પ્રકારે નાશ પામે છે.

વળી કેટલાક ન્યાયી અને વિચારશીળ પુરૂષો, જો કે પરસ્ત્રીની સામી દૃષ્ટિ સરખી પણ કરતા નથી, છતાં સ્વસ્ત્રીમાં એટલા બધા લુબ્ધ રહે છે કે પોતાના વીર્યની હદપાર થતી હાનિનો લેશ માત્ર તેઓ વિચાર કરતા નથી. કેવળ વ્યભિચારથી જ વીર્યનો નાશ થાય છે એમ નથી, પણ હદબહારની વિષયાસક્તિથી પણ વીર્યનો નાશ થાય છે, એ વાત સ્મરણ બહાર રાખવા જેવી નથી. વળી ઘણાંક બાળલગ્નના ભોગ થઇ પડેલાં બાળકો, જે સમય વીર્ય બંધાવાનો અને પરિપક્વ થવાનો હોય છે તેજ સમયમાં તેનો અઘટિત વ્યય કરી નાંખે છે, અને તેથી પરિણામ એ આવે છે કે ભર જુવાનીના સમયમાં તેઓ વૃદ્ધ બને છે, તેઓનાં ડાચાં બેસી જાય છે, તેઓનાં નેત્રનું તેજ ઘટી જાય છે, અને તેઓનું વદન પીળું અને ફીકકું ભાસે છે. સર્વ ધાતુઓનો રાજા નાશ પામવાથી જઠરાગ્નિ મંદ પડે છે, ખાધેલું પચતું નથી. ખાધેલું ન પચે એટલે લોહી ન થાય. લોહી ન થાય તો વીર્ય કયાંથી ઉત્પન્ન થાય? આ રીતે અનર્થની પરંપરા નીપજે છે. વીર્ય અને મગજને બહુ નિકટનો સંબંધ છે. વીર્યના નાશ સાથે મગજના જ્ઞાનતંતુઓ નિર્બળ બને છે; અને તેથી બાળલગ્નના ભોગ થઇ પડેલાં બાળકો પોતાનો વિદ્યાભ્યાસ પણ બરાબર કરી શકતાં નથી; પછી શરીર ઉપર બેવડો ભાર પડવાથી વિદ્યાર્થીઓ શરીરે તદ્દન અશક્ત થાય છે. આવી સ્થિતિમાં ભણ્યા

પછી પણ તેઓ કોમનું કે પોતાનું હિત સાધી શકતાં નથી; અને શારીરિક દુઃખમય સ્થિતિમાં તેમનો જન્મ વ્યતીત થાય છે. આત્મશ્રેય કરવાના તેઓના ઘણા વિચારો હૃદયમાં ઉદ્ભવી હૃદયમાંજ વિરામ પામે છે. કારણ કે તે વિચારોને અમલમાં મૂકવાને જોઇતી શારીરિક સંપત્તિ તેમનામાં હોતી નથી.

આ સર્વનું કારણ શોધવા આપણે દૂર જવું પડે તેમ નથી. આવી વીર્યની અઘટિત હાની થાય છે, તે અટકાવવા કેમ ઉપાયો યોજવામાં આવતા નથી? શું બાળકોનો દોષ છે? શું તેમના માબાપનો દોષ છે? આ બાબતમાં દોષ કોનો છે, તે વિચારવા જેવો પ્રશ્ન છે. મને તો જણાય છે કે લોકલજ્જા, ખોટી શરમ અને આ સંબંધીના જ્ઞાનની ખામી–તેજ કારણો છે. લોકલજ્જા અથવા ખોટી શરમને લીધે આવી બાબતો બાળકો આગળ કેમ કહી શકાય એવો વિચાર આવે છે. આવી બાબતો સંબંધી બોલવું તે બિભત્સ મનાય છે, અને તેવી બાબતો સંબંધી કાંઇ પણ વિચાર જણાવનારને નિર્લજ ગણવામાં આવે છે.

લગ્ન પછી થોડા દિવસે પુત્ર અને પુત્રવધૂને શયનગૃહમાં સાથે સૂવા મોકલવામાં જો માતપિતાને લજ્જા આવતી નથી, અને તેમાં તેઓનું સઘળું ડહાપણ ચાલે છે, તો પછી પોતાના પુત્રની શારીરિક સંપત્તિ નાશ પામી ભવિષ્યનાં બાળકો રોગિષ્ટ નીવડે, તે અટકાવવાનો માર્ગ દર્શાવતાં કેમ લજ્જા આવે છે? તે બાબતનું જ્ઞાન આપવાને તેઓ કેમ હિંમત ધરતા નથી? પાશ્ચાત્ય દેશોમાં તો શાળાઓ છે કે જ્યાં આ બાબતનાં ભાષણો અપાય છે, અને શરીરની રચના સંબંધીનું વ્યાવહારિક જ્ઞાન વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. પણ અફસોસની વાત છે કે હિન્દુસ્થાનના કમનસીબે ખોટી શરમે–ખોટી લોકલજ્જાએ ઘર ઘાલ્યું છે. વળી તેની સાથે શારીરિક જ્ઞાન ધરાવનાર મનુષ્યો પણ બહુજ થોડા માલુમ પડે છે. સામાન્ય લોકમત આ બાબતમાં ગમે તેવો હોય, તો પણ આ બાબત મોટી જરૂરની છે. તે સંબંધીનાં પુસ્તકો, અને તે વિષયનું જ્ઞાન વધારે ફેલાય તેમાંજ લાભ છે. જાહેર

હિંમતની આપણા લોકમાં બહુજ ખામી છે. સ્વતંત્ર વિચાર જણાવનાર ક્યાં જડી આવે છે? ગાડરીયા પ્રવાહ પ્રમાણે, બાપનો કૂવો ખારો હોય, તો પણ તેનુંજ જળ પીવું, એ નિયમનો ત્યાગ કરી જે માર્ગથી ઉન્નતિ થાય તે માર્ગ આપણે અંગીકાર કરીશું નહિ ત્યાં સુધી ઉદયની આશાનાં ચિહ્ન અતિ દૂર છે, એમ મારૂં તો માનવું છે. માટે બ્રહ્મચર્ય કયા માર્ગે સારી રીતે પાળી શકાય, વીર્યનું સંરક્ષણ શી રીતે બરાબર થઇ શકે અને વીર્યનાશને શરીર સંપત્તિના વિનાશ સાથે શો નિકટનો સંબંધ છે, તેવા વિષયોને ચર્ચાવનારાં જ્ઞાનનાં પુસ્તકોનો ફેલાવો કરવો એ હાલની હિંદુસ્થાનની શારીરિક કમતાકાતના કાળમાં બહુજ જરૂરનું છે. સદ્જ્ઞાનના ફેલાવાથી અવનતિનાં કારણો દૂર થશે અને પ્રજાની શારીરિક સ્થિતિ ઉચ્ચ પ્રકારની થતી જશે.

આ પ્રમાણે જેઓનું શરીરબળ તથા આત્મબળ ઉચ્ચ પ્રકારનું હશે, તેઓ ગમે તેવાં ભારે સંકટો તેમના માર્ગમાં આવે, તો પણ તે સંકટો ઉપર વિજય મેળવી ઉત્તરોત્તર અધિક વિકટ માર્ગપર ચાલી શકશે. સંકટોની સામા થવાથી, સંકટોપર જય મેળવવાથી, તેમનું બળ વધતું જશે, વિશેષ ઉત્સાહથી તેઓ આગળ વધશે અને અન્તે સાધ્ય વસ્તુ સિદ્ધ કરી શકશે.

પ્રકરણ ૭ મું.

કુંચી ૬ ઠ્ઠી.

ધ્યાન.

પ્રથમ પ્રકરણમાં ગુરૂદેવે આપેલા બોધથી વાચક વર્ગને સ્પષ્ટ થયુંજ હશે કે ધ્યાનનો માર્ગ અતિ વિકટ છે. ટેકા વિના ઊભા સીધા વૃક્ષવગરના પર્વતપર ચડવું જેટલું મુશ્કેલ છે, તેના કરતાં અત્યંત દુષ્કર ધ્યાનનો માર્ગ છે; છતાં તેજ કૃપાળુ ગુરૂદેવે જણાવ્યું હતું કે તે માર્ગે ભૂતકાળમાં અનેક પુરૂષો ચાલેલા છે અને હાલ પણ ચાલે છે. તેમના તે વચનમાં શ્રદ્ધા રાખવાથી આત્મશક્તિમાં વિશેષ વિશ્વાસ આવે છે, અને તે દુષ્કર માર્ગ તરફ પ્રયાણ કરવાની અભિરૂચિ જાગૃત થાય છે.

તે ધ્યાનના માર્ગનું પ્રથમ પગથિયું **પ્રત્યાહાર** અથવા ઇન્દ્રિય-નિગ્રહ છે. ઇન્દ્રિયો સ્વેચ્છાનુસાર બાહ્ય વિષયો ભણી દોડતી હોય, તેમને અંતર્મુખ વાળવી, અને મનને સ્વાધીન કરવી તેનું નામ પ્રત્યાહાર છે. બીજા શબ્દોમાં કહીએ તો મનની આજ્ઞા પ્રમાણે ઇન્દ્રિયો વર્તે તેવું વર્તન રાખવું એ ધ્યાનના માર્ગનું પ્રથમ પગલું છે.

મનવિરૂદ્ધ ઇન્દ્રિયો ઘણી વાર પોતાનું બળ દાખવે છે. માણસના જ્ઞાનને ઇન્દ્રિયો ક્ષણવાર ભુલાવી દે છે; અને પોતાના વિષયની તૃપ્તિ અર્થે મનને સાધન તરીકે વાપરે છે. મન સ્વામી થવાને બદલે ગુલામ બને છે. આ ખરેખર મનની શક્તિનું અજ્ઞાનજ સૂચવે છે. કઠોપનિષદ્‌માં કહ્યું છે કે—" શરીર રથ છે, મન સારથી છે અને આત્મા રથમાં બેસ-

નાર રથનો સ્વામી છે. ઇન્દ્રિયો ઘોડા છે અને ઇન્દ્રિયોના વિષયોરૂપી રસ્તાઓ છે."

ઇન્દ્રિયોરૂપી ઘોડાઓ પોતાની ઇચ્છા પ્રમાણે ગમે તે માર્ગે ચાલ્યા જાય, તેમ ન થવા દેતાં મનરૂપી સારથીએ તે ઘોડાને સ્વાધીન કરી લેવા. પોતે જે પ્રમાણે ઇન્દ્રિયોને ચલાવે, તે પ્રમાણે ચાલવાની તેમને ટેવ પાડવી; આમ થવાથી ઇન્દ્રિયો બ્હેકી જશે નહિ, પણ મનરૂપ શેઠને તાબે થશે; અને તેથી ચિત્તવૃત્તિની સ્થિરતા કરવાનું કામ અત્યંત સુગમ થશે. માટે ધ્યાનાભ્યાસીઓએ ઇન્દ્રિયોને અંતર્મુખ વાળવા સતત ઉદ્યમ કરવો જોઇએ.

ઇન્દ્રિયો મનને વશ કેવી રીતે થાય, તેના સંબંધમાં એક અનુભવથી જાણેલી વાત અત્રે નિવેદન કરવામાં આવે છે, તે પર લક્ષ રાખી તે પ્રમાણે વર્તવાને જે મનુષ્ય દોરાશે, તે ઘણા અલ્પ સમયમાં ઇન્દ્રિયો પાસે મનનું સ્વામીપણું કબૂલ કરાવી, મનની આજ્ઞાનુસાર ઇન્દ્રિયોને વર્તાવી શકશે. તે અનુભવમાર્ગ આ પ્રમાણે છે:—

"ઇન્દ્રિયની ઇચ્છા વિરૂદ્ધ કોઇ પણ એક કામ કરવાને મન સાથે દૃઢ નિશ્ચય કરો; અને જ્યારે અમુક ઇન્દ્રિય પ્રબળ આવેગમાં હોય, પોતાના વિષયની તૃપ્તિને સારૂ તત્પર થઇ રહી હોય, તે મેળવવાને અત્યંત ઉત્સુક હોય, ઇન્દ્રિયનો વિષય સન્મુખ હોય, તે મેળવવામાં કોઇ પણ પ્રતિકૂળ કારણ ન હોય, અને તમે તે ગ્રહણ કરવાને તમારો હાથ લંબાવવાની છેલ્લી પળમાં હો, તેવો સમય પસંદ કરો. તે સમયે તે ઇન્દ્રિયને તૃપ્તિ આપવાનું કામ બંધ રાખો, અને તે ઇન્દ્રિયને જણાવો કે 'હું તારા કરતાં વધારે સમર્થ અને સત્તાવાળો છું; તને તારી વાસના પૂર્ણ કરવા દેઇશ નહિ' આ પ્રમાણે જૂદે જૂદે પ્રસંગે જૂદી જૂદી ઇન્દ્રિયોના વિષયોના સંબંધમાં મહાવરો પાડતા જાઓ; એટલે પછી શરીર તેમજ ઇન્દ્રિયો તમારી ઉન્નતિમાં વિઘ્નરૂપ થશે નહિ. જ્યાં સુધી તમને એમ ન લાગે કે શરીર અને ઇન્દ્રિયો તમારાં ગુલામ છે, નોકર છે, તમારી ઇચ્છા પ્રમાણે ચાલનારા કિંકર છે, ત્યાં સુધી ઉપર દર્શાવેલી

રીતને અનુભવમાં મૂકો, અને જે કાર્યને મન ધિક્કારે છે તે કાર્ય તમારી પાસે શરીર કરાવે ત્યારે તમે શરમાઓ. મનની ઇચ્છા વિરૂદ્ધ ઇન્દ્રિયોથી ઘસડાઇ જવું તે પોતાની માણસાઇ (મનુષ્યત્વ) ખોવા બરાબર છે, એમ હૃદયથી ધારો." જો આપણે આપણી પાશવ વૃત્તિઓ (animal instincts) ને આપણા સ્વાધીન ન કરી શકીએ, તો પશુઓમાં અને આપણામાં રતિભાર ભેદ નથી. આપણે મનુષ્યરૂપમાં પશુ સમાનજ ગણાવાને લાયક છીએ, માટે પોતાનું મનુષ્યત્વ સિદ્ધ કરવાને ઇન્દ્રિઓ અને શરીરને પ્રથમ વશ કરવાં.

જ્યારે મનુષ્ય ઉપર જણાવ્યા પ્રમાણે શરીર અને ઇન્દ્રિયોને પોતાને સ્વાધીન કરી શકે છે, ત્યારે ખરા ધ્યાન માર્ગનો આરંભ થાય છે. ધ્યાનમાર્ગનું પ્રથમ પગથિયું ઇન્દ્રિનિગ્રહ અને તેનું બીજું--પણ વાસ્તવિક રીતે પ્હેલું-પગથિયું મનોનિગ્રહછે. તે મનોનિગ્રહ મનની એકાગ્રતા અથવા એકચિત્તતાદ્વારા પ્રાપ્ત થાય છે. જો કે ઇન્દ્રિયોને મન વશ રાખી શકે છે, છતાં તે મનને વશ રાખવું તે કામ અતિ વિકટ તેમજ દુષ્કર છે. મન માંકડું છે. પતાકાના પટ જેવું, કુંજરના કાન જેવું અને શરદઋતુના વાદળાં જેવું અસ્થિર અને ચંચળ છે. ક્ષણમાં એક વિષયમાં અને બીજીજ ક્ષણે બીજા વિષયમાં તે ભમતું માલૂમ પડે છે. તેને વશ રાખવું એ કામ સહેલું અને સરલ નથી. તેને વાસ્તે એકાગ્રતા એ ઉત્તમોત્તમ સાધન છે. શ્વેત કાગળ ઉપર કાળી સહીનું ટપકું કરી તેના ઉપર આંખને એટલી બધી સ્થિર કરવી કે આંખની શકિત કમી થાય, મગજ ભમે અને ભાન પણ ન રહે-તે એકાગ્રતાનો અર્થ નથી. પણ મનુષ્યે મન ઉપર એવો સંયમ આણવો કે પોતે ધારે તે કામ મન પાસે તે કરાવી શકે; જે વિષય ઉપર સ્થિર રાખવા માગે ત્યાં તે સ્થિર રાખી શકે; અને તે પણ ધારે તેટલા લાંબા સમય સુધી મનની સ્થિરતા જાળવી શકે. ઇન્દ્રિયનિગ્રહ-દમ કરતાં મનોનિગ્રહ-શમ વધારે દુષ્કાર કાર્ય છે; છતાં તે થઇ શકે તેમ છે. કારણ કે જેમની ઇચ્છાશક્તિ (will power) વધારે પ્રબળ અને અચળ હતી, તેવા ઘણા પુરૂષો

મનને વશ કરવા ભૂતકાળમાં સમર્થ નીવડયા હતા, અને હાલ પણ મનને વશ કરનારા વિરલા પુરૂષો જગતમાં જડી આવે છે.

આપણું મન કેવું અસ્થિર અને આપણા મનોનિગ્રહની બહાર છે, તેનો આપણામાંના ઘણાખરાને ખ્યાલ પણ નહિ હોય. જ્યારે તમે રસ્તામાં ચાલતા હો, અથવા ગાડીમાં બેસી ફરવા જતા હો, તે વખતે તમારી વિચારશ્રેણી એકાએક બંધ કરો, અને તમે શો વિચાર કરતા હતા અને શા સારૂ વિચાર કરતા હતા, તેની તપાસ કરો. તમારા છેલ્લા વિચારની પાછળ પાછળ ચાલ્યા જાઓ, તો છેલ્લી પાંચ મિનિટમાં તમારા મગજમાં કેટલા બધા વિચારો ઘૂસવા પામ્યા હતા, તેનો તમને કાંઇક ખ્યાલ આવી શકશે. તમને વિચાર કરતાં જણાશે કે આ વિચારો ખરે-ખર તમારા પોતાના ન હતા, પણ બીજા લોકોએ ત્યાગ કરેલા વિચા-રોની આકૃતિઓ (thought-forms) હતી, જે તમારા અનિયંત્રિત મનમાં ઘૂસી ગઇ હતી.

જો કોઇ પણ ઉચ્ચશક્તિ જાગૃત કરવા આપણે માગતા હોઇએ તો, આપણા મનને આપણા સંપૂર્ણ સંયમ તળે લાવવાની પ્રથમ જરૂર છે. તેની મરજી પ્રમાણે મનને રમવા દેવાને બદલે તેને કાંઇ કામ કર-વાને સોંપવું જોઇએ. જો મનને કોઈ પણ કાર્યમાં આપણે જોડતા નથી, અને તેની ઇચ્છા માફક વર્તવા દેઇએ છીએ તો, બીજાના અનિષ્ટ વિચારો, જેને આપણે મનમાં પ્રવેશ પામવા દેવા ઇચ્છતા નથી, તે મનમાં ઘૂસવા પામે છે. ખરા ધ્યાનમાર્ગમાં આપણે પ્રવેશ કરી શકીએ તે પહેલાં આ મનને આપણું નોકર બનાવવું જોઇએ; કારણ કે ઉચ્ચ ભૂમિકાઓમાં ચૈતન્યને કામ કરવાને મન એ પ્રબળ સાધન છે.

આ મનને એકાગ્ર કરવાનું કામ સામાન્ય મનુષ્યને વાસ્તે સખ્તમાં સખ્ત છે. કારણ કે તે બાબતની તેને ટેવ નથી, તેમજ મનને એકાગ્ર કરવાની જરૂર હજુ તેને જણાઇ નથી. જેવી રીતે તમારૂં મન તમારે સ્વાધીન નથી તેવી રીતે તમારો હાથ તમારે સ્વાધીન ન હોય, અને તમે તેની પાસે જે કામ કરાવવા માગો, તેના કરતાં જૂદુંજ કામ કરવા

તે દોરાતો હોય તો તમારી કેવી સ્થિતિ થાય તેનો ખ્યાલ લાવો. તમારા હાથને લકવો થયેલો જણાશે અને તમારો હાથ તદ્દન નિરૂપયોગી લાગશે. તેજ રીતે જો તમે તમારા મનને નિગ્રહમાં ન આણી શકો તો ખરેખર તે માનસિક લકવો સમજવો; માટે મનને એકાગ્ર અને વશ કરવાનો અભ્યાસ પાડવો કે તમે તેને જેમ વાપરવું હોય તેમ વાપરી શકો.

મન આટલું બધું અસ્થિર અને ભમતું આપણનેજ લાગે છે, એમ નથી. અર્જુનને હજારો વર્ષપર આવાજ પ્રકારની અડચણ નડી હતી. તેણે કહ્યું હતું કે:—

योऽयं योगस्त्वया प्रोक्तः साम्येन मधुसूदन ।
एतस्याहं न पश्यामि चंचलत्वात् स्थितिं स्थिराम् ॥१॥
चंचलं हि मनः कृष्ण, प्रमाथि बलवद् दृढम् ।
तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम् ॥ २ ॥

"હે મધુસૂદન! સામ્યપણાથી સધાતો યોગ તમે કહ્યો તેની સ્થિર સ્થિતિ, મનના ચંચળપણાને લીધે હું જોઈ શકતો નથી. હે કૃષ્ણ! મન બહુ ચંચળ છે, પ્રમાથી અથવા શરીર તથા ઇન્દ્રિયોને ક્ષોભ પમાડનાર, બળવાન્ અને દૃઢ છે, તેનો નિગ્રહ કરવો તે વાયુના નિગ્રહની માફક અતિ કઠણ છે." શ્રી કૃષ્ણે અર્જુનના પ્રશ્નના ઉત્તરરૂપે મનને વશ કરવાનો જે માર્ગ બતાવ્યો હતો તે હવે સાંભળો.

असंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम् ।
अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते ॥ १ ॥
असंयतात्मना योगो दुष्प्राप इति मे मतिः ।
वश्यात्मना तु यतता शक्योऽवाप्तुमुपायतः ॥ २ ॥

"હે મહાબાહો—અર્જુન! મન વશ કરવું દુષ્કર છે, મન ચંચળ છે. પણ હે કુન્તીના પુત્ર! **અભ્યાસથી** તથા **વૈરાગ્યથી** તે વશ થઈ શકે તેમ છે. જેણે પોતાનો આત્મા વશ કર્યો નથી, તેવા પુરૂષોને

યોગ—મનનું સમાધાનપણું—પામવું તે બહુ કઠણ છે એવું મારૂં માનવું છે. પણ જેઓને આત્મા પોતાને વશ છે, અને જેઓ યોગને વાસ્તે પ્રયત્ન કરે છે, તેવા પુરૂષો ઉપાયથી તે યોગ પામી શકે છે.” યોગસુત્રના રચનાર મહર્ષિ પતંજલિએ પણ મનને વશ કરવાના તેજ બે માર્ગ બતાવ્યા છે. **अभ्यासवैराग्याभ्यां तन्निरोधः ॥** અભ્યાસ અને વૈરાગ્યથી ચિત્તવૃત્તિનો નિરોધ થાય છે.

મનને **વશ** કરવાનો, અને તે સારૂ મનને એકાગ્ર કરવાનો **અભ્યાસ** પાડવાની ખાસ જરૂર છે. સંસારવ્યવહારના તમારા દરેક કાર્યમાં દરેક સમયે મનને એકાગ્ર કરવાની ટેવ તમે પાડી શકો. તમે ગમે તે કામ કરતા હો,—તે નાનું હોય કે મોટું હોય. નજીવું હોય કે અગત્યનું હોય,—પણ તે સંપૂર્ણ મનથી કરો, તમારૂં મન તે કાર્યમાં એકાગ્ર કરો. જો તમે કાગળ લખતા હો તો તમારૂં મન કાગળના લખાણના સંબંધમાં તલ્લીન કરો. જ્યાં સુધી તે પત્ર પૂર્ણ ન થાય ત્યાં સુધી બીજી બાબતનો વિચાર કરતા નહિ. આવી સંભાળથી અને એકાગ્રતાથી તમે વધારે સારો પત્ર લખવા સમર્થ થશો. સ્નાન કરતી વખતે તમારી બાહ્ય અશુદ્ધિની સાથે તમારી માનસિક અપવિત્રતા પણ નાશ પામો, એવો એકજ વિચાર તમારા હૃદયમાં રાખો. આહાર કરતી વખતે તમે જે અન્ન ખાઓ છો, તેથી તમારૂં શરીર સુદૃઢ અને જીતેંદ્રિય થાય અને તમારા ઉચ્ચ વિચારોને અનુકૂળ થાય અને તમારો આહાર બરાબર પચી જાય, એવી ભાવના ભાવ્યા કરો. આ રીતે દરેક કાર્યમાં મનને એકાગ્ર કરવાનો અભ્યાસ પાડવાથી અને જે વસ્તુ ઉપર આપણે મનને એકાગ્ર કરવા ઇચ્છતા હોઇએ તે વસ્તુ સિવાયના અન્ય વિચારોને મનમાંથી દૂર કરવાનો પ્રયત્ન કરવાથી, મન ધીમે ધીમે વશ કરી શકાય.

મનને વશ કરવાનો બીજો માર્ગ વૈરાગ્ય છે. વૈરાગ્યનું વિશેષ વર્ણન પાંચમા પ્રકરણમાં કરવામાં આવ્યું છે, માટે અત્રે તે સંબંધી વિશેષ ઉલ્લેખ નહિ કરતાં એટલુંજ જણાવીશું કે સંસારની ક્ષણિક અને અનિત્ય વસ્તુઓ ઉપર વૈરાગ્ય આવવાથી મન તે તરફ આકર્ષાતું

નથી. કેટલીક વસ્તુઓની, શરીરના અને કુટુંબના નિભાવ અર્થે જરૂર હોય, માટે તે મેળવવા સારૂ મનુષ્ય પ્રવૃત્તિ કરે છે. પણ તે વસ્તુનો લાભ થાય કે નહિ; છતાં તેવો મનુષ્ય સંતોષવૃત્તિ ધારણ કરે છે; અને બાહ્ય વ્યાપારમાંથી સ્વતંત્ર થયેલું તેનું મન અંતર્મુખ વળે છે; બાહ્ય વિષયો તેને આનંદકારક લાગતા નથી, તેથી મન નિત્ય વસ્તુ–આત્મા સંમુખ વળે છે. આવા વૈરાગ્યરંગિત મનને વશ કરવું એ કામ બહુજ સુગમ છે. તે સ્વયમેવ આત્માની સત્તા કબૂલ કરે છે અને આત્માની આજ્ઞાનુસાર વર્તે છે.

દરેક માણસ મનને એકાગ્ર કરવાની શકિત ધરાવે છે. ફકત મનુષ્યોને પોતાનામાં જે શકિત છે તેનો હજુ **વિશ્વાસ** થયેલો નથી. તે બાબતની સત્યતા પુરવાર કરવાને એક ટૂંકું દૃષ્ટાન્ત અત્રે આપવામાં આવે છે.

એક સમયે **અયોધ્યાનરેશે** રાજસભામાં નિવેદન કર્યું કે આપણા શહેરના ઉત્તર દરવાજાની બહાર આવેલા વડવૃક્ષ નીચે એક યોગી બેઠેલા છે, તે એટલા બધા ધ્યાનમાં મગ્ન થયેલા હતા કે મારૂં આખું લશ્કર તેમની સંમુખ થઇ ચાલ્યું ગયું, છતાં તે યોગીને તેનું બિલકુલ ભાન નહતું. આ બાબત તે રાજસભામાં બેઠેલા ચાર દરબારીઓને અસત્ય ભાસી અને તેથી તેઓ હસી પડ્યા. રાજા તે વખતે કાંઇપણ બોલ્યો નહિ. તે બાબત તેમને ખાત્રીપુર્વક સિદ્ધ કરી આપવાના હેતુથી તે રાજાએ એક આપખુદ રસ્તો અંગીકાર કર્યો. ખાનગી રીતે તે દરબારીઓના મુકામમાં પોતાના ભંડારના કેટલાક સુવર્ણ અલંકારો તે રાજાએ મુકાવરાવ્યા અને બીજે દિવસે જાહેર કર્યું કે રાજ્યભંડારમાંથી ભારે ચોરી થઇ છે; માટે જેણે ચોરી કરી હોય તે ચોરીનો માલ પાછો લાવી આપશે તો રાજા માફી આપશે; પણ જો કોઇ ચોરી કબૂલ નહિ કરે, અને તપાસ તરતાં અપરાધી ઠરશે. તેને દેહાંતદંડની શિક્ષા કરવામાં આવશે.

પેલા ચાર દરબારીઓને રાજાની ખાનગી ગોઠવણની કાંઇ ખબર

ન હતી; તેથી તેઓએ તો પોતાનું ઘર તપાસ્યું નહિ. થોડા સમય સુધી રાજાએ રાહ જોઇ, અને જ્યારે કોઇ ચોર પોતાની મેળે પ્રકટ થયો નહિ ત્યારે સિપાઇઓને હુકમ કર્યો કે નગરના સર્વ મનુષ્યોનાં ઘર તપાસી જુઓ, અને તે જેના ઘરમાંથી સુવર્ણના અલંકાર નીકળે તેને બાંધી મારી પાસે લાવો. સિપાઇઓ આખા શહેરમાં તપાસ કરતાં કરતાં તે ચાર દરબારીઓનાં ઘર આગળ આવી પહોંચ્યા અને તેમનાં ઘર તપાસ્યાં તો તેમાંથી સોનાના દાગીના નીકળ્યા; તેથી તે દરબારીઓને રાજાની આજ્ઞાનુસાર બાંધી રાજા સંમુખ તેઓ લઇ ગયા. રાજાએ પોતાના પ્રથમના ઢંઢેરા મુજબ તે સર્વને દેહાંતદંડની શિક્ષા ફરમાવી, પણ જ્યારે તેઓએ અત્યંત કાલાવાલા કર્યા અને તે સંબંધમાં પોતાની અજ્ઞાનતા દર્શાવી ત્યારે રાજા તેમના-પર દયા લાવતો હોય તેમ બોલ્યો: " જો તમે એક શરત કબૂલ કરો તો હું તમને આ ભારે શિક્ષામાંથી મુક્ત કરૂં. તે શરત એ છે કે; તમારે દરેકે પાણીનો ટોચ સુધી ભરેલો પ્યાલો હાથમાં લેઇ આ શહેરમાં ફરવું અને તે પ્યાલામાંથી એક પણ બિન્દુ જમીનપર પડવા દેવું નહિ. જો એક પણ બિન્દુ જમીનપર પડશે, તો ઉઘાડી તરવારે તમારી સાથે ફરતો સિપાઇ તરવારવતી તમારૂં શિર ઉડાવી દેશે. પોતાનો જીવ કોને વ્હાલો નથી ? મરણથી છુટવા કોણ ઉમેદ રાખતું નથી ? ગમે તે રીતે પોતાનો પ્રાણ બચાવવાના ઇરાદાથી આવી આકરી શરત પણ તેઓએ કબૂલ રાખી. રાજાએ ચાર મોટા પ્યાલા મંગાવરાવ્યા અને તેમાં છેક ટોચ સુધી જળ ભર્યું. એકેક પ્યાલો દરેક દરબારીના હસ્તમાં આપવામાં આવ્યો. તે દરબારીઓ ભયસહિત નગરમાં ફરવા નિસર્યા. રાજાએ ખાનગી રીતે નગરવાસીઓને ફરમાએશ કરી હતી કે આજનો આખો દિવસ તમારે ઉત્સવમાં પસાર કરવો. તેથી આખા શહેરમાં જ્યાં ત્યાં તમાસા થઇ રહ્યા હતા અને ઘેરઘેર તોરણો બાંધવામાં આવ્યાં હતાં; અને લોકો અનેક પ્રકારનાં આનંદ ઉપજાવે તેવાં કાર્યોમાં મશગુલ થયેલા હતા. આખા નગરમાં ફરી તેઓ સહીસલામત

પાછા ફર્યા. તેઓ પાછા આવ્યા ત્યારે રાજાએ તેમને આવકાર આપ્યો અને પોતાની પાસે બેસાડયા અને રસ્તામાં શું શું બનાવ બન્યા, કયા કયા માણુસો તેમને મળ્યા, શા શા તમાસા અને ખેલ થતા હતા; એ વગેરેનું સવિસ્તર વર્ણન કરવાને રાજાએ તેમને કહ્યું. તે સઘળાએ કહ્યું કે " અમે તો આ પ્યાલા સિવાય બીજું કશું જોયું નથી અને કાંઇ પણ સાંભળ્યું નથી. અમને કોઇ પણ માણુસ મળ્યો નથી અને ખેલ કે તમાસાનું ભાન સરખુંએ નથી. અમે પ્યાલામાંથી જળનું બિન્દુ ન ઢોળાય તેમાં એટલા બધા ગરક થઇ ગયા હતા કે બીજું કશું અમે જોઇ શકયાજ નથી. " તે ઉપરથી તે રાજા બોલ્યોઃ—

"So, Gentleman where there is sufficient interest, concentration is possible."

સદ્‌ગૃહસ્થો ! આ ઉપરથી તમે જોઇ શકયા હશો કે "**જે વિષયમાં માણુસને રસ–આનંદ પડે છે, તે વિષય ઉપર ચિત્તની એકાગ્રતા કરવી સંભવી શકે છે.**" આ સ્થળે મરણુના ભયથી તેઓ એકાગ્રતા કરી શકયા હતા. જો **મરણુનો ભય** મનની એકાગ્રતા કરાવી શકે તો **આત્મદર્શનનો પ્રેમ** માણુસને કેમ એકાગ્ર ન બનાવી શકે ? જે વિષય કેવળ નીરસ લાગતો હોય તે વિષય ઉપર પણુ આત્માની શક્તિથી મનને સ્થિર કરી શકાય; કારણુ કે જેમ ઇન્દ્રિયોનો સ્વામી મન છે, તેમ મનનો સ્વામી આત્મા છે.

આ રીતે મનને એકાગ્ર કરવાની ટેવ પાડવાથી માણુસ એટલે સુધી વધે છે કે જે વસ્તુ અથવા વિષય ઉપર મનને એકાગ્ર કરવા ધારે તે ઉપર તે એકાગ્ર કરી શકે છે અને ઘણા લાંબા સમય સુધી તે એકાગ્રવૃત્તિ રાખી શકે છે. આ સ્થિતિએ પ્હોંચેલો મનુષ્ય **ધ્યાન** કરવાને લાયક થાય છે. ધ્યાનની વ્યાખ્યા મહર્ષિ પતંજલિ આ પ્રમાણે આપે છેઃ **तत्र प्रत्यैकतानता ध्यानम्** ॥

કોઇ વસ્તુની સાથે એકતાન થઇ જવું તે ધ્યાન. આ ધ્યાનનો માર્ગ વળી મનની એકાગ્રતા કરતાં પણુ વધારે વિકટ છે; કારણુ કે જે

વિષયનું ધ્યાન કરતા હોઇએ, તેની સાથે એકતાન થવાનું, અને તે સંબંધી જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે. એકાગ્રતાથી વશ્ય કરેલા મનરૂપી સાધનને જ્ઞાન મેળવવામાં વાપરવાનું છે; આ કામ પણ, ઉપર લખ્યા પ્રમાણે વિશેષ દુષ્કર છતાં સાધ્ય છે, બની શકે તેમ છે; કારણ કે ભૂતકાળમાં અનેક પુરૂષો તે કરી શકયા હતા અને વર્તમાન કાળમાં પણ તેવું કાર્ય અનેક પુરૂષો કરી શકે છે; માટે તમે પણ તે કાર્ય કરી શકશો. જ્યારે મનને તમે સાધન તરીકે વાપરવાનું સામર્થ્ય ધરાવી શકો, ત્યારે ધ્યાન માર્ગને વાસ્તે પ્રવૃત્ત થાઓ. જે સમયે તમને કોઇ પણ ઉપદ્રવ ન કરી શકે તેવો સમય પસંદ કરો, અને જો તમારાથી બને તો પ્રાતઃકાળનો સમય પસંદ કરો. (હાલ આપણે એટલા બધા આળસુ અને પ્રમાદી બની ગયા છીએ કે સૂર્યોદય થયા પછી પણ લાંબો સમય આપણે પથારીમાં ઘોરીએ છીએ, અને સૂર્યાસ્ત પછી કૃત્રિમ પ્રકાશથી વાંચીને આપણાં અમૂલ્ય નેત્રરત્નોને નુકસાન કરીએ છીએ; તથા નાની વયમાં ચશ્મા પહેરવા પડે છે.) પણ જો પ્રાતઃકાળનો સમય અનુકૂળ ન આવતો હોય તો બીજો કોઇ સમય પસંદ કરો; પણ જે સમય પસંદ કરો **તે સમયેજ** દરરોજ ધ્યાન કરવા પ્રવૃત્તિ કરો અને નિયમસર ધ્યાનને સારૂ પ્રયત્ન કર્યા સિવાય એક પણ દિવસ ખાલી–નિરર્થક જવા દેતા નહિ. જો આપણે કોઇ પણ પ્રકારની કસરત કરતા હોઇએ તો શરીરને કેળવવાને એક દિવસ સખ્ત કસરત કરવી અને એક અઠવાડિયા સુધી બિલકુલ કસરતજ ન કરવી, તેના કરતાં નિત્ય ધીમે ધીમે કસરત કરવાથી શરીરને બહુજ લાભ થાય છે; તેજ રીતે ધ્યાનની બાબતમાં પણ નિયમિતતા બહુ લાભકારી છે.

ત્યારે હવે જે સ્થળે તમને કોઇ ઉપદ્રવ કરી શકે નહિ, અથવા તમારા કાર્યમાં કોઇ વિક્ષેપ નાંખી શકે નહિ, તેવું કોઇ સ્થળ પસંદ કરી ત્યાં સ્વસ્થ ચિત્તથી નિરાંતે બેસો અને જે વિષયમાં ઉચ્ચ અને ઉપયોગી વિચારની બહુ જરૂર હોય તેવો કોઇ ગંભીર વિષય ધ્યાનને સારૂ ચૂંટી કાઢો તથા નવી પ્રાપ્ત કરેલી એકાગ્ર શક્તિવાળું તમારૂં મન

તે તરફ ફેરવો; તો તમને તે વિષયમાંથી કદાપિ નહિ અનુભવેલું જ્ઞાન સ્વયમેવ સ્ફુરી આવશે. જ્ઞાતા અને જ્ઞેયનો સંબંધ થતાં જ્ઞાન સ્ફુરે એ સ્વાભાવિક નિયમ છે. આ વિશ્વમાં ધ્યાન કરવા લાયક વિષયોની ખામી નથી. જો તમને યોગ્ય લાગતું હોય તો જૈન ધર્મમાં દર્શાવેલી ચાર અથવા બાર ભાવના અથવા દશવિધ યતિધર્મ ઉપર ધ્યાન કરો, અથવા શુક્લ ધ્યાન અને ધર્મધ્યાનના ચાર ચાર પાયા-વિભાગનું ધ્યાન કરો. જો તમારી રૂચિ હોય તો બુદ્ધધર્મમાં વર્ણવેલાં ત્રણ રત્ન, પંચશીલ, અથવા દશશીલનું ધ્યાન કરો. જો તમારો ભાવ થતો હોય તો ભગવદ્‌ગીતાના સોળમા અધ્યાય તરફ તમારૂં લક્ષ ફેરવો; અને તેમાં જણાવેલા દૈવીસંપતૂના ગુણોમાંથી એકેક લેઇ તે ઉપર ધ્યાન કરો. તે ગુણોનાં નામ નીચે પ્રમાણે છે.

> अभयं सत्त्वसंशुद्धिः ज्ञानयोगव्यवस्थितिः ।
> दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम् ॥१॥
> अहिंसा सत्यमक्रोधस्त्यागः शान्तिरपैशुनम् ।
> दया भूतेष्वलोलुप्त्वं मार्दवं ह्रीरचापलम् ॥२॥
> तेजः क्षमा घृतिः शौचमद्रोहो नातिमानिता ।
> भवन्ति संपदं दैवीमभिजातस्य भारत ॥३॥

અભય, શુદ્ધ અંતઃકરણ, જ્ઞાનયોગમાં સ્થિરતા, દાન, દમ, યજ્ઞ, સ્વાધ્યાય, તપ, સરલતા, અહિંસા, સત્ય, ક્રોધ, ત્યાગ, શાન્તિ, ચીડીયાપણાનો અભાવ, પ્રાણી માત્ર તરફ દયા, લોલુપતાનો નાશ, નમ્રતા, વિનયમર્યાદા, સ્થિરતા, તેજ, ક્ષમા, ધૈર્ય, પવિત્રતા, દ્રોહનો અભાવ, માનનો અભાવ,—આ સર્વ સદ્‌ગુણો, હે અર્જુન ! દૈવીસંપતૂવાળાના હોયછે.

ઉપર જણાવેલી ભાવનાઓ, અથવા સદ્‌ગુણોમાંથી એકાદ ભાવના અથવા ગુણ લેઇ પોતાને અનુકૂળ પડે તે રીતે ધ્યાન કરવું. ધ્યાનમાર્ગના અજ્ઞાની પણ જિજ્ઞાસુઓને ધ્યાન કરવાની એકાદ રીત દાખલા તરીકે જણાવવાથી અત્યંત લાભ થશે, એમ વિચારી અત્રે તે જણા-

વવામાં આવે છે. તે ગુણની શી આવશ્યકતા છે? કુદરતમાં તે કેવી રીતે પ્રકટ થયેલો છે? મહાપુરૂષોએ કેવી રીતે પોતાના વર્તનમાં તે બતાવ્યો હતો? તમે પણ તે સદ્દગુણને તમારા જીવનવ્યવહારમાં કેવી રીતે લાવી શકો? ભૂતકાળમાં તે સદ્ગુણ ખીલવવામાં તમને શી શી ખામીઓ–અડચણો નડી હતી? તે ખામીઓ કેવી રીતે દૂર થઇ શકે? આવી રીતે તે સદ્દગુણનું ધ્યાન કરવાથી તે સદ્ગુણનો યથાર્થ ખ્યાલ તમને આવશે; તમારૂં મન કેળવાશે એટલુંજ નહિ પણ નિરંતર તમારા મન આગળ સારા વિચારોની આકૃતિઓ રમશે અને બીજા સારા વિચારોને જન્મ આપશે. માણસનું ચારિત્ર (character) તેના શુભ કે અશુભ વિચારોપર આધાર રાખતું હોવાથી, આ સદ્ગુણનું ધ્યાન કરતાં ઉદ્દભવેલા શુભ વિચારોથી તે મનુષ્યનું ચારિત્ર પણ ઉત્તમ પ્રકારનું થશે; અને જેમ જોસભેર ફરતા ચક્રના સંબંધમાં આવતી વસ્તુને તે ચક્ર દૂર ફેંકી દે છે, તેમ શુભ વિચારના બળથી ચાલતું તેનું માનસિક ચક્ર અશુભ વિચારોને સ્વયમેવ દૂર ફેંકી દેશે. પણ આવા **સદ્ગુણો** ઉપર ધ્યાન કરવાને આપણે સમર્થ થઇએ તે પહેલાં **વસ્તુઓ** ઉપર ધ્યાન કરવાની જરૂર છે. સુંદરતા ઉપર ધ્યાન કરતાં પહેલાં સુંદર વસ્તુ ઉપર ધ્યાન કરતાં શીખો. પ્રેમ ઉપર ધ્યાન કરતાં અગાઉ પ્રેમનાં પાત્રો ઉપર ધ્યાન કરતાં શીખો. ગુણી સિવાય ગુણનો વિચાર કરવો એ નિરાલંબન ધ્યાન બહુ દુષ્કર છે, માટે પ્રથમ સાલંબન ધ્યાનથી પ્રારંભ કરો.

જ્યારે આ સ્થિતિ તમે યથાર્થ મેળવી શકો અર્થાત્ જ્યારે તમે તમારી મરજી પ્રમાણે તમારા મનને ધ્યાન કરવામાં વાપરી શકો, અને કોઇ પણ અનિષ્ટ વિચારને તમારી ઇચ્છાવિરૂદ્ધ તમારા ધ્યાનના સમયમાં તમારા મનમાં ઘૂમવા દો નહિ, ત્યારે લાયક અધિકારી બનો છો. તે પગલું સમાધિનું છે. પણ જ્યાં સુધી ભમતા મનને આપણે નિગ્રહમાં ન આણી શકયા હોઇએ, ત્યાં સુધી સમાધિમાં ફત્તેહ મેળવવાની આશા રાખવી વ્યર્થ છે.

ધ્યાન કરતી વખતે તમને લાગશે કે તમારા વિચારો કોઇક જૂદીજ પ્રણાલિકામાં ખેંચાઇ જાય છે. ઘણે દૂર ગયા પછી, તમે તે જાણી શકો છો અને પછી ચમકો છો, પણ આથી તમારે જરા પણ ગભરાવું નહિ; કારણ કે ધ્યાનમાર્ગના દરેક અભ્યાસીને આવો અનુભવ થાય છે. તમારા ભટકતા મનને ઇચ્છિત વિષયપર ચોંટાડવું; આ કામ સો વાર કરવું પડે, હજાર વાર કરવું પડે, છતાં જરા પણ હિંમત હારવી નહિ, તેમ અભ્યાસ છોડી દેવો નહિ; કારણ કે મનનો સ્વામી આત્મા અનંત શક્તિવાળો છે અને મનને પોતાની ઇચ્છાનુસાર પોતાના સામર્થ્યથી ચલાવી શકશે, એ નિઃસંદેહ છે.

જ્યારે તમે મનને આ પ્રમાણે નિગ્રહમાં આણી શકો અને તમારી ઇચ્છાનુસાર ધ્યાનમાર્ગમાં પરોવી શકો, ત્યારે જે તમારૂં સાધ્યબિન્દુ છે તે પ્રાપ્ત કરવાનું યોગ્ય સાધન તમને મળ્યું એમ જરૂર માનજો. જો કે મનોનિગ્રહ અને ધ્યાન એ સામાન્ય લાભ નથી છતાં સમાધિની અપેક્ષાએ મનોનિગ્રહ અને ધ્યાન એ સાધનો છે, તે ભૂલવું જોઇતું નથી.

હવે કોઇ પણ એકાદ સદ્‌ગુણનું ધ્યાન કરવાને બદલે, સર્વ સદ્‌ગુણોના કેન્દ્રસ્થાનરૂપ ઉચ્ચમાં ઉચ્ચ પુરૂષનું આલંબન ગ્રહણ કરો. તમે ગમે તે નામ લ્યો, તેથી તેના સ્વરૂપમાં ફેર પડતો નથી. દાખલા તરીકે બૌદ્ધધર્માનુયાયી બુદ્ધનું ચિંતન કરશે; હિંદુઓ કૃષ્ણ, **રામ** કે શિવનું ચિંતન કરવા પ્રેરાશે; જૈનો ચોવીસમાંના એકાદ તીર્થંકરનું અથવા મહાવિદેહક્ષેત્રમાં વિચરતા **સી**મન્ધર સ્વામીનું ધ્યાન કરશે. ગમે તે ઉચ્ચ પુરૂષ લ્યો, પણ તમારે મન તે ઉચ્ચમાં ઉચ્ચ હોવો જોઇએ.

જે પૂજ્યભાવ, પ્રેમ અને ભક્તિ તમે બતાવી શકો તે તમારામાં જેનાથી ઉત્પન્ન થાય તેવા એકાદ મહાપુરૂષ–મહાત્માનું ધ્યાન કરો. પ્રથમ સદ્‌ગુણ ઉપર તમે ધ્યાન કરતા હતા તેને બદલે, આ તમારી ઉચ્ચ ભાવનાના નમૂનારૂપ મહાન્ પુરૂષની માનસિક છબી, તમારી માનસિક શક્તિથી જેવી બની શકે તેવી ભવ્ય બનાવો. આ

ઉચ્ચમાં ઉચ્ચ પરમાત્મસ્વરૂપ તરફ તમારી ભક્તિનો પ્રવાહ વહેવા દો. તમારા સઘળા સામર્થ્યથી તેનું ઉચ્ચ સ્વરૂપ અનુભવવાને પ્રયત્ન કરો. તેની સાથે ઐક્ય પ્રાપ્ત કરવા, અને તેનો આનંદ અને જ્ઞાન અનુભવવા પ્રવૃત્ત થાઓ. આ પ્રમાણે સ્થાયી પ્રયત્નથી અને સ્થિરતાથી આ કાર્ય નિરંતર કરતા રહેશો તો ઉચ્ચ જીવનનો તમને અનુભવ થશે; અર્થાત્ સમાધિની એકાગ્રતામાં, ભક્તિના તાનમાં સ્થૂલ શરીરની બહાર નીકળેલા તમે તમને અનુભવશો. આ શરીરથી જૂદા ઉભા રહી શરીર તરફ તમે પહેલી વારજ જોશો તે સમયે શરીરને એક સાધનરૂપ ગણતાં શીખશો. દેહાધ્યાસ પ્રથમજ છૂટશે. દુનિયાનું સ્વરૂપજ બદલાયેલું લાગશે.

ખરૂં જીવન શું છે તેનો તમને તેજ વખતે પ્રથમ અનુભવ થશે. ભૂખ નહિ, તરસ નહિ, થાક નહિ, તેવા સૂક્ષ્મ શરીરમાં પ્રવેશવાથી જે આનંદ અને સંતોષ તમને થશે તે દુનિયાના કોઇ પણ સુખ કરતાં અનંતગણો થશે. પણ આવી ઉચ્ચ સ્થિતિ લાંબો સમય ટકતી નથી. એક વાર ફરીથી અંધકાર તમારી ચક્ષુ ઉપર વિંટળાઇ વળે છે; પણ હવે દુનિયા તમને જૂદીજ ભાસે છે. દુનિયાનું આકર્ષણ, પ્રમાણમાં, હવે બહુજ અલ્પ થાય છે. પણ જો તમે નિરંતર સમાધિને સારૂ પ્રયત્ન કરતા રહેશો તો ફરીથી તેવો પ્રકાશ તમે અનુભવી શકશો. આ વખતે પ્રકાશ જરા વધારે વાર ટકી શકશે, આમ કરતાં કરતાં એવો સમય આવશે કે જ્યારે જાગૃત અને નિદ્રા સ્થિતિ વચ્ચેનો પડદો તદ્દન અદૃશ્ય થશે અને તમને અનુભવ થશે કેઃ—

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥ १ ॥

“સર્વ પ્રાણીઓને જે રાત્રિ સમાન છે, તેમાં સંયમી જાગે છે; અને જેમાં પ્રાણીમાત્ર જાગે છે, તે દેખતા મુનિને રાત્રિતુલ્ય છે.” જાગતાં તેમજ ઉંઘતાં—દિવસે તેમજ રાત્રે તમે એક સરખું ભાન રાખી શકશો, અને તમે રાત્રિદિવસ પરોપકારનું શુભ કાર્ય કરવા સમર્થ થશો. પણ આ ભવ્ય સ્થિતિ તે સાધ્યબિન્દુ નથી. તે તો નિર્વાણદશાના સુખસાગરના બિન્દુતુલ્ય છે. પણ તે સ્થિતિમાં પણ તમને ઘણું જ્ઞાન

મળી શકશે; તમે કદાપિ નહિ અનુભવેલું અથવા નહિ ધારેલું જ્ઞાન તમારી મેળે ત્યાં પ્રાપ્ત કરી શકશો.

જો તમે સતત પ્રયત્ન કરતા રહેશો, અને શુદ્ધ જીવન ગાળશો, અને જે જે જ્ઞાન અને શક્તિઓ મળે તેનો પરોપકારાર્થે સદુપયોગ કરતા રહેશો તો આ સ્વપ્નાવસ્થા કરતાં પણ વધારે ઉચ્ચ સ્થિતિ જે સુષુપ્તિ અવસ્થા છે તે તમે અનુભવશો, અને અનુક્રમે તુરીયાવસ્થા -નિર્વાણદશા-મુક્તિ તમે મેળવી શકશો.

તમે કહેશો કે આ સર્વ મેળવતાં બહુ વર્ષ લાગશે. હું કબૂલ કરૂં છું કે ઘણાં વર્ષ લાગશે; કારણ કે જે સ્થિતિ પ્રાપ્ત કરતાં અનેક જન્મ જાય તે સ્થિતિ તમે એક જન્મમાં મેળવવાને આતુર થયેલા છો. પણ આ બાબતમાં વાસ્તે તમે જેટલો સમય ગાળો અથવા તમારી જેટલી શક્તિ વાપરો, તેનો સદુપયોગજ થશે એ વાતમાં જરા પણ શંકા કરવાનું કારણ નથી. અમુક માણસ આવી સ્થિતિ કેટલાં વર્ષમાં અથવા કેટલા જન્મમાં પ્રાપ્ત કરી શકશે તે કોઇ કહી શકે નહિ. તેનો આધાર બે બાબતોપર છે. તેનામાં આત્મબળ કેટલું છે, અને તેનું અવશેષ રહેલું કર્મ કેટલું છે, તે ઉપર તેની ઉન્નતિનો આધાર છે. તમે આટલાં વર્ષમાં આ સ્વપ્નાવસ્થા જેવી સ્થિતિ પણ પ્રાપ્ત કરી શકશો, તે કોઇથી કહી શકાય નહિ, પણ તમને એટલું તો ખાતરીથી કહી શકાય કે ભૂતકાળમાં તમારી પૂર્વે અનેક પુરૂષોએ પ્રયત્ન કરેલો છે, અને તેઓ કૃત્તેહમંદ નીવડયા છે, સઘળા મહાત્માઓ પ્રથમ તો તમારા જેવા સામાન્ય મનુષ્યોજ હતા; અને જેવી રીતે તેઓ ચડી શકયા તેવી રીતે આપણે પણ ચડી શકીએ. કેટલાક ઝડપથી ચડી શકે છે, કેટલાક ધીમેથી ચડે છે. પણ આ રાજયોગના માર્ગે જે જે આપણે પ્રાપ્ત કરીએ છીએ તે સર્વકાળને વાસ્તે છે. કારણ કે તે સર્વ આત્માની રિદ્ધિઓ છે, અને આત્મા અમર હોવાથી આત્માની રિદ્ધિઓ પણ અમર અને શાસ્વત છે; પણ આ ઉચ્ચ પદને સારૂ પ્રારંભ તો આ પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે ઇન્દ્રિયનિગ્રહથી કરવો જોઇએ.

પ્રકરણ ૮ મું.

કુંચી ૭ મી.

પ્રજ્ઞા-જ્ઞાન.

આ પ્રકરણમાં આપણે સાતમી અને છેલ્લી કુંચી પ્રજ્ઞાનો વિચાર કરવા યથાશક્તિ પ્રયત્ન કરીશું. સર્વ કુંચીઓનું આધારભૂત અને સર્વ કુંચીઓનું સાધ્ય બિન્દુ આ જ્ઞાનકુંચી છે. આપણે જે પ્રયત્ન કરીએ છીએ, તે સર્વનો ઉદ્દેશ જો આપણે તપાસીશું તો આપણને સ્હેજ ખ્યાલ આવશે કે દરેક મનુષ્ય સુખને સારૂ પ્રયત્ન કરે છે. તે સુખ કયાંથી મળશે તેની તેને ખબર નથી; અને તેથી સુખ મેળવવા જૂદી જૂદી વસ્તુઓ પ્રાપ્ત કરવા તે મથે છે. તે વસ્તુઓ તે પ્રાપ્ત કરી શકે છે, પણ તે વસ્તુઓ પ્રાપ્ત થતાં તેના ઉપરથી તેનો મોહ ઉતરી જાય છે. જેટલી તે ધારતો હતો તેટલી સુખકારક તે જણાતી નથી. વળી તે દુઃખગર્ભિત જણાય છે; તેથી બીજી વસ્તુઓમાં સુખ શોધવા તે પ્રયત્નશીલ થાય છે. જ્યાં સુધી **આત્મજ્ઞાન** ન થાય, ત્યાં સુધી તે સુખ શોધ્યાજ કરે છે. ખરૂં સુખ, ખરો આનન્દ આત્મામાંજ રહેલો છે. જગત્‌ના પદાર્થો પણ સુખ આપી શકે છે, એ વાત ખરી છે, પણ તે સુખ ઐન્દ્રજાલિક છે અને તે સુખ પ્રાપ્ત કર્યા પછી બીજા સુખની આકાંક્ષા રહે છે; માટે શાશ્વતસુખ પ્રાપ્ત કરવા ઇચ્છા રાખનારે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું ઘટિત છે. તે પ્રાપ્ત કર્યા પછી કાંઇ પણ પ્રાપ્તવ્ય રહેતું નથી; ત્યાં સુખની અવધિ આવે છે. આત્મા સ્વભાવે પરમાનંદસંપન્ન અને જ્ઞાનમય હોવાથી તે પોતાનો સ્વભાવ પ્રકટ કરે છે, એટલે જ્ઞાતારૂપે તે વ્યક્ત થાય છે, અને પરમ

આનંદને પ્રાપ્ત કરે છે. આત્મજ્ઞાન થતાં સર્વ જ્ઞેય પદાર્થ જણાઇ જાય છે. તેજ માટે સાંખ્યતત્વવેત્તાઓ ઉપદેશ આપે છે કેઃ—

सर्व पश्यतु वा मा वा तत्त्वमिष्टं तु पश्यतु ॥

" સર્વ વસ્તુઓ જાણો કે ન જાણો, પણ ઇષ્ટતત્ત્વ (આત્માને) તો જાણો." તેજ બાબત હૃદયમાં રાખી લખતા હોય તેમ ગ્રીક જ્ઞાનીઓ લખે છે કે "" Know thyself "–તારા આત્માનું જ્ઞાન મેળવ. જૈનાચાર્યો પણ બોધ આપે છે કે **एगं जाणइ सो सव्वं जाणइ** જે એક તત્ત્વને (આત્માને) યથાર્થ જાણે છે, તે સર્વ તત્ત્વને જાણે છે, કારણ કે આત્મામાં સર્વ વસ્તુઓનું દર્પણની માફક પ્રતિબિંબ પડે છે. પુરૂષાર્થસિદ્ધિ ઉપાય નામનો ગ્રંથ મંગલાચરણમાં જણાવે છે કેઃ—

तज्जयति परं ज्योतिः समं समस्तैरनन्तपर्यायैः ॥
दर्पणतल इव सकला प्रतिफलति पदार्थमालिका यत्र॥१॥

અર્થઃ—દર્પણની માફક જેમાં સર્વ અનન્ત પર્યાયો સહિત સકળ પદાર્થ સમૂહનું પ્રતિબિંબ પડે છે, તે પરમ જ્યોતિ (પરમાત્મતત્ત્વ) જયવંતું વર્તો. જેણે આત્મતત્ત્વને યથાર્થ જાણ્યું તે સર્વ જાણે છે; કારણ કે આત્મતત્ત્વમાં સર્વ પદાર્થનું પ્રતિબિંબ પડે છે. વિવેકચૂડામણિમાં શ્રી શંકરાચાર્ય લખે છે કેઃ—

शब्दजालं महारण्यं चित्तभ्रमणकारणम् ॥
अतः प्रयत्नाज्ज्ञातव्यं तत्त्वज्ञात्तत्त्वमात्मनः ॥

" શબ્દજાળરૂપ મોટું અરણ્ય ચિત્તને ભમાવવાના કારણરૂપ થાય છે, માટે તત્ત્વને જાણનાર પાસેથી પ્રયત્નથી આત્મતત્ત્વ જાણવું " બૌદ્ધ ધર્મ પણ અનિત્ય વસ્તુઓમાં રહેલા નિત્યતત્ત્વ શોધવાનો બોધ આપે છે. આ ઉપરથી આપણને જણાય છે કે સર્વ કોઇ આત્મજ્ઞાન મેળવવાનો બોધ આપે છે. તેજ સામ્ય બિન્દુ છે, તેજ ઉત્કૃષ્ટ પદ છે, તેજ પ્રાપ્તવ્ય છે, અને તેજ સર્વ સુખની સમાપ્તિની પરિસીમા છે, માટે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું એજ ઉત્તમ માર્ગ છે. મુણ્ડકોપનિષદ્ પણ જણાવે છે કેઃ—

भिद्यते हृदयग्रन्थिः छिद्यन्ते सर्वसंशयाः ।
क्षीयन्ते चास्य कर्माणि तस्मिन्दृष्टे परावरे ॥

જ્યારે પરમાત્મતત્ત્વ જણાય છે, ત્યારે હૃદયની ગાંઠ ભેદાય છે, સર્વ સંશયો છેદાય છે અને સર્વ કર્મ ક્ષય પામે છે. માટે પરમતત્ત્વને જાણવું જરૂરનું છે. હવે તે આત્મજ્ઞાન મેળવવાનું સાધન શું તે વિચારીએ. પણ આત્મજ્ઞાન વિચાર કરીએ તે અગાઉ એ જાણવું જરૂરનું છે કે મનુષ્ય એકદમ આત્મજ્ઞાન મેળવવા પ્રયત્ન કરતો નથી. પ્રથમ તો સંસારમાં મળી આવતા દરેક પદાર્થનું તે જ્ઞાન મેળવવા ઉદ્યમ કરે છે. સાયન્ટીસ્ટોની માફક કુદરતને તે નિહાળે છે, પ્રયોગો કરે છે, અને અનેક પ્રકારનું જ્ઞાન મેળવે છે; પણ વિશ્વમાં એટલું બધું જાણવાનું છે કે મનુષ્ય આખી જીંદગી સુધી ઉદ્યમ કરે તોપણ તે વિશ્વના અનંતમા ભાગનું પણ યથાર્થ જ્ઞાન મેળવી શકતો નથી. વૃક્ષનાં પાંદડાંનું જ્ઞાન મેળવવાનો અભ્યાસ કરતાં મન શ્રમિત થાય છે, અને પ્રયાસ અટકી પડે છે. પણ જો તે વૃક્ષનાં મૂળનું જ્ઞાન મેળવે તો બહુજ અલ્પ સમયમાં તે વૃક્ષનું યથાર્થ જ્ઞાન થઇ શકે. મૃત્તિકાનું જ્ઞાન મેળવવાને બદલે મૃત્તિકાના બનેલાં જૂદાં જૂદાં પાત્રોનો તે અભ્યાસ કરે છે; સુવર્ણનું જ્ઞાન પ્રાપ્ત કરવાને બદલે સુવર્ણના બનાવેલા જૂદા જૂદા અલંકારોનો તે અભ્યાસ કરે છે; પણ આ વસ્તુનો સમૂહ એટલો બધો છે કે તે અંતે થાકી જાય છે; મોટા મોટા સાયન્ટીસ્ટો એક બાબતમાં પણ સંપૂર્ણ નિપુણતા બતાવી શકતા નથી, તો પછી સર્વ પદાર્થનું જ્ઞાન તેઓ શી રીતે મેળવી શકે ?

ત્યારે શું સર્વજ્ઞપણું કોઇને સંભવતુંજ નથી ? શું કોઇ મનુષ્ય સર્વ જ્ઞાન ન જ મેળવી શકે ? સાયન્સની રીતે તો કદાપિ સર્વ જ્ઞાનનો સંભવ નથીઃ કારણ કે પ્રકૃતિનાં (matter) રૂપો એટલાં બધાં છે કે મનુષ્ય પોતાની ટૂંક સમયની જીંદગીમાં કદાપિ તે સર્વ રૂપોનો અભ્યાસ કરી શકેજ નહિ. જોકે સૂક્ષ્મદર્શક યંત્ર અને દૂરબીન તથા જૂદાં જૂદાં બારીક યંત્રો અને સાધનો સાયન્ટીસ્ટો પાસે છે, છતાં પણ સંપૂર્ણ

જ્ઞાન મળવાનો સંભવ નથી. આ ઉપરથી લેખકના કહેવાનો એવો આશય નથી કે સાયન્ટીસ્ટોએ કરેલી શોધો અને પ્રયોગો નિરર્થક છે પણ તેથી ઉલટું સાયન્સના પ્રયોગો કરતાં તે પ્રયોગ કરનારામાં ધૈર્ય, ખંત, ઉદ્યોગ, નિરીક્ષણ, સત્યશોધક વૃત્તિ વગેરે જે સદ્‌ગુણો ખીલે છે, તેની કિમ્મત થઇ શકે તેમ નથી, અને તે સદ્‌ગુણો આત્મજ્ઞાનીને પણ તેના માર્ગમાં બહુ જરૂરના છે. પણ સર્વ જ્ઞાનને માટે બીજો એક માર્ગ છે, જે આર્યાવર્તમાં પરાપૂર્વથી પ્રચલિત છે. તેમાં બાહ્ય સાધનની જરા પણ જરૂર નથી. જ્ઞાન મેળવવાને આપણે દૂર જવું પડતું નથી, તેમાં પુસ્તકોની આવશ્યકતા નથી, તે સારૂ મુસાફરી કરવી પડતી નથી, તેમાં ઇન્દ્રિયોની જરૂર જણાતી નથી, પણ તેમાં અંતર્મુખ વળવું પડે છે. ત્યાં જ્ઞાનસૂર્ય પોતાના તેજસ્વી સ્વરૂપમાં પ્રકાશે છે અને તે આત્માના પ્રકાશથી સર્વ વસ્તુઓ સ્વયમેવ જણાઇ આવે છે. ઉપર જણાવ્યા મુજબ આત્મામાં સર્વ વસ્તુઓનું—તેઓના ગુણપર્યાય સહિત પ્રતિબિંબ પડે છે, અને આત્મરૂપ સૂર્યનું સંપૂર્ણ પ્રતિબિંબ શાંત, કલ્લોલ રહિત અને સ્વચ્છ મનસરોવર પર પડે છે. માટે આ ઉપરથી સિદ્ધ થાય છે કે આત્મજ્ઞાન મેળવવાને જરૂરની બાબત મનની **શાંતતા, પવિત્રતા અને મનઃસંયમ** છે. આને વાસ્તે શું કરવું તેની આપણે શોધ કરવા જવું પડે તેમ નથી; કારણ કે જે જ્ઞાનીઓને આત્મદર્શન થયેલું હતું તેવા પરોપકારી પુરૂષો જનસમુદાયના હિત ખાતર માર્ગ દર્શાવી ગયા છે; તે માર્ગનું પ્રથમ પગથિયું વિવેક છે. સદ્ અને અસદ્ અથવા નિત્ય અને અનિત્ય અથવા આત્મા અને જડ પદાર્થ વચ્ચેનો ભેદ તે વિવેક છે. તે ભેદ–વિવેકને જૈન શાસ્ત્રકારો સમ્યકત્વનું નામ આપે છે. વસ્તુનું યથાર્થ સ્વરૂપ જાણવું તે સમ્યકત્વ છે. બૌદ્ધધર્માનુયાયીઓ તેજ પગથિયાને 'મનોદ્વારાવર્જન' કહે છે. એટલે જ્યારે મનનાં દ્વાર ખુલ્લાં થઇ જાય છે, ત્યારે નિત્ય અને અનિત્ય તત્ત્વ વચ્ચેનો ભેદ સ્વયમેવ સમજાઈ જાય છે.

જ્યારે આ વિવેક ગુણ બરાબર ખીલે છે, જ્યારે નિત્ય અને

અનિત્ય વસ્તુનો ભેદ યથાર્થ જણાય છે, ત્યારે અનિત્ય અને ક્ષણિક વસ્તુઓ તરફ વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. જૈન ધર્મ કહે છે કે જ્ઞાનનું ફળ વિરતિ–વૈરાગ્ય છે. નિત્ય વસ્તુ–આત્મતત્ત્વ તરફ પ્રીતિ હૃદયમાં ઉદ્ભવ થતાં ક્ષણિક અને નાશવંત જડ પદાર્થો તરફ અરૂચિ ઉત્પન્ન થાય તે સ્વાભાવિક છે. અનિત્ય વસ્તુઓ નાશ પામે અથવા તેની હાનિ થાય, તોપણ તે ગ્લાનિ પામતો નથી. તે ક્ષણિક વસ્તુઓ ઝાઝો કાળ ટકવાની નથી, તો પછી તે મળે રાચવું શું? અને તે ન મળે તો દિલગીર થવું શું?

જ્યારે જગતના પદાર્થોની અનિત્યતા આ પ્રમાણે તે જાણે છે અને તે તરફ વૈરાગ્યવૃત્તિ ધારણ કરે છે, ત્યારે મન તેવા પદાર્થો તરફ આકર્ષાતું નથી. જગતૂના બાહ્ય પદાર્થોને સારૂ જે રાગદ્વેષ થાય છે, અને અનેક પ્રકારના કલેશકંકાસ તથા મલિન પરિણામ થાય છે, તે સર્વનો આ વૈરાગી મનુષ્યના સંબંધમાં અંત આવે છે. તે પોતાના મન ઉપર કાબુ રાખી શકે છે, તેના મનની શાંતિનો કદાપિ ભંગ થતો નથી, તે બહુજ સારી રીતે આત્મસંયમ કરી શકે છે; કારણ કે તેનું વૈરાગ્યવાળું મન બાહ્ય વસ્તુઓ ભણી દોડતું નથી.

મનઃસંયમ એ ઇન્દ્રિસંયમનું મુખ્ય કારણ છે. ઇન્દ્રિયોરૂપી ઘોડાને સંયમમાં રાખનાર મનરૂપ સારથી છે; ઇન્દ્રિયો મનરૂપી શેઠના ગુલામો છે. જેની ઇન્દ્રિયો વશ હોય, તેનું મન વશ હોય યા ન પણ હોય; પણ જેનું મન વશ છે, તેની ઇન્દ્રિયો તેને આધીન વર્તવાની, એમાં જરા પણ સંદેહ નથી. જે મનુષ્ય પોતાની કર્મેન્દ્રિયોને સંયમમાં રાખે છે, પણ મનથી ઇન્દ્રિયોના વિષયનું સ્મરણ કર્યાજ કરે છે, તે મનુષ્યને ભગવદ્ગીતામાં **મિથ્યાચારી** કહેવામાં આવેલો છે તે યથાર્થજ છે; કારણ કે જ્યાં સુધી મન વિરક્ત થયેલું નથી, ત્યાં સુધી બાહ્ય ત્યાગથી ઝાઝો લાભ નથી. વિષયોને ઇચ્છનારૂં મન અનુકૂળ સંયોગો મળતાં વિષય તરફ આકર્ષાય તો તેમાં કાંઈ નવાઇ જેવું નથી. માટે પ્રથમ મનોનિગ્રહદ્વારા ઇન્દ્રિયનિગ્રહ ઝટ થઇ શકશે.

મનની શાંતિ મેળવવા ઇચ્છનાર પુરૂષે એક સિદ્ધાંત સ્મરણમાં રાખવો ઘટિત છે કે જે જે સુખ દુઃખ પોતાના પર આવી પડે, તે તે સમભાવથી અને સહનશીલતાથી વેઠવાં, તે સુખદુઃખનું નિમિત્ત કારણ ભલે અન્ય પુરૂષ હોય, પણ ખરૂં ઉપાદાન કારણ તો પોતેજ છે. હાલની આપણી સ્થિતિ આપણે પૂર્વ જન્મમાં કરેલાં કાર્યો, વિચારો અને લાગણીઓનું પરિણામ છે. આપણી સ્થિતિ સુધારવી, આપણું ભવિષ્ય ઉન્નત બનાવવું, એ આપણી સત્તાની વાત છે, છતાં પૂર્વજન્મમાં આપણે કરેલાં કાર્યના પરિણામ રૂપે જે સુખદુઃખ આપણા પર હાલ આવી પડે તે સહનશીલતાથી ખમવામાંજ આપણું શ્રેય છે. તે દુઃખરૂપ ગુરૂ જે બોધ આપે તે ગ્રહણ કરવો અને મનની શાંતિમાં–મનની સ્વસ્થતામાં વિઘ્ન ન આવે તેમ વર્તવું.

આ ગુણને વેદાન્ત 'તિતિક્ષા' કહે છે. જે મનુષ્યે આ સદ્‍ગુણ ખીલવેલો છે, તે ગમે તેવા અનિષ્ટ, અને સામાન્ય મનુષ્યને ભયથી ચકિત કરી નાંખે તેવા સંયોગોમાં પણ પોતાના મનની સમતોલતા ધારણ કરી શકે છે.

મનની શાંતિ જાળવવાને એક બીજા પણ સદ્‍ગુણની આવશ્યક્તા છે. તે સદ્‍ગુણ ઉપરતિ છે. જૈન પરિભાષામાં તેને સમભાવ કહે છે. મનુષ્યો ઉન્નતિક્રમનાં વિધવિધ પગથિયાં પર ઉભેલાં હોવાથી, અને પોતપોતાનાં કર્મદ્વારા જૂદી જૂદી સ્થિતિમાં આવેલાં હોવાથી, બધાંના વિચારો તથા આચારો એક સરખા હોવાનો સંભવ નથી, 'કપાલે કપાલે જૂદી મતિ' એ ઉક્તિ આપણને શીખવે છે કે સર્વના વિચારો સર્વ બાબતમાં સમાન હોઇ શકે નહિ. તો આપણાથી વિરૂદ્ધ વિચારવાળા મનુષ્યનો પ્રસંગ પડતાં, આપણી પાસે જે શીખવવા લાયક હોય તેનો સામા મનુષ્યને બોધ આપવો, અને તેની પાસે જો કાંઇ અમૂલ્ય તત્ત્વ જાણવા જેવું હોય તો નમ્રતા અને આભારની લાગણીથી તે ગ્રહણ કરવું. આને પરમત સહિષ્ણુતા (tolerance) કહે છે. આ સદ્‍ગુણવાળો સર્વત્ર પ્રિય થઇ પડે છે; જે કોઇનો વિરોધી નથી, અને જેના

કોઇ વિરોધી નથી, તે મનુષ્ય મનની શાંતતા જાળવી શકે, તેમાં કાંઇ નવાઇ નથી. માટે મનની શાંતિ–સ્વસ્થતા સારૂ આ ગુણને ખાસ ખીલવવાની જરૂર છે. બીજા મતનું ખંડન કરવામાં આપણી શક્તિનો ૯૫ ટકા જેટલો વ્યય હાલમાં થાય છે, તેને બદલે જો તે શક્તિ આપણા ધર્મની ખૂબીઓ બતાવવામાં અને પર ધર્મમાં જે આવકાર-દાયક હોય તે ગ્રહણ કરવામાં વપરાતી હોય તો ધર્મને નામે થતી મારામારી અને કલેશકંકાસનો ઘણા અલ્પ સમયમાં અંત આવી જાય અને સર્વ ધર્મોવાળામાં ભ્રાતૃભાવની લાગણી ફેલાય તથા જ્યાં ત્યાં સમભાવ પ્રસરી રહે, સંબોધસિત્તેરી નામનો લઘુ જૈન ગ્રન્થ અસર-કારક શબ્દોમાં જણાવે છે કે " શ્વેતાંબર હોય કે દિગંબર હોય. બૌદ્ધ હોય કે કોઇ અન્ય ધર્માનુયાયી હોય, પણ જેના આત્મામાં સમ-ભાવ વસેલો છે, તે મોક્ષ મેળવશે એ નિઃસંદેહ છે." આવો સમભાવ જેના મનમાં વ્યાપી રહેલો છે, તેનું મન કદાપિ ઉદ્વેગ પામતું નથી. તે સર્વદા મનની શાંતિ રાખી શકે છે.

મનની શાંતિને સારૂ બીજો એક ગુણ આત્મશ્રદ્ધા છે. વીર્યના પ્રકરણમાં આ ગુણનું સવિસ્તર વર્ણન કરેલું છે, માટે તે સંબંધમાં વિશેષ નહિ લખતાં એટલુંજ જણાવવું બસ થશે કે ગમે તેવો પ્રબલ મોહરાજા અને તેના સુભટો દાબાવે, બાહ્ય સંયોગો ગમે તેવા વિકટ અને નિરુત્સાહી બનાવનારા જણાય, છતાં મનુષ્યે આત્મવિશ્વાસ ખોવો ન જોઇએ અને ચિંતાતુર થવું ન જોઇએ. આત્મા સ્વભાવે આનંદમય હોવાથી આપણે સર્વદા આનંદમાં રહેવું અને મનની શાંતિનો ચિંતાથી ભંગ થવા દેવો નહિ.

છેવટનો ગુણ મનની સમાધાનતાનો છે. ઉપર જણાવેલા સઘળા સદ્દગુણો જ્યારે હૃદયમાં ખીલે છે, ત્યારે મનુષ્ય મનની સમાધાનતા જાળવી શકે છે. સુખ અને દુઃખમાં તે હર્ષ અને શોક કરતો નથી, કારણ કે સુખ દુઃખ સર્વે ઉપાધિને–શરીરોને લગતાં છે, અને પોતે તે ઉપાધિ નથી, પણ તે ઉપાધિઓદ્વારા કામ કરનાર આત્મા છે. આત્મા

તો સાક્ષી છે અને તેથી ઉપાધિને લગતાં સુખદુઃખ આવવાથી તેણે મનોનિગ્રહ ખોવો નહિ, પણ મનની સમતોલવૃત્તિ જાળવી રાખવી. યુદ્ધમાં ભાગ લેનારનો વિજય થાય કે પરાભવ થાય, પણ પ્રેક્ષકને તેથી લાભ કે હાનિ નથી, તેમ ઉપાધિઓદ્વારા કાર્ય કરવા છતાં, જે પ્રેક્ષક–સાક્ષીની વૃત્તિ ધારણ કરી શકે છે, તે આત્મા સુખદુઃખમાં, જય અને અજયમાં નિર્લેપ રહી શકે છે. અહંવૃત્તિ–હું અમુક કાર્યનો કર્ત્તા છું એવી વૃત્તિજ મનુષ્યના મનોનિગ્રહનો અને મનની સમતોલવૃત્તિનો અંત આણે છે. માટે ફળની આશા સિવાય પોતાને જે કાર્ય કરવાનું આવી પડે તે કરવું, પણ તે કાર્યના ફળની આસક્તિ ન રાખવી; અને હું કાર્ય કરૂં છું કે હું તે ફળ ભોગવું છું એવા વિચારનો સર્વથા નાશ કરવો. આથી અલ્પ સમયમાં મનની સમાધાનતાનો ગુણ ખીલશે. આવી રીતે જેનું મન પવિત્ર થયેલું છે અને શાંત છે, અને જે મનોનિગ્રહ બરાબર કરી શકે છે, તે મનુષ્ય આત્મજ્ઞાન મેળવવાને યોગ્ય અધિકારી થાય છે. જેની ઇન્દ્રિયો અંતર્મુખ વળેલી છે, અને જેનુ મન શાંત અને કલ્લોલરહિત સરોવર તુલ્ય છે, તેના આત્મસૂર્યનો પ્રકાશ તે મન ઉપર પડે છે અને તેને આત્મજ્ઞાન થાય છે. આત્મામાં જગત્‌ની સર્વ વસ્તુઓનું પ્રતિબિંબ પડતું હોવાથી, આત્મજ્ઞાન થતાં સર્વ વસ્તુઓનું જ્ઞાન થઇ જાય છે, માર્ગ ખુલ્લો થઇ જાય છે, તેનાથી કાંઇ વસ્તુ અદૃશ્ય રહેતી નથી અને તેથી તેવો પુરૂષ જગત્‌ના હિતને ખાતર પોતાનું જ્ઞાન વાપરે છે. જ્ઞાન ગર્વ માટે નથી, પણ જગત્‌નું અજ્ઞાન દૂર કરવાને માટે છે, એ સિદ્ધાંતને અનુસરી, જ્ઞાનદ્વારા જાણેલાં તત્ત્વોનો તે બીજાને બોધ આપે છે, આત્માનું જ્ઞાનસ્વરૂપ સંપૂર્ણ ખીલે છે અને જગત્‌ની સર્વ વસ્તુઓનો તે જ્ઞાતા થાય છે. પણ આવું ઉચ્ચ પદ પ્રાપ્ત થાય, આવી જ્ઞાનની ઉત્કૃષ્ટ સ્થિતિ આપણે પ્રાપ્ત કરીએ, તે સારૂ મનને શાંત અને નિર્મળ બનાવવાની અને તે સાથે તેને સંયમમાં રાખવાની જરૂર છે. આ મનની શાંતિ, નિર્મળતા અને સંયમ પ્રાપ્ત કરવા સારૂ ઉપર જણાવેલા સદ્‌ગુણો ખીલવવાનો મનુષ્યે

આરંભ કરવો જોઇએ. એકદમ આપણે આપણા પ્રયત્નમાં ફત્તેહમંદ થઇ શકીશું નહિ, પણ જો તેજ બાબતને પ્રાધાન્ય વસ્તુ રૂપ ગણી, તે ઉપર આપણું સઘળું આત્મબળ વાપરીશું તો અન્તે વિજય પ્રાપ્ત કરીશું એ નિઃસંદેહ છે, અને તેવો વિજય સર્વ આત્માઓ પ્રાપ્ત કરો એવી હૃદયની પ્રાર્થના સહિત આ પ્રકરણની અને તેની સાથે સર્વ કુંચીઓના વર્ણનની સમાપ્તિ કરવામાં આવે છે. કૃપાળુ ગુરૂદેવે મારા જેવા અલ્પજ્ઞ સેવક પર ઉપકાર કરી આપેલી આ સાત સુવર્ણમય કુંચીઓનું યથાશક્તિ યથામતિ વિવેચન કર્યું છે. તેનું ખરૂં રહસ્ય તો આત્મજ્ઞાની સિવાય કોણ સમજાવવા સમર્થ છે ? છતાં આ લઘુ ગ્રંથમાં વર્ણવેલો એકાદ પણ વિચાર કોઇને સત્પથ તરફ વાળવા સમર્થ થશે તો આ લેખક પોતાનો આ પ્રયાસ સફળ થયેલો માનશે.

પ્રકરણ ૯ મું.

ઉપસંહાર.

હે કૃપાળુ ગુરો! હે મહાત્મન્! તમે સોંપેલું કામ આજે સંપૂર્ણ થયું છે. તે સુવર્ણની ના, ના, રત્નની–કુંચીઓ ઉપર મનન કરતાં જે જે વિચારો આ લેખકના હૃદયમાં સ્ફુર્યા, તેનો લાભ બીજાઓને પણ મળે તે માટે તે વિચારોને કેવળ મગજમાં નહિ રહેવા દેતાં પત્રપર પ્રકટ કર્યા છે. આ વિચારો લખવાનું મારૂં સામર્થ્ય ન હતું, પણ આપની પરમ કૃપાથી તે કાર્ય સમાપ્ત થયું છે. તે કુંચીઓનું ખરૂં રહસ્ય શું છે, તે તો મારાથી અજ્ઞાત છે, પણ મને જે રૂપમાં તે ભાસ્યું તે મેં પ્રગટ કર્યું છે, કદાચ મતિદોષથી કોઇ વિચાર અપૂર્ણ રૂપમાં પણ પ્રકટ થયો હશે, તો આ શિષ્યની મતિમંદતાનો વિચાર કરી તે આપ ક્ષમા કરશો. કહ્યું છે કે—

દયા ક્ષમાના ગુણ પ્રભુ ધારે,
એ આધાર અમારે;

હવે એકજ બાબત લખવાની રહે છે. કેટલાકને સ્વાભાવિક પ્રશ્ન થશે કે આ સાત કુંચીઓમાં દર્શાવેલા સાત સદ્ગુણો એક બીજા સાથે સંબંધ ધરાવે છે કે સંકલના રહિત છે? પ્રશ્ન બહુ ઉપયોગી છે, અને તે પ્રશ્નના સમાધાનથીજ આ પ્રકરણનો ઉપસંહાર લાવીશું. પ્રથમ દૃષ્ટિએ કોઇને એમ જણાય કે આ સદ્ગુણો તદ્દન અલગ છે અને તેમને એક બીજા સાથે કાંઇ પણ સંબંધ નથી; પણ જરા સૂક્ષ્મ દૃષ્ટિથી વિલોકનારને જણાયા વગર નહિ રહે કે આ સદ્ગુણો એક બીજાપર આધાર રાખે છે; અને જો એક સદ્ગુણ સંપૂર્ણ રીતે ખીલે

તો આડકતરી અને સીધી રીતે બીજા સદ્‌ગુણોને પુષ્ટિ મળે છે અને બીજો સદ્‌ગુણ ખીલવવાનું કામ અતિ સરલ થાય છે. આવા સંબંધ વિના પણ તેઓનો એક ઉત્તમ સંબંધ છે, બહુજ વિચાર કરવા લાયક છે.

જીવાત્મા પરમાત્મા બને તે સારૂ પરમાત્મામાં રહેલા ગુણો જીવાત્માએ પ્રકટ કરવાની ખાસ જરૂર છે, એ બાબત લખ્યા વિના પણ સમજાય તેવી છે. સમાન સમાનની એકતા થઇ શકે એ કુદરતનો અને વિશ્વનો નિયમ છે. તો પરમાત્મપદ પ્રાપ્ત કરવાને આપણે તે પદને લાયક થવું જોઇએ, અને તે સારૂ તે પદને ગ્યોગ્ય સદ્‌ગુણો ખીલવવા જોઇએ.

પરમાત્માના અનેક ગુણો છે, અનેક નામથી તેની સ્તુતિ થાય છે, અનેક સદ્‌ગુણોથી તે વર્ણવાય છે, પણ સર્વમાં એક નામ બહાર તરી આવે છે. તે **સચ્ચિદાનંદમય** કહેવાય છે. સદ્, ચિદ્ અને આનંદ આ પરમાત્માનાં ત્રણ સ્વરૂપો છે. તે ત્રણ સ્વરૂપો આપણામાં સંપૂર્ણપણે ખીલે તો આપણે પણ તે સચ્ચિદાનંદમય પરમાત્મપદ પ્રાપ્ત કરી શકીએ. આ સાત કુંચીઓદ્વારા આ ત્રણ સ્વરૂપો કેવી રીતે ખીલે છે, તે સંબંધમાં વિશેષ વર્ણન નહિ કરતાં એટલુંજ જણાવવું બસ થશે કે પ્રથમની ત્રણ કુંચીઓથી—દાન, શીળ અને ક્ષમાથી—આત્મા પ્રેમાળ અને દયાર્દ્ર બને છે તથા બીજાનું હિત કરવા તત્પર રહે છે. અને ખરો આનંદ પરોપકારમાંજ રહેતો હોવાથી આનંદ સ્વરૂપ ખીલવવામાં આ ત્રણ સદ્‌ગુણો અગત્યનો ભાગ ભજવે છે. વીર્ય અને વૈરાગ્ય સત્‌સ્વરૂપ ખીલવે છે, આત્મા અસ્તિત્વ ધરાવે છે, એ બાબત તો શંકાનું સ્થાનજ નથી; પણ વૈરાગ્યથી સર્વ અનિત્ય પદાર્થોની અસારતા જાણી તેમના તરફ અરૂચિ થવાથી તે આત્માભિમુખ વળે છે; અને વીર્ય પણ આત્મશક્તિમાં પ્રતીતિ આણે છે. આત્મા નિર્વિકારી, અચળ અને નિત્ય છે તેનું ભાન વૈરાગ્યથી થાય છે. આ રીતે સત્‌સ્વરૂપ ખીલવવામાં આ બન્ને ગુણો બહુજ જરૂરના છે અને છેવટના ગુણો—ધ્યાન અને જ્ઞાન—દ્વારા ચિત્‌સ્વરૂપ એટલે જ્ઞાનસ્વરૂપ ખીલે છે. જ્ઞાન મેળવવાનો ઉત્તમ માર્ગ ધ્યાન છે. કહેવાની જરૂર નથી કે દરેક કુંચીમાં ત્રણે સ્વરૂપો

ખીલવવાનું સામર્થ્ય રહેલું છે; છતાં મુખ્યત્વે કરીને ઉપર જણાવેલા વિભાગ પ્રમાણે પ્રથમની ત્રણ કુંચીઓ આનંદ સ્વરૂપ, વચમાંની બે સત્‌સ્વરૂપ અને છેવટની બે ચિત્સ્વરૂપ ખીલવે છે. આ રીતે આ કુંચીઓમાં દર્શાવેલા ગુણોદ્વારા મુમુક્ષુ ત્રણ સ્વરૂપ ખીલવી, પરમાત્મપદ પ્રાપ્ત કરે છે, તેણે આ સદ્‌ગુણો ખીલવવા લીધેલો શ્રમ સફળ થાય છે અને પરમ આનંદ અને જ્ઞાન પ્રાપ્ત કરી તેનો જગતના હિત ખાતર બોધ કરવા તે તત્પર થાય છે. ધન્ય છે તેવા જીવન્મુક્તોને! ધન્ય છે તેવા અર્હતોને! ધન્ય છે તેવા મહાત્માઓને! આવી ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરવાનું સામર્થ્ય દરેક આત્મામાં રહેલું છે માટે પોતે જે જે સ્થિતિમાં હોય, તે તે સ્થિતિમાંથી આગળનું પગલું ભરવા દરેક વાચકે પ્રયત્નશીલ થવું અને ધીમે ધીમે આ સદ્‌ગુણો ખીલવવા.

જો ખરા અંતઃકરણથી મનુષ્ય પ્રયત્ન કરે છે, તો વ્હેલું અથવા મોડું તેનું કાર્ય જરૂર સિદ્ધ થાય છે. માટે આત્મશક્તિમાં સંપૂર્ણ વિશ્વાસ રાખી નિર્મળ અંતઃકરણથી અને અડગ ધૈર્યથી આ માર્ગે ચાલવાનું જણાવી આ પ્રકરણ સમાપ્ત કરવામાં આવે છે. પરમાત્મા તે માર્ગપર ચાલવાનું બળ સર્વને આપો, એવી લેખકના હૃદયની પ્રાર્થના છે.

शुभं भूयात्। शांतिः शांतिः शांतिः ॥

મણિલાલ ન. દોશીએ રચેલાં પુસ્તકો.

બે રૂપીઆ **ધર્મબિન્દુ.** ૨—૦—૦

શ્રી હરિભદ્રસૂરિના રચેલા ધર્મબિન્દુનું ભાષાંતર છે. આમાં મૂળ સૂત્રોનું ભાષાંતર આપવા ઉપરાંત તે દરેક સૂત્ર ઉપર વિશાળ દૃષ્ટિથી, અને સ્વતંત્ર શૈલિથી સર્વ કોઇ સમજી શકે તેવી સરલ ભાષામાં વિવેચન કરવામાં આવ્યું છે.

આ પુસ્તકમાં માર્ગાનુસારિપણાના ૩૫ ગુણ, શ્રાવકના પાંચ અણુવ્રત તથા બારવ્રત, તેના અતિચારો, દીક્ષા લેનારમાં જોઇતા ૧૬ ગુણો, દીક્ષા આપનારમાં જોઇતા ૧૫ ગુણો, દીક્ષા વિધિ, ધર્મની વ્યાખ્યા, ધર્મનું ફળ, સ્વર્ગપ્રાપ્તિ તથા તીર્થંકરપદ પ્રાપ્તિના ઉપાયો, તથા મનુષ્ય ગૃહસ્થ ધર્મમાં પણ કેવી રીતે પોતાનું જીવન ઉન્નત કરી આત્મ કલ્યાણ કરી શકે, તેના માર્ગો વગેરે અનેક બાબતો આપવામાં આવી છે. તેમા ગ્રન્થ કર્તા શ્રીમદ્ હરિભદ્રસૂરિનું જીવન ચરિત્ર લંબાણથી આપવામાં આવ્યું છે. જૈનધર્મનું વ્યવહારિક જ્ઞાન મેળવવાને આ પુસ્તક અમૂલ્ય છે. પૃષ્ઠ ૪૫૦. **કિંમત બે રૂપિઆ.**

આદર્શ પુરૂષ યાને ગુરૂ મેળવવાનો માર્ગ.

જેમને આપણે જીવનમુક્તો કહીએ છીએ, તેવા મહાત્માઓ આ સમયે પણ વિશ્વમાં વસે છે, અને યોગ્ય અધિકારીઓને પોતાના શિષ્યો તરીકે સ્વીકારે છે. ઉઠો, જાગ્રત થાઓ, મહાન ગુરૂઓને શોધી કાઢો અને જ્ઞાન મેળવો એ ઉપનિષદ્‌નું વાકય આજે પણ ખરૂં છે. તેવા ગુરૂઓનું સ્વરૂપ અને તેમની સાથે સંબંધમાં આવવા ઇચ્છનારે કયા ગુણો ખીલવવા જોઇએ. તે વગેરે આ પુસ્તકમાં બતાવવામાં આવ્યું છે, પૃષ્ટ ૧૨૦ **કિંમત છ આના.**

रु. ०—१२—० **दिव्यजीवन.** બાર આના.

વિચારનો પ્રભાવ બતાવી તે દ્વારા મનુષ્યને સુખ, શાંતિ, આનંદ, આરોગ્ય અને નવું જીવન આપનાર, તેમજ આંતર જીવનના અનેક અટપટા પ્રશ્નોનો સ્પષ્ટ શબ્દોમાં ખુલાસો આપનાર અપૂર્વ ભોમીઓ. આ ગ્રંથના અઢાર પ્રકરણોનાં નામ વાંચવાથી આ ગ્રંથની ઉપયોગિતા સમજવામાં આવશે.

(૧) સુખનો રાજમાર્ગ (૨) શુભ માર્ગમાં પ્રયાણ
(૩) દૈવનું પ્રાબલ્ય (૪) ભય અને ચિંતા
(૫) મનુષ્યનું સામર્થ્ય (૬) આત્મદશાનો સાંકડો માર્ગ
(૭) ધૈર્ય (૮) સહિષ્ણુતા
(૯) કર્મયોગનો વિજય (૧૦) સર્વ આનંદરૂપ માનો
(૧૧) દુઃખનું રહસ્ય (૧૨) મન અને શરીરની અન્યોન્ય અસર
(૧૩) શારીરિકસ્વાસ્થ્યમાં મનનોહિસ્સો (૧૪) આદર્શ માનસિક દિવસ
(૧૫) શુદ્ધ વિચાર અને તેની આવશ્યકતા (૧૬) આંતર અને બાહ્ય જીવન
(૧૭) શાંતિ (૧૮) પરના આશયની તુલના

ક્રાઉન સોલ પેજી ૧૬૦ પૃષ્ટ. **કિંમત ૧૨ આના.** પાકું પુઠું **એક રૂપિઓ.**

रु. ०—८—० **ગુરૂદર્શન.** આઠ આના.

તત્ત્વવિદ્યાને આધારે આર્યધર્મમાં માન્ય ગણાતા ઉત્તમ નીતિના સિદ્ધાંતોને પ્રતિપાદન કરનાર આ પુસ્તક ગાયકવાડી કેળવણી ખાતાએ લાયબ્રેરી તથા ઇનામ માટે મંજુર કર્યું છે, તથા સરકારી કેળવણી ખાતાએ પણ પ્રાયમરી સ્કુલોમાં લાયબ્રેરી માટે મંજુર કર્યું છે. તેનું હિંદી ભાષામાં ભાષાંતર થયું છે, અને ટુંક મુદતમાં તેની બે આવૃત્તિઓ થઇ છે. તેમાં **દાન, શીલ, વૈરાગ્ય, ક્ષમા, વીર્ય, ધ્યાન અને જ્ઞાન** એ સાત સદ્દગુણો ઉપર ઉત્તમ રીતે વિવેચન કરવામાં આવ્યું છે, કીંમત ૦-૮-૦.

એક રૂપીઓ **થિઓસોફી લેખમાળા** ૧-૦-૦

ઉચ્ચ સિદ્ધાંતોને વ્યવહારમાં કેમ ઉતારવા, અને જગતમાં રહેવા છતાં આધ્યાત્મિક જીવન કેમ ગાળી શકાય, તેની ચાવી આ પુસ્તકના લેખોમાંથી જડી આવશે. લેખો મનન કરવા યોગ્ય હોઇ મનુષ્યને વિચાર કરતો બનાવે છે અને જીવનના અનેક પ્રશ્નોના ખુલાસા તેને મળી આવે છે. પુસ્તકમાં આપેલા પંદર લેખોનાં નામો ઉપરથી તમને તેની મહત્તા સમજાશે. તે લેખોનાં નામ નીચે પ્રમાણે છે.

(૧) ઉચ્ચ ભાવનાઓ	(૮) બાળ કેળવણી
(૨) હિંદુધર્મ નીતિની સાપેક્ષ ભાવના	(૯) ચારિત્ર રચના
(૩) શ્રદ્ધા અને અનુભવજ્ઞાન	(૧૦) અદૃશ્ય સાહાય્ય
(૪) નીતિનો પાયો	(૧૧) પ્રાતઃકાલનું ધ્યાન
(૫) કર્તવ્યનો નિયમ	(૧૨) વિશ્વદૃષ્ટિ
(૬) શાંતિનું સ્થળ	(૧૩) ગરીબાઇ
(૭) મરણ પાછળ રડનારને સંબોધન	(૧૪) ગત જન્મોની યાદ
	(૧૫) કેળવણી

પૃષ્ઠ ૩૦૦ કીંમત માત્ર **૧ રૂપીઓ**. પાકું પુંઠું દોઢ **રૂપીઓ.**

ફક્ત ત્રણ આના **મુક્તિનું રહસ્ય** ૦—૩—૦.

પ્રેમ, પ્રકાશ અને નિયમ—આ ત્રણ તત્ત્વો મનુષ્યના જીવનની શરૂઆતમાં વાસનાઓ સાથે મળીને મનુષ્યને તેના સાધ્યથી દૂર અવળે માર્ગે લઇ જાય છે. તેજ તત્ત્વો જ્યારે વાસનાથી છૂટા પાડે છે, ત્યારે મનુષ્યને, ઉંચે લઇ જવામાં પ્રબળ સાધન રૂપ બને છે. આ દૃષ્ટિથી આ પુસ્તક લખવામાં આવ્યું છે, અને તેમાં છેલ્લા પ્રકરણમાં પ્રેમનું રહસ્ય આપવામાં આવ્યું છે પૃષ્ઠ ૬૪. ક્રાઉન સોલ પેજી. કીંમત માત્ર **ત્રણ આના.**

પ્રેમ અને સેવા.

જગત્ દુઃખી છે. શાથી દુઃખી છે ? તેનું ખરૂ કારણ **ધનનો** અભાવ નહિ પણ ખરા **પ્રેમનો** અભાવ છે. જ્યાં ખરો **પ્રેમ** નથી, ત્યાં ખરી **સેવા** નથી. અત્યારે સેવા કરવાની ભાવના જગતમાં પ્રવર્તતી જાય છે. પણ તે સેવાની પાછળ સાચો **પ્રેમ** હોય તોજ સેવા થઇ શકે. આ પુસ્તકમાં પ્રેમ અને સેવાનું રહસ્ય બતાવવા ઉપરાંત માનુષી સ્નેહ દિવ્ય પ્રેમ કેમ બને તે બતાવવામાં આવ્યું છે, તેમજ પ્રભુના એક ભક્તે તેના માતુઃશ્રીને લખેલા પત્રો આપ્યા છે, અને ઉચ્ચજીવન ગાળવામાં વિચાર શો ભાગ ભજવે છે, તે બતાવવામાં આવ્યું છે. મૂલ્ય ૧ રૂપીઓ.

નવીન યુગનો આત્મા.

ભવિષ્યની પ્રજા પવિત્ર, પ્રેમાળ, ચારિત્રશીલ, અને ઉત્સાહી બને તે માટે કેવું જીવન ગાળવું જોઇએ, તેનો સંદેશ નવીન યુગનો આત્મા આપી રહ્યો છે. તે સાંભળી તમારા જીવનને ઉન્નત કરવું હોય તો આ પુસ્તક અવશ્ય વાંચો અને તમારા મિત્રોને-સ્નેહીઓને વંચાવો. કીંમત આઠ આના.

ચારિત્રમંદિર.

જો મનુષ્યે ચારિત્રના મંદિરમાં દાખલ થવું હોય તો વચન સંયમ, શરીર સંયમ અને કર્તવ્ય સંયમ કેવી રીતે કેળવવો તે સંબંધમાં હૃદયને સચોટ અસર કરે તેવો અનુભવજન્ય બોધ આપવામાં આવ્યો છે. મૂલ્ય છ આના.

મળવાનું ઠેકાણું—**મણિલાલ ન. દોશી.**

રતનપોળ—અમદાવાદ. ૧.